RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૩  શનિવાર, તા.૨૭-૦૪-૨૦૨૪  અંક : ૧૬૦ વર્ષ : ૨૧  news@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

## કાળઝાળ ગરમી વચ્ચે રાજકીય ગરમાવો : પ્રચારના છેલ્લા દિવસો

# ગુજરાતમાં હેટ્રિક સાથે ૨૬ કમળ ખીલશે: અમિત શાહ

ભાવનગર,

૭મી મેએ ત્રીજા તબક્કાની સાથે ગુજરાતની ૨૫ બેઠક પર મતદાન યોજાવાનું છે ત્યારે હવે મતદારોને રીઝવવાના માત્ર નવ દિવસ બાકી રહ્યા છે. સુરત બેઠક બિન હરીફ થતા ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ વધી ગયો છે. પરંતુ બીજા તબક્કામાં અન્ય રાજ્યોમાં કાળઝાળ ગરમીને કારણે મતદાન ઓછુ રહેતા નેતાઓને ચિંતા વધી છે. પ્રચારના અંતિમ દિવસો દરમિયાન વડાપ્રધાન મોદી પણ ગુજરાત આવી રહ્યા છે. આજે અમિત શાહ, પ્રિયંકા ગાંધી પણ ગુજરાતમાં છે આમ ખરો રાજકીય માહોલ હવે જામી રહ્યો છે.

જામ કંડોરણા ખાતે સભાને સંબોધતા અમિત શાહે ભારત માતા કી જય સાથે કહ્યું, તમારો મત સીધો નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા માટે જવાનો છે, ૧૦ વર્ષમાં મોદી સાહેબે દેશ દુનિયામાં ગુજરાતનું નામ પણ ઉજળું કર્યું છે. એક હજાર વર્ષ કરતા વધુ સમય દેશના લોકો મોદી સાહેબના કામને યાદ કરશે. કાશ્મીર આપણું છે અને કોંગ્રેસ પ્રમુખ કહે છે રાજસ્થાન અને ગુજરાતને કાશ્મીર સાથે શું લેવા દેવા, મારો જામકંડોરણાનો એક એક યુવાન કાશ્મીર માટે જીવ દેવા તૈયાર થઇ જાય એ કોંગ્રેસને ખબર નથી. ૩૭૦ કલમ કોંગ્રેસ દખતર પાર્ટીની જેમ ખોળામાં રાખતા.

મારા મિત્ર વિઠ્ઠલ રાદડિયાને મનથી શ્રધ્ધાંજલી આપું છું, વિઠ્ઠલભાઈ સહકારી ક્ષેત્રે મૂળિયાં પાતાળ સુધી ઊંડા કર્યા છે, સરકારની સામે પણ ખેડૂતોના પ્રશ્નો તેમણે ઉઠાવ્યા છે, અત્યાર સુધી ૨૩૯ લોકસભા ક્ષેત્ર બાદ આજે જામકંડોરણા આવ્યો છું. બન્ને ચરણમાં રાહુલ બાબાના સૂપડા સાફ થઇ ગયા છે.



## મારી ભૂલ છે મોદી સામે આક્રોશ શા માટે? જાહેર મંચ પરથી રૂપાલાની ફરી ક્ષત્રિય સમાજને વિનંતી

### સમજણનો નવો સેતુબંધ બાંધવા પ્રયાસ કરીએ, રૂપાલાએ વિનંતી સાથે જણાવ્યું

રાજકોટ,

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલી વિવાદિત ટિપ્પણી બાદ આજે પણ ક્ષત્રિય સમાજમાં ભારે રોષની લાગણી રાજકોટ સહીત સમગ્ર રાજ્યમાં જોવા મળી રહી છે. વિવાદિત ટિપ્પણી બાદ બે વખત માફી માંગ્યા બાદ જાહેર મંચ ઉપરથી આજે ફરી એક વખત પુરુષોત્તમ રૂપાલાએ વિનંતી સાથે જણાવ્યું હતું કે, મારી ભૂલના કારણે મોદી સાહેબ સામે રોષ ન થવો જોઈએ.

મોદી સાહેબની વિકાસયાત્રામાં અનેક ક્ષત્રિય જોડાયેલા છે. ક્ષત્રિય સમાજે રાષ્ટ્રના ઘડતરમાં મહત્વનો ફાળો આપ્યો છે. સમજણનો નવો સેતુબંધ બાંધવા આપણે સૌ પ્રયાસ કર્યો. રાજકારણ કે હારજીત માટે નહીં પરંતુ સમાજ જીવનનો આ પ્રશ્ન છે માટે આ પ્રશ્ન રાજકારણથી દૂર રાખી ક્ષત્રિય સમાજ કોશિશ કરશે તેવી વિનંતી છે.



## હૂતીએ ભારત આવતા ઓઈલ ટેન્કર પર મિસાઈલથી કર્યો હુમલો



### પેલેસ્ટાઈનીઓના સમર્થનમાં વાણિજ્યિક જહાજો પર હુમલો

નવીદિલ્હી,

લાલ સાગરમાં હૂતી વિદ્રોહીઓનો ફરી એક વખત આતંક સામે આવ્યો છે. યમનના હૂતી વિદ્રોહી સંગઠને કહ્યું કે, તેમની મિસાઈલોએ લાલ સાગરમાં એન્ડ્રોમેડા સ્ટાર ઓઈલ ટેન્કરને નિશાન બનાવ્યું છે. વિદ્રોહી સંગઠન અનુસાર, આવું એટલા માટે કર્યું કારણ કે તે ગાઝા યુદ્ધમાં ઈઝરાયેલ સામે લડી રહેલા પેલેસ્ટાઈનીઓના સમર્થનમાં વાણિજ્યિક જહાજો પર હુમલો કરી રહ્યાં છે.

ન્યૂઝ એજન્સી અનુસાર, બ્રિટિશ દરિયાઈ સુરક્ષા ફર્મ એમ્બ્રેએ કહ્યું કે જહાજના માલિકે જહાજના નુકસાન થવાની સૂચના આપી છે. હૂતીના પ્રવક્તા યાહ્યા સારેયાએ કહ્યુ કે આ સરેયાએ કહ્યું કે પનામા-ધ્વજ નામનું શિપ બ્રિટિશ માલિકી ધરાવતું હતું પરંતુ એલએસઈજી ડેટા અને એમ્બ્રેના અનુસાર, શિપિંગ ડેટાથી ખબર પડે છે કે તેને તાજેતરમાં જ વેચવામાં આવ્યું હતું. તેના વર્તમાન માલિક સેશેલ્સ રજિસ્ટર્ડ છે. આ ટેન્કર રશિયા સાથે જોડાયેલા વેપારમાં લાગેલું હતું. એમ્બ્રેએ કહ્યું, આ પ્રિમોર્સ્ક, રશિયાથી વાડિનાર, ભારતના રસ્તામાં હતું. મહત્ત્વપૂર્ણ છે કે ઈરાન-ગઠબધન હૂતી ઉગ્રવાદીઓએ નવેમ્બર પછી લાલ સાગર, એડનની ખાડીમાં વારંવાર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા છે, જેનાથી જહાજોને દક્ષિણ આફ્રિકાની આસપાસ લાંબી અને મોંઘી યાત્રા પર માલ મોકલવા માટે મજબૂર થવું પડ્યું છે અને ઈઝરાયેલમાં ડર ઉભો થઈ ગયો છે. ડર છે કે હમાસનું યુદ્ધ ફેલાઈ શકે છે અને મધ્ય પૂર્વને અસ્થિર કરી શકે છે.

## મણિપુરમાં ઉગ્રવાદીઓના હુમલામાં બે જવાનોનાં મોત

**૨ અન્ય જવાન પણ ઘાયલ થયા : અહીં ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન હિંસા થઈ હતી**

બિષ્ણુપુર ,

મણિપુરના બિષ્ણુપુર જિલ્લાના નારાયણસેના વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે કુકી ઉગ્રવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં CRPFના ૨ જવાન શહીદ થયા હતા. તેમજ બે જવાન ઘાયલ થયા છે. મૃતક જવાનોની ઓળખ અને એન સાકાર અને અરૂપ સૈની તરીકે થઈ છે.મણિપુર પોલીસે જણાવ્યું હતું કે કુકી સમુદાયના ઉગ્રવાદીઓએ મૈતેઈ ગામ તરફ ગોળીબાર કર્યો હતો. ઉગ્રવાદીઓએ બોમ્બ પણ ફેંક્યા હતા. આ દરમિયાન નારાયણસેનામાં CRPFની પોલીસ ચોકીની અંદર બોમ્બ પડતાં વિસ્ફોટ થયો હતો.

## દિલ્હીમાં કોંગ્રેસ CECની બેઠક: અમેઠી અને રાયબરેલી બેઠકના ઉમેદવારો વિશે ચર્ચા

### રાહુલ અમેઠીથી અને પ્રિયંકા રાયબરેલીથી ચૂંટણી લડશે તે લગભગ નક્કી

રાયબરેલી,

કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિ (CEC) શનિવારે દિલ્હીમાં બેઠક કરશે. જેમાં યુપીમાં અમેઠી અને રાયબરેલી સિવાય બાકીની લોકસભા સીટો માટેના ઉમેદવારોના નામ પર ચર્ચા કરવામાં આવશે. અમેઠીથી રાહુલ અને રાયબરેલીથી પ્રિયંકાના નામને અંતિમ મહોર લાગી શકે છે. રાહુલ અમેઠીથી અને પ્રિયંકા રાયબરેલીથી ચૂંટણી લડશે તે લગભગ નક્કી છે

કોંગ્રેસે અત્યાર સુધીમાં ૩૧૭ લોકસભા સીટો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે. લોકસભા ચૂંટણી માટે પણ બે તબક્કામાં મતદાન થયું છે. આ સાથે ૧૧ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોની તમામ બેઠકો પર પણ મતદાન પૂર્ણ થઈ ગયું છે.

## EVMને બદનામ કરનારા દેશની માફી માગે : મોદી

### સુપ્રીમના નિર્ણય બાદ બિહારના અરરિયામાં પીએમ મોદીના વિપક્ષ પર પ્રહાર

નવીદિલ્હી,

સુપ્રિમ કોર્ટે શુક્રવારે વોટર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ સ્લિપ દ્વારા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન દ્વારા પડેલા મતોની સંપૂર્ણ ચકાસણીની માંગ કરતી તમામ અરજીઓને ફગાવી દીધી હતી. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે ચૂંટણીમાં બેલેટ પેપર પર પાછા જવાની માંગને પણ ફગાવી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અંગે વિપક્ષને આડે હાથ લીધા હતા.

બિહારના અરરિયામાં એક ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, "સુપ્રીમ કોર્ટનો નિર્ણય જ વિપક્ષના મોઢા પર મોટી થપ્પડ છે. હવે મોઢું ઉંચું કરીને જોઈ નહી શકે. આજનો દિવસ લોકતંત્ર માટે શુભ દિવસ, વિજય દિવસ છે. જૂનો યુગ પાછો નહી આવે. INDI ગઠબંધનના દરેક નેતાએ દેશની જનતાની માફી માંગવી જોઈએ." ઈવીએમ અને વીવીપેટ પર સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ૨૬મી એપ્રિલે પીએમ મોદીએ બિહારમાં ચૂંટણી પ્રચાર દરમિયાન વિપક્ષને આડેહાથ લેતાં કહ્યું કે, આજે સુપ્રીમ કોર્ટે જે કહ્યું તેનાથી કેટલાક લોકોના સપના ચકનાચૂર થઈ ગયા છે. સુપ્રીમે સ્પષ્ટ કહી દીધું કે, બેલેટ પેપરનો યુગ પાછો નહી આવે. જે લોકોએ ઈવીએમને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે તેમને સુપ્રીમ કોર્ટે તમાચો માર્યો છે. આજે મતપેટીઓ લૂંટનારાઓને જડબાતોડ જવાબ મળ્યો છે. જ્યારે આખી દુનિયા ભારતની સિસ્ટમના વખાણ કરી રહી છે, ત્યારે આ લોકો હવે અંગત સ્વાર્થના ખરાબ ઈરાદા સાથે ઈવીએમને બદનામ કરવા લાગ્યા હતા.'

## USમાં પોલીસના ગોળીબારમાં ભારતીયનું મોત

### સચિન સાહુ નામની વ્યક્તિએ પોતાના વાહનથી બે પોલીસ અધિકારી પર હુમલો કરી દીધો હતો

સેન એન્ટોનિયો,

અમેરિકાના સેન એન્ટોનિયોમાં અમેરિકન પોલીસ પર ભારતીય મૂળના વ્યક્તિને ગોળી મારવાનો ગંભીર આક્ષેપ મૂકવામાં આવ્યો છે. આ ઘટના ૨૧મી એપ્રિલના દિવસની છે. ૪૨ વર્ષીય સચિન સાહુ નામની વ્યક્તિએ પોતાના વાહનથી બે પોલીસ અધિકારી પર હુમલો કરી દીધો હતો.એક ગંભીર પ્રકારના મામલામાં બે અધિકારી સચિનને પકડવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે જ આ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસ ગોળીબારમાં સાહુનું મોત થયું હતું. સાહુ મૂળ રીતે ઉત્તરપ્રદેશનો રહેવાસી હતો. પોલીસ વિભાગના કહેવા મુજબ સાહુએ જાણીજોઈને ૫૧ વર્ષીય મહિલાને એક વાહનથી ટક્કર મારી હતી અને ફરાર થઈ ગયો. ઘાયલ મહિલાને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં આ મહિલાની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે.

## 'સોઢી'ના ગુમ થવા પર અપહરણનો કેસ

### પોલીસે ફોનની ડીટેલ ના કઢાવી તો તેમને ઘણી વિચિત્ર વસ્તુઓ મળી

મુંબઈ,

લોકપ્રિય ટીવી સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના સોઢી વિશે સમાચાર આવ્યા હતા કે અભિનેતા ૨૨ એપ્રિલથી ગાયબ છે. હવે પોલીસે આ મામલામાં અપહરણનો ગુનો નોંધ્યો છે. આઈપીસીની કલમ ૩૬૫ હેઠળ એફઆઈઆર પણ નોંધવામાં આવી છે. પોલીસને CCTV ફૂટેજ મળ્યા છે જેમાં અપહરણનો મામલો સામે આવ્યો છે.

૨૫ એપ્રિલે બપોરે ૩ વાગ્યે અભિનેતાના પિતાએ દિલ્હીના પાલમ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસના હાથમાં હવે એક સીસીટીવી છે, જેમાં ગુરચરન સિંહ ત્યાંથી જતો જોવા મળે છે. અભિનેતાનો ફોન પણ ૨૪ એપ્રિલ સુધી કામ કરતો હતો, પરંતુ હવે તે સ્વીચ ઓફ હોવાનું કહેવાય છે. જ્યારે પોલીસે ફોનની ડીટેલ ના કઢાવી તો તેમને ઘણી વિચિત્ર વસ્તુઓ મળી. અહેવાલો અનુસાર, ગુરચરનની માતા લાંબા સમયથી બીમાર છે. તેને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પિતાએ કહ્યું કે હવે તે ઠીક છે અને ઘરે આરામ કરે છે.

## અમેરિકામાં અકસ્માત આણંદની ત્રણ મહિલાઓના થયા મોત

### એટલાન્ટાથી ગ્રીન વેલી સાઉથ કરોલી જતા અકસ્માત સર્જાયો


ગ્રીનવેલી,

અમેરિકામાં થયેલ રોડ અકસ્માતમાં ૩ ગુજરાતી મહિલાઓનાં મોત થતા પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી હતી. ત્યારે ત્રણેય મહિલાઓ આણંદ જીલ્લાનાં બોરસદ તાલુકાની વતની હોવાનું જાણવા મળી રહ્યું છે.

એટલાન્ટાથી ગ્રીન વેલી સાઉથ કરોલી જતા અકસ્માત સર્જાયો હતો. કાર ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. કાર અકસ્માતમાં ત્રણ મહિલા રેખાબેન દિલીપ ભાઈ પટેલ, સંગીતાબેન ભાવેશભાઈ પટેલ, મનિષા બેન રાજેન્દ્રભાઈ પટેલનાં મોત થતા સમાજમાં શોકની લાગણી વ્યાપી જવા પામી હતી.

## ગૂગલ એડ પર ૧૦૦ કરોડનો ખર્ચ કરનાર પહેલી પાર્ટી બની ભાજપ

**ગૂગલ પર કુલ ૨૧૭૯૯૨ કન્ટેન્ટ આવ્યા અને તેમા ૧૬૧૦૦૦ થી વધારે કન્ટેન્ટ ભાજપના**



નવીદિલ્હી,

ભાજપ ગૂગલ અને તેના વીડીયો પ્લેટફોર્મ યુ ટયુબ પર ૧૦૦ કરોડ રુપિયાથી વધુની જાહેરાત આપનારો દેશનો સૌપ્રથમ રાજકીય પક્ષ બન્યો છે. ભાજપે ડિજિટલ પ્રચાર પાછળ ખર્ચેલી ૧૦૧ કરોડ રુપિયાની રકમ કોંગ્રેસ, ડીએમકે અને પોલિટિકલ એડવાઈઝરી ફર્મ ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી(આઇ-પેકે) ૨૦૧૮ પછી ખર્ચેલી રકમ સમકક્ષ છે.

ગૂગલે તેનો ગૂગલ એડ ટ્રાન્સપરન્સી રિપોર્ટ મે ૨૦૧૮થી પ્રકાશિત કરવાનો શરુ કર્યો છે. ગૂગલ પર ૩૧ મે ૨૦૧૮થી ૨૫ એપ્રિલ ૨૦૨૪ દરમિયાન આવેલી જાહેરાતમાં ભાજપનો હિસ્સો ૨૬ ટકા છે અને કુલ રકમ રુ. ૩૯૦ કરોડ થાય છે. સર્ચિંગ જાયન્ટ પર આવતી આ એડ પોલિટિકલ કેટેગરીમાં આવે છે. અહીં મહત્ત્વની વાત એ છે કે ગૂગલની રાજકીય જાહેરાતની વ્યાખ્યા વિસ્તૃત છે. તેમા ન્યુઝ ઓર્ગેનાઇઝેશન્સ, સરકારી પ્રસિદ્ધિ વિભાગો અને રાજકારણીઓને દર્શાવતી કોમર્શિયલ એડની જાહેરાતો પણ રાજકીય એડમાં ગણવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન ગૂગલ પર કુલ ૨૧૭૯૯૨ કન્ટેન્ટ આવ્યા અને તેમા ૭૩ ટકા એટલે કે ૧૬૧૦૦૦ થી વધારે કન્ટેન્ટ ભાજપના હતા.

ભાજપે સૌથી વધુ એડ કર્ણાટકના રહેવાસીઓને ધ્યાનમાં રાખીને આપી હતી અને તે ૧૦.૮ કરોડ રુપિયા હતા. ઉત્તરપ્રદેશ માટે ૧૦.૩ કરોડ રુપિયા અને રાજસ્થાન માટે ૮.૫ કરોડ રુપિયા તથા દિલ્હી માટે ૭.૬ કરોડ રુપિયાની જાહેરાત આપી હતી. જો કે ગૂગલ પર પોલિટિકલ એડની વાત આવે તો બધાના આશ્ચર્ય વચ્ચે રાજ્ય તરીકે તમિલનાડુ ટોચ પર રહ્યું છે. તેના પછીના ક્રમે તેલંગણા, ઉત્તરપ્રદેશ, કર્ણાટક અને મધ્યપ્રદેશ આવે છે.

ગૂગલ પર એડ આપવામાં ભાજપ પછી ૪૫ કરોડ સાથે કોંગ્રેસ બીજા ક્રમે આવે છે, એમ ટ્રાન્સપરન્સી સેન્ટર ડેટાના આંકડા કહે છે. કોંગ્રેસે આ સમયગાળા દરમિયાન ગૂગલ પર ૫૯૯૨ એડ પ્રકાશિત કરી છે. આ હિસ્સો ભાજપની કુલ એડનો માંડ ૩.૭ ટકા હિસ્સો થાય છે. તેનું એડ કેમ્પેઈન મુખ્યત્વે કર્ણાટક અને તેલંગણા પર ધ્યાન કેન્દ્રિત હતું. અહીં તેણે ૯.૬ કરોડ અને મધ્યપ્રદેશમાં રુ. ૬.૩ કરોડ ખર્ચ્યા છે. તમિલનાડુમાં શાસક પક્ષ ડીએમકે ગૂગલ પરની એડમાં ત્રીજા નંબરનો સૌથી મોટો રાજકીય પક્ષ છે. તેણે ૨૦૧૮થી ૪૨ કરોડ રુપિયા ખર્ચ્યા છે. તેમા ૧૬.૪ કરોડની રકમ પોલિટિકલએડવાઈઝરી ફર્મ પોપ્યુલસ એમ્પાવરમેન્ટ નેટવર્ક દ્વારા આ વર્ષે ખર્ચ્યા છે. ચોથા નંબરે ભારત સેવા રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) આવે છે. તેણે ૧૨ કરોડથી વધુ રકમ ખર્ચી હોવા છતાં તેનો કોંગ્રેસ સામે પરાજય થયો હતો.

# ભાજપના NRI પણ કરશે શક્તિ પ્રદર્શન : મોદીના સમર્થનમાં અમદાવાદથી સુરતની કાર રેલી

## ૨૮ એપ્રિલ- રવિવારે સાબરમતી રિવરફ્રન્ટ પરથી લગભગ ૧૦૦ કારને ફ્લેગ ઓફ કરવામાં આવશે

અમદાવાદ,

ગુજરાતીઓ સહિત બિન-નિવાસી ભારતીયો પ્રથમ વખત અમદાવાદથી સુરત સુધીની કાર રેલી માટે તૈયારી કરી રહ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સતત ત્રીજી મુદત માટે સમર્થન આપવા માટે આ રેલીનું આયોજન કરવામાં આવનાર છે.

પ્રદેશ ભાજપ વિદેશ સંપર્ક વિભાગના કન્વીનર દિગંત સોમપુરાએ જણાવ્યું હતું કે ૨૮ એપ્રિલ, રવિવારે સાબરમતી રિવરફ્રન્ટ પરથી લગભગ ૧૦૦ કારને ફ્લેગ ઓફ કરવામાં આવશે. મોદીના સમર્થનમાં કાર રેલીઓ યુએસ, યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુરોપ અને આફ્રિકામાં આયોજિત થઈ ચૂકી છે. ભારતના ચૂંટણી પંચે જે દિવસે લોકસભાની ચૂંટણીની જાહેરાત કરી તે દિવસે યુકેમાં ૪૦૦ કાર સાથેની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમણે ઉમેર્યું હતું કે, ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપીના સચિવ લંડન સ્થિત દિપક પટેલે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. હવે, તેઓએ ભારતમાં આવી કાર રેલી યોજવાનું નક્કી કર્યું છે અને તે માટે તેઓએ



ગુજરાતની પસંદગી કરી છે, એમ તેમણે જણાવ્યું હતું.

લગભગ ૨૭૦ કિમીને આવરી લેતી આ રેલી નવ લોકસભા મતવિસ્તારોમાંથી પસાર થશે. સોમપુરાએ જણાવ્યું હતું કે રેલી નડિયાદ, આણંદ, વડોદરા અને ભરૂચ શહેરોમાંથી પસાર થશે અને સાંજે સુરતમાં સમાપ્ત થશે. ગુજરાત ભાજપના અધ્યક્ષ સીઆર પાટીલ સહભાગીઓને આવકારશે અને તેમની સાથે ડિનર લેશે. તેમણે ઉમેર્યું હતું કે, "ગુજરાતીઓ ઉપરાંત રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને પંજાબના NRIs કાર રેલીમાં ભાગ લેશે." ભૂતકાળમાં, અન્ય દેશોમાં સ્થાયી થયેલા ગુજરાતીઓએ રાજ્યમાં વિધાનસભા અને સામાન્ય ચૂંટણીઓમાં ભાજપ તેમજ અન્ય મુખ્ય પક્ષો માટે સક્રિયપણે પ્રચાર કર્યો છે. આ વખતે, જ્યારે ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઑફ BJP) જેવી સંસ્થાઓ સાથે જોડાયેલા જૂથો વિકાસલક્ષી પહેલોમાં સાતત્યની હિમાયત કરે છે, અન્ય લોકો મતદારોને વધુ સારા માટે પરિવર્તન લાવવાનું કહી રહ્યા છે.

# સુરતમાં ભાજપની બિનહરીફ જીતનો મામલો સુપ્રીમ કોર્ટમાં

સુરત,

સુરતમાં ભાજપ ઉમેદવારની નિર્વિરોધ જીત જેવી બનતી ઘટનાઓ મામલે મોટા સમાચાર આવ્યા છે. આવી સ્થિતિથી બચવા માટે નોટાને ઉમેદવાર માનવાની અને નિર્વિરોધ ચૂંટણી થવાથી રોકવાવાળી અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ છે. જેના પર સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચ પાસેથી જવાબ માંગ્યો છે. મોટિનેશનલ સ્પીકર શિવ ખેરાએ સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી છે. જેમાં માંગ કરવામાં આવી છે કે, નોટાને ઉમેદવાર માનવામાં આવે અને નોટાને સામેના ઉમેદવાર કરતા વધુ વોટ મળે તો ત્યાં ફરીથી ચૂંટણી કરવામાં આવે. આ સુનાવણી દરમિયાન સુરતનો ઉલ્લેખ કરવામાં આવ્યો. વકીલે કહ્યું કે, જો ત્યાં આવી વ્યવસ્થા હોત તો ત્યાં નિર્વિરોધ ચૂંટણી જીતવાની નોબત ન આવી હોત.

નોટા સંબંધિત અરજી પર સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નોટિસ પાઠવી છે. જાણીતા મોટિવેશનલ સ્પીકર શિવ ખેરા દ્વારા પિટિશન દાખલ કરવામાં આવી છે. જેમાં કમિશનને નિર્દેશ આપવા માંગ કરવામાં આવી છે કે જો નોટા (ઉપર ન હોય) ને કોઈપણ ઉમેદવાર કરતા વધુ મત મળે છે, તો તે બેઠક પર યોજાયેલી ચૂંટણી રદ કરવામાં કેવી રીતે આવે. સાથે નવી નવી ઉમેદવારી નોંધાવવામાં આવે. પણ સુરતમાં ચૂંટણી યોજવી જોઈએ.

આ અરજીમાં એવો નિયમ બનાવવાની પણ માંગ કરવામાં આવી છે કે જે ઉમેદવારો NOTA દ્વારા ઓછા મત મેળવે છે તેમના પર ૫ વર્ષ સુધી તમામ ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ. ઉપરાંત, નોટાને કાલ્પનિક ઉમેદવાર તરીકે જોવું જોઈએ.સીજેઆઇ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચ શુક્રવારે શિવ ખેરાની અરજી પર સુનાવણી કરવા સહમત થઈ છે.

# કોંગ્રેસે સસ્પેન્ડ કર્યા અને કુંભાણી ૬ દિવસ બાદ અચાનક સામે આવ્યા

## હું તો હાઈકોર્ટમાં જવા માગતો હતો, પણ કોંગી નેતાઓએ સાથ ન આપ્યો, હું કોંગ્રેસ સાથે છું અને સાથે રહીશ


સુરત


સુરત લોકસભા સીટના ઉમેદવાર નિલેશ કુંભાણીના ફોર્મ સામે ભાજપના ચૂંટણી એજન્ટ દિનેશ જોધાણીએ ચૂંટણી અધિકારી સમક્ષ ટેકેદારોની સહી ખોટી હોવાની ફરિયાદ કરી હતી. ત્યાર બાદ ૨૦ એપ્રિલના સવારના ૧૦ વાગ્યાથી રાજકીય ડ્રામા શરૂ થયો હતો. ૨૧મીએ સવારે કલેક્ટર ઓફિસમાં સુનાવણી થઈ હતી અને અંતે ચૂંટણીપંચે નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરી દીધું હતું. ત્યાર બાદ ચૂંટણી અધિકારીએ ભાજપના મુકેશ દલાલને બિનહરીફ જાહેર કર્યા હતા તેમજ કુંભાણી જયારથી ફોર્મ રદ થયું ત્યારથી ગાયબ હતા, પરંતુ ૬ દિવસ બાદ શુક્રવારે અચાનક તેઓ સામે આવ્યા છે અને ૫ મિનિટ ૧૫ સેકન્ડના વીડિયો દ્વારા તેમણે મેસેજ આપ્યો છે. તેમણે કહ્યું છે કે હું તો હાઈકોર્ટમાં જવા માગતો હતો, પણ કોંગી નેતાઓએ સાથ ન આપ્યો. હું કોંગ્રેસ સાથે છું અને સાથે રહીશ. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે આજે સવારે જ કુંભાણીને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.

# આપના પૂર્વ નેતા અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયા ભાજપમાં

અમદાવાદ,

પાટીદાર અનામત આંદોલન (પાસ) થી લોકચાહના મેળવ્યા બાદ નાટકીય ઢબે આમ આદમી પાર્ટીમાં જોડાનાર પાટીદાર નેતાઓ વિધિવત રીતે ભાજપમાં જોડાશે. થોડા સમય પહેલા અલ્પેશ કથિરીયા તેમજ ધાર્મિક માલવિયા દ્વારા થોડા સમય પહેલા જ આમ આદમી પાર્ટીમાંથી નાટકીય ઢબે રાજીનામું આપ્યું હતું. જે બાદ આવતીકાલે તેઓ નાટકીય ઢબે ભાજપમાં જોડાવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવતા રાજકારણમાં ભૂકંપ આવી જવા પામ્યો હતો.





સુરત આમ આદમી પાર્ટીનાં કદાવર નેતા અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવીયા આમ આદમી પાર્ટીમાં જોડાયા બાદ બંને આપનાં બેનર પર વિધાનસભા ચૂંટણીમાં પણ ઝંડલાવ્યું હતું. પરંતુ ત્યારે બાદ એકાએક ૧૮ એપ્રિલ નાં રોજ બંને નેતાઓ દ્વારા આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપી દેતા અનેક તર્ક વીતર્કો સર્જાયા હતા. ત્યારે આવતીકાલે ૨૦૦ જેટલા પાટીદાર આગેવાનો સાથે ભાજપમાં જોડાશે. આદ આદમી પાર્ટીનાં બેનર હેઠળ વિધાનસભાની ચૂંટણી હાર્યા બાદ અલ્પેશ તેમજ ધાર્મિક દ્વારા રાજકીય કાર્યક્રમોથી દૂર રહેવાનું પસંદ કર્યું હતું.

# અંકલેશ્વર રેલવે સ્ટેશન પરથી રૂ.૨૭ લાખ સાથે વેપારીની અટકાયત

ભરૂચ,

ભરૂચ રેલ્વે પોલીસે ચેકીંગ દરમિયાન દાહોદના એક વ્યક્તિને રૂપિયા ૨૭ લાખની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યો હતો.પોલીસે વેપારીની અયકાયત કરી વધુ તપાસ શરૂ કરી છે

ભરૂચ રેલ્વે પોલીસે ચૂંટણીઓને ધ્યાનમાં રાખી પ્લેટફોર્મ અને ટ્રેનમાં કડક ચેકીંગ હાથ ધર્યું હતું.જેમાં પોલીસકર્મીઓ અંકલેશ્વર રેલ્વે પ્લેટફોર્મ પર ચેકીંગમાં હાજર હતા તે સમયે હરિદ્વાર વલસાડ ટ્રેનમાંથી ઉતરેલા એક ઈસમ પર શંકા જતા તેને રોકી તેની બેગની તલાસી લેતા તેમાંથી રૂપિયા જોઈને પોલીસ ચોંકી ઉઠી હતી.પોલીસે તેને ભરૂચ પોલીસ મથક પર લાવી તપાસ કરતા તેની પાસેથી રોકડાં રૂપિયા ૨૭ લાખ મળી આવ્યા હતા.પોલીસે તેનું નામ પૂછતાં તે દાહોદની ઝૂલેલાલ સોસાયટીમાં રહેતો યોગેશ પ્રીતમાણી હોવાનું જણાવ્યું હતું. જ્યારે તે આ રૂપીયા અંકલેશ્વરના વેપારીને આપવા માટે લાવ્યો હતો.

# એટીએસ ટીમે ગેરકાયદે હથિયાર વેચનારા ૬ આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી લીધા

## ૨૫ પિસ્ટલ અને ૯૦ જીવતા કાર્ટુસ જપ્ત કરવામાં આવ્યા

અમદાવાદ,

ગેરકાયદે હથિયાર મામલે ગુજરાત ATSની મહત્ત્વની કાર્યવાહી કરી છે. ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એટીએસની ટીમે આરોપીઓ પાસેથી ૨૫ હથિયાર (પિસ્ટલ) અને ૯૦ જીવતા કાર્ટુસ જપ્ત કરવામાં આવ્યા છે.

ગુજરાત એટીએસની ટીમને મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી છે. આરોપીઓ ટ્રાવેલ્સના માધ્યમથી હથિયારોની હેરાફેરી કરતા હતા. આરોપીઓ અન્ય રાજયમાંથી હથિયાર લાવીને ગુજરાતમાં તેનું વેચાણ કરતા હતા. આ ગુનાનો મુખ્ય આરોપી શિવમ ટ્રાવેલનો ધંધો કરે છે. શિવમ ગુજરાતમાં હથિયારો લાવીને અન્ય આરોપીઓને આપતો હતો. અન્ય આરોપી કમિશન લઈ આગળ વેચતા હતા.

ATS દ્વારા હથિયાર તસ્કરીના ગુનામાં શિવમ ડામોર, પ્રવિણ શ્રીવાસ, સંજય મેર, રાજુ સરવૈયા, વિપુલ સાનિયા અને મનોજ ચૌહાણની ધરપકડ કરી છે. મુખ્ય સૂત્રધાર મનાતો શિવમ ડામોર મધ્યપ્રદેશથી ટ્રાવેલ્સમાં હથિયાર લઈને આવતો હતો. મધ્યપ્રદેશથી જામખંભાણીયા સુધી ટ્રાવેલ્સની હેરાફેરી દરમ્યાન હથિયારનું વેચાણ થતું હતું. શિવમની નારોલ વિસ્તારમાંથી ધરપકડ કર્યા બાદ તેની પૂછપરછમાં છેલ્લા ૩ મહિનામાં અલગ અલગ વિસ્તારોમાં રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગરમાં હથિયારોનું વેચાણ કર્યું હતું. એ પછીથી પોલીસે રેડ કરી તમામ હથિયારો કબજે લીધા છે.

# હવે ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને વર્ષ નહીં બગડે



ગાંધીનગર,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ખાસ કરીને ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની જેટલા વિષયની રી એક્ઝામ આપવી હોય તે વિદ્યાર્થી આપી શકશે. અહીં વિદ્યાર્થીઓ આખે આખી પરીક્ષા એટલે કે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપી શકશે. ત્યારબાદ બન્ને વખતની પરીક્ષાના પરિણામમાં જે પરિણામ ઊંચુ હશે તે ધ્યાને લેવાશે.

# જજને બરતરફ કરવાનો ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો અનામત રહ્યો

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે એક જજને બરતરફ કરવા અંગેનો પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે જે કથિત રીતે અન્ય બે ન્યાયાધીશોના રાજીનામા પત્રો બનાવટમાં સામેલ છે. આ કેસમાં સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસનો સમાવેશ થાય છે, જેઓ સુરેન્દ્રનગર જિલ્લાની લીંબડી કોર્ટમાં પોસ્ટેડ હતા, જ્યાં મુખ્ય જિલ્લા ન્યાયાધીશને સપ્ટેમ્બર ૨૦૨૧માં બે ન્યાયાધીશો તરફથી રાજીનામું પત્રો મળ્યા હતા.

એક જજ વધારાના સેશન્સ જજ હતા અને બીજા જેએમએફસી હતા. મુખ્ય જિલ્લા ન્યાયાધીશે જ્યારે રાજીનામાના પત્રો લખ્યા નથી અને સબમિટ કર્યા નથી તે અંગે પૂછપરછ કરતા બંને ન્યાયાધીશો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

જ્યારે એક ન્યાયાધીશે લીંબડી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી હતી, જ્યારે બીજી ફરિયાદ સુરેન્દ્રનગરના એ ડિવિઝન શહેર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. બંને FIR અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે સિવિલ જજ કથિત રીતે બે ન્યાયાધીશોના રાજીનામા પત્રો બનાવટી બનાવવામાં સામેલ હતા. ન્યાયાધીશે અસફળપણે આગોતરા જામીન માટે HCનો સંપર્ક કર્યો હતો કારણ કે કોપ્સને ગુસ્સો હતો કારણ કે ન્યાયાધીશે ન્યાયિક ફરજના ભાગ રૂપે સંબંધિત પોલીસ સત્તાવાળાઓને નોટિસ જારી કરી હતી.

# ગાંધીનગરમાં ફ્લેટમાં લાગેલી આગમાં વૃદ્ધાનું મોત

ગાંધીનગર,

ઉનાળો આવ્યો નથી કે ઘરોમાં એસીના શોર્ટસર્કિટ થવાના બનાવ બનવા લાગ્યા નથી. ગાંધીનગરમાં સરગાસણ ચોકડીમાં વાસણા હડમતિયા ખાતે આવેલા સાર્થક ફ્લેટના ચોથા માળે આવેલા મકાનના એસીમાં શોર્ટસર્કિટ થવાના લીધે ભીષણ આગ લાગી હતી. આ આગમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના મહિલા પ્રોફેસર અને તેમના માતા જેમતેમ કરીને ફ્લેટની બહાર નીકળી ગયા હતા. પણ પછી પ્રોફેસરની માતાનું ગૂંગળામણના લીધે મોત થયું હતું. આ બનાવના પગલે ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તેણે ફ્લેટમાં પહોંચીને ત્યાં રહેતા વસાહતીઓને સલામત સ્થળે ખસેડ્યા હતા અને ભારે જહેમત પછી ફ્લેટમાં લાગેલી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. રાયસણ સ્થિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાં ઈકોનોમિક પ્રોફેસર તરીકે ફરજ બજાવતાડ . રનિતાબેન હીરાલાલ સાગર સરગાસણમાં વાસણા હડમતિયામાં આવેલા સાર્થક રેસિડેન્સીના ચોથા માળે આવેલા ફ્લેટમાં રહે છે.

# વડોદરામાં ટેન્કર અને આઈસર વચ્ચે જીવલેણ અકસ્માત સર્જાતા બેના મોત

વડોદરા,

વડોદરામાં સાકરદા ગામ નજીક મોક્ષી રોડ પર બાબરી પ્રસંગે પરિવારને લઈને જઈ રહેલી આઈસર ટ્રક અને સિમેન્ટ ભરેલા ટ્રેનકર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બેથી વધુ લોકોના મોત નીપજ્યા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે અન્ય ૨૫ જણાને નાની મોટી ઈજા થતા તેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બનાવમાં મૃત્યુઆંક વધે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

આ બનાવની વિગત મુજબ છોકરાના બાબરી પ્રસંગે ૫૦ જેટલા પરિવારજનો આઈસર ટ્રકમાં જઈ રહ્યા હતા. દરમિયાન સાકરદા અને મોક્સી ગામની વચ્ચે આઈસર અને સિમેન્ટ ભરેલા ટેક્નર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બે જણા મોતને ભેટ્યા હોવાનું કહેવાય છે. જ્યારે અન્ય ૨૫ જમાને નાની મોટી ઈજા થતા તેમને એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા.

બનાવની જાણ થતા મોક્ષી ગામના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી ગયા હતા. બાદમાં મોટી સંખ્યામાં લોકો ઈજાગ્રસ્ત થયા હોવાથી ૧૦ થી ૧૨ એમ્બ્યુલન્સમાં સારવાર હેઠલ નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ગમખ્વાર અકસ્માતના આ બનાવને પગલે બાબરીની વિધી માટે જઈ રહેલા કુટુંબીજનોનો ઉત્સાહ માતમમાં ફેરવાઈ ગયો હતો. અકસ્માતના સ્થળે ઈજાગ્રસ્તો લોહીલુહાણ હાલતમાં પડેલા નજરે ચડ્યા હતા. સ્થાનિક લોકોએ તેમને હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી માનવતા દાખવી હતી. બનાવ અંગે જાણ થતા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી.

# કાંકરીયા તળાવમાં બંધ થયેલ વોટર એક્ટિવિટી શરૂ : એક જ દિવસમાં નિર્ણય બદલાયો

અમદાવાદ,

કાંકરીયા તળાવમાં હાઈકોર્ટના આદેશ બાદ તમામ વોટર એક્ટિવિટી બંધ કરવામાં આવી હતી. પરંતુ ૨૪ કલાકની કાંકરીયા તળાવમાં બોટિંગની શરૂઆત કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી. વડોદરા હરણીકાંડના બનાવના પગલે હાઈકોર્ટે તકેદારીના ભાગરૂપે બોટિંગ એક્ટિવિટી બંધ કરવાનો નિર્ણય આપ્યો હતો અને જ્યાં સુધી નવો કરાર ના થાય ત્યાં સુધી બોટિંગ સુવિધા બંધ કરી હતી. પરંતુ નવો કરાર થતા જ કાંકરીયા તળાવમાં તમામ વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટીની આજથી જ શરૂઆત થઈ ગઈ છે.

મહત્વનું છે કે અત્યારે શાળાઓમાં રજાનો માહોલ છે. ત્યારે શહેરના લોકપ્રિય કાંકરીયા સ્થાન પર મુલાકાતીઓને ભારે ધસારો રહે છે. શાળાની રજાઓમાં બાળકોની મનપસંદ વોટર એક્ટિવિટી બંધ થતા તાત્કાલિક નવા કરાર કરવામાં આવ્યા. જેથી વેકેશનના માહોલમાં કાંકરીયાને નુકસાનીનો સામનો ના કરવો પડે. જણાવી દઈએ કે અમદાવાદમાં ફરવા માટેના પસંદગીના સ્થાનોમાં કાંકરીયાનો સમાવેશ થાય છે. કાંકરીયામાં કુલ ૭ પ્રવેશ દ્વાર છે. છતાં પણ પ્રવેશ માટે લાંબી લાઈનો રહે છે.

આ બાબતને ધ્યાનમાં રાખી છસ્ઝએ મોટો નિર્ણય લીધો છે. કાંકરીયામાં મુલાકાતીઓની સુવિધામાં વધારો કરતા ઓનલાઈન વેબસાઈટ અને મોબાઈલ એપ શરૂ કરી. જેમાં ટિકિટબારીની લાઈનમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ મેળવતા ઓનલાઈન બુકિંગ સુવિધા ઉપલબ્ધ કરાઈ છે.

# ૪૧ વર્ષ જૂના કેસમાં દાઉદ અને તેના સાથીદારો નિર્દોષ જાહેર


## દાઉદ અને તેના સાથીદારો પાસેથી હથીયારો અને કારતુસો મળી આવ્યા હતા

વડોદરા,

દેશનો મોસ્ટ વોન્ટેડ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ અને તેના સાગરીતો સામે ૪૧ વર્ષ પહેલા આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસમા ગુજરાત પોલીસ સહિતની તપાસ એજન્સીઓની બેદરકારીના કારણે દાઉદ અને તેના સાગરીતોનો નિર્દોષ છુટકારો થયો છે.

૧૧ જુન ૧૯૮૩ના રોજ વડોદરા નજીક નેશનલ હાઇ વે ઉપર હોન્ડા સિટી કારમાં દાઉદ ઈબ્રાહિમ, હાજી ઈસ્માઈલ સુબાનીયા, અલી અબ્દુલ્લા અંતુલે અને ઈબ્રાહીમ મહંમદભાઈ પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન હાજી સુબાનીયા પાસેની રિવોલ્વરમાંથી અકસ્માતે ગોળી છુટી અને તે ગોળી દાઉદ ઈબ્રાહીમના ગળાના ભાગે વાગી હતી. જેથી દાઉદને સારવાર માટે તુરંત વડોદરામાં એસએસજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.દાઉદ તેના સાગરીતો સાથે વડોદરા નજીકથી કારમાં પસાર થઈ રહ્યો હતો ત્યારે એક સાગરીતની રિવોલ્વોરમાંથી છૂટેલી ગોળીથી દાઉદ ઘવાયો હતો

આ બાબતની જાણ થતાં જ પોલીસ એસએસજી હોસ્પિટલમાં પહોંચી હતી અને તપાસ દરમિયાન દાઉદ અને તેના સાગરીતો પાસેથી ચાઇના અને ઇટલીની બનાવટની ૩ રિવોલ્વર અને બે પિસ્તોલ મળીને પાંચ હથીયારો અને કારતુસો મળી આવ્યા હતા.



આ બધા શસ્ત્રો બિન અધિકૃત હતા. તપાસ દરમિયાન એવી વિગતો પણ સપાટી પર આવી હતી કે દાઉદ ઈબ્રાહીમ સયાજીગંજ વિસ્તારમાં જગદીશ લોજમાં રૂમ ભાડેથી રાખીને રહેતો હતો. તે જે રૂમ માં રહેતો હતો તે રૂમ નં.૨૩માં દરોડા દરમિયાન ત્યાંથી પણ શસ્ત્રો મળી આવ્યા હતા.

જે બાદ દાઉદ અને તેના સાગરીતો સામે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો જે બાદ સયાજીગંજ પોલીસને તપાસ સોંપવામાં આવી હતી. જો કે આ કેસમાં આરોપીઓને જામીન મળી ગયા હતા અને જામીન ઉપર છુટયા બાદ એક પણ આરોપીને પકડવામાં વડોદરા પોલીસ સહિતની તમામ તપાસ એજન્સીઓ નિષ્ફળ ગઈ એટલુ જ નહી આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો જેમાં કલેક્ટરની મંજૂરી લેવી જરૂરી હતી પરંતુ પોલીસે આ કેસમાં કલેક્ટરની મંજૂરી જ લીધી નહતી.

# આખરે ભાવનગરને મળી દિલ્હીની સમર સ્પેશિયલ ટ્રેન : આજથી બુકીંગ ખુલ્લું મુકાયું

## સાપ્તાહિક ટ્રેનની પ્રથમ ટ્રીપ ૩ મેના દોડશે, સ્લીપર ક્લાસમાં ૬૭૫ અને થર્ડ એસીમાં રૂા.૧૭૭૫ ભાડુ

ભાવનગર, તા.૨૭

ભાવનગરના સહેલાણીઓ માટે આખરે રેલવે તંત્રએ ભાવ.-દિલ્હી કેન્ટ સુધીની સમર સ્પેશિયલ ટ્રેન દોડાવવા જાહેરાત કરી છે જેના બુકીંગનો આજે શનિવારથી પ્રારંભ થયો છે. આ સાપ્તાહિક ટ્રેન ૩જી મેથી દર શુક્રવારે ભાવનગર ટર્મિનસથી ઉપડશે અને શનિવારે દિલ્હી કેન્ટ સ્ટેશન પહોંચશે. ભાવનગર અને દિલ્લી કેન્ટ વચ્ચે વિશેષ ટ્રેન ૩ મે થી ૨૮ જૂન સુધી દોડશે.

સમર સ્પેશિયલ ટ્રેનમાં ભાવગનરથી દિલ્હીની સ્લીપર કોચની ટીકીટ રૂા.૬૭૫ છે. જયારે થર્ડ એસીમાં ૧૭૭૫ અને સેકન્ડ એસીના ૨૪૪૫ ચુકવવાના રહેશે. ટ્રેન નં. ૦૯૫૫૭ ભાવનગર-દિલ્લી કેન્ટ 'સમર વીકલી સ્પેશિયલ ટ્રેન' ભાવનગર ટર્મિનસથી દર શુક્રવારે ૧૫.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૩.૧૦ કલાકે દિલ્લી કેન્ટ પહોંચશે. ટ્રેન નંબર ૦૯૫૫૮ દિલ્લી કેન્ટ-ભાવનગર 'સમર વીકલી સ્પેશિયલ ટ્રેન' દિલ્લી કેન્ટ સ્ટેશનથી દર શનિવારે ૧૫.૨૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૨.૨૫



કલાકે ભાવનગર પહોંચશે. આ ટ્રેન દિલ્લી કેન્ટથી ૪ મે, ૨૦૨૪ થી ૨૯ જૂન, ૨૦૨૪ સુધી ચાલશે.

એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચવાળી આ ટ્રેન ભાવનગર પરા, સિહોર, ધોળા, બોટાદ, સુરેન્દ્રનગર ગેટ, વિરમગામ, ચાંદલોડિયા (બી), મહેસાણા, પાલનપુર જં., આબુ રોડ, ફાલના, મારવાડ જં., બ્યાવર, અજમેર, કિશનગઢ, ફૂલેરા, રિંગાસ જં., નીમ કા થાના, નારનૌલ, રેવાડી જં. અને ગુડગાંવ સ્ટેશનો પર સ્ટોપ લેશે. તેમજ તા. ૨૭ને શનિવારથી આ ટ્રેનનું બુકિંગ પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો તથા આઈઆરસીટીસીની વેબસાઈટ પરથી થઈ શકશે.

# મતદાન કરવા માટે શ્રમયોગીઓને સવેતન રજા આપવી ફરજીયાત

## કારખાનેદાર માલિક કે નોકરીદાતા જોગવાઈનું ઉલ્લંઘન કરે તો મદદનીશ શ્રમ આયુક્તની કચેરી ખાતે ફરિયાદ થઈ શકશે

ભાવનગર, તા.૨૭

આગામી તા.૭-૫ના રોજ ભાવનગર જિલ્લામાં લોકસભા ચૂંટણી-૨૦૨૪ માટે મતદાન યોજાનાર છે. જેથી ગુજરાત દુકાનો અને સંસ્થા અધિનિયમ-૧૯૪૮, કારખાના અધિનિયમ- ૧૯૪૮, બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ એક્ટ-૧૯૯૬, કોન્ટ્રાક્ટ લેબર એક્ટ-૧૯૭૦ હેઠળ નોંધણી થયેલ સંસ્થા/સાઈટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમજ લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ-૧૩૫(બી) મુજબ ગુજરાત દુકાનો અને સંસ્થા અધિનિયમ-૧૯૪૮, કારખાના અધિનિયમ-૧૯૪૮, બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ એક્ટ-૧૯૯૬, કોન્ટ્રાક્ટ લેબર એક્ટ-૧૯૭૦ હેઠળ નોંધણી થયેલ સંસ્થા/સાઈટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે.

આ જોગવાઈ અનુસાર જાહેર રજા કરવાને કારણે સંબંધિત શ્રમયોગીઓ/કર્મચારીઓના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં. જો કોઇ કારખાનેદાર માલિક કે નોકરીદાતા ઉપરોક્ત જોગવાઈથી વિરુધ્ધનું વર્તન કરશે તો ઉપરોક્ત કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મતદાનનાં દિવસે આ સંબંધિત કોઇ ફરિયાદ હોય તો જિલ્લાના નોડલ અધિકારી, એસ.બી.મોદી, સરકારી શ્રમ અધિકારી, ભાવનગર મો-૭૪૩૫૮૦૦૦૧૧ અને ફોન નં.૦૨૭૮-૨૪૨૭૯૮૫, મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, સપ્તકલા બિલ્ડીંગ, બાર્ટન લાઈબ્રેરી સામે, દિવાનપરા રોડ, ભાવનગરનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ફેરી બંદર અને પોર્ટ કોલોની ફિડરમાં તબક્કાવાર ત્રણ દિવસ વીજકાપ

**કાળઝાળ ગરમી વચ્ચે ચાર-ચાર કલાકનો કાપ લાદી હાથ ધરાશે સમારકામ**

ભાવનગર, તા.૨૭

ભાવનગર શહેરમાં આગામી સોમવાર, મંગળવાર તેમજ બુધવાર ત્રણ દિવસ ફેરી બંદર તેમજ પોર્ટ કોલોની ફિડરમાં સવારે ૬:૩૦ વાગ્યાથી ચાર કલાક સુધી વીજકાપ રહેશે. જયાં વીજકાપ રહેશે તે મોટાભાગનો વિસ્તાર ઈન્ડસ્ટ્રીલ છે જેથી ચાર કલાક સુધી કંપનીઓ બંધ રહેવાની શક્યતા છે.

ભાવનગર શહેરમાં આવતા ફેરી બંદર ફીડર તેમજ પોર્ટ કોલોની ફીડરમાં આગામી સોમવારથી ત્રણ દિવસ સુધી રીપેરીંગ કામ શરૂ થનાર છે જેને લઈને સોમવાર, મંગળવાર તેમજ બુધવારે ચાર કલાક સુધી વિજકાપ રહેશે. જેમાં તા. ૨૯-૪-ને સોમવારે ફેરી બંદર ફીડર નીચે આવતા વિસ્તારોમાં કૃષ્ણ વે બ્રીજ, વૈશાલી સિનેમા, જુના બંદર રોડ, બીલાલ શેઠનો કાંટો, ગૌશાળા, મોહન ઓટો, ગેરેજ મારૂ પેટ્રોલ પંપ તથા આજુબાજુનો વિસ્તાર, તા. ૩૦-૪-ને મંગળવારે જુના બંદર રોડ, ભારત સોલ્ટ, વિશ્વદેવ વુડ વર્કસ, ટોકલે ટીમ્બર, મોહનલાલ ગોપાલજી કન્ટેઈનર, મોર્ડન સ્ટોન તેમજ આજુબાજુનો વિસ્તાર, મોડેસ્ટ (એચ.ટી.), સાંવરીયા કેમિકલ (એચ.ટી.) તેમજ તા.૧-૫-૨૪ને બુધવારે પોર્ટ કોલોની ફીડરમાં પોર્ટ કોલોની, ડાયા પોચાની લાતી, રીના ટાઈલ્સ, આલ્કોક એશડાઉન, જૂના બંદર રોડ ઉપર વાયરલેસ ઓફિસ, ખોડિયાર પ્લાસ્ટિક, ઈન્ડિયન ઓઈલ એજન્સી તથા આજુબાજુના વિસ્તારમાં ત્રણ દિવસ સવારના ૬.૩૦ કલાકથી ૧૦.૩૦ સુધી ચાર કલાક સુધી વિજકાપ રહેવાનું પી.જી.વી.સી.એલ. દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ભાવનગર નિવૃત પોલીસ અધિકારી ગ્રુપ દ્વારા યોજાયો દ્વિતીય સ્નેહમિલન સમારંભ

## કેનેડાથી નિવૃત્ત ડિવાય.એસ.પી. કૌશિક પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા

ભાવનગર તા.૨૭

ભાવનગર નિવૃત પોલીસ અધિકારી ગ્રુપ દ્વારા તા.૨૧ એપ્રિલના શિવ શક્તિ હોલમાં ગીત સંગીત સાથે દ્વિતીય સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. કેનેડાથી ખાસ પધારેલા નિવૃત્ત ડીવાયએસપી કૌશિક પટેલના અતિથિ વિશેષપદે કાર્યક્રમ યોજાયો હતો.

નિવૃત્ત ડીવાયએસપી એનબી જાડેજા, પીએમ સરવૈયા રાજેન્દ્રસિંહ જાડેજા, નિવૃત્ત પીઆઈ એલડી વાઘેલા, પીજી સરવૈયા,એમસી ગોહિલ, જનકસિંહ ગોહિલ તથા અનેક પીએસઆઇ, એએસઆઈ સહિત




વિશાળ સંખ્યામાં નિવૃત્ત તેમજ ચાલુ ફરજ ઉપરના પોલીસ અધિકારીઓ તથા સિવિલિયન તથા વાયરલેસ પોલીસ સ્ટાફે હાજર રહી ગીત સંગીત સાથે સ્નેહ ભોજનનો આનંદ લીધેલ. નિવૃત્ત થયેલા અનેક મિત્રો એક વર્ષ પછી ભેગા થતા ખૂબ જ આનંદવિભોર થયા હતા. કૈલાશ ચેરીટેબલ ટ્રસ્ટના રાજેન્દ્રસિંહ ગોહિલ અને મિત્રો દ્વારા તમામને ગીતા પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.આ કાર્યક્રમમાં નિવૃત્ત પોલીસ અધિકારીઓ એલડી વાઘેલા, કેબી અંધારિયા, રણજીત વાળા, જીતુ વોરા, એચએમ ચારણીયા, કિશોર વેલારી તેમજ આમંત્રિત કલાકારો મયુરભાઈ વાઘેલા, અનિષાબેન ડેરૈયા, હર્ષદ અંજારા, વિપુલભાઈ સાંચીયા, સુરેશભાઈ ચારણીયા દ્વારા હિન્દી ગુજરાતી ગીતો રજૂ કરેલ અને નિવૃત્ત પોલીસ અધિકારીઓએ સમૂહમાં રાસ ગરબા રમવાનો આનંદ પણ માણેલ. કાર્યક્રમનું આયોજન નિવૃત્ત ડીવાયએસપી એનબી જાડેજા તથા પીએમ સરવૈયાના માર્ગદર્શન હેઠળ નિવૃત્ત પીઆઈ એલડી વાઘેલા, પીજી સરવૈયા તથા અશોકભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવેલ હતું.

# મહુવા તાલુકાની કુંભણ કેન્દ્રવર્તી શાળામાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



'અવસર લોકશાહીનો' અંતર્ગત મહુવા તાલુકાની કુંભણ કેન્દ્રવર્તી શાળામાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં આંગણવાડી કાર્યકર બહેનો, આશા વર્કર બહેનો, શાળાના બી. એલ. ઓ. શિક્ષક ભાઈઓ બહેનો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શાળાના બી.એલ.ઓ. રણછોડભાઈ, જયભાઈ, વિશાલભાઈ, રમેશભાઈ બારડ દ્વારા મતદાર જાગૃતિના સૂત્રો બોલાવ્યા હતા તેમજ મતદાન શપથ લેવડાવ્યા હતા.

# ગ્રીનસિટી દ્વારા આવતીકાલે તમામ દાતાઓના હસ્તે કરાશે વૃક્ષારોપણ

**કમીશ્નરની ઉપાધ્યાયની પ્રેરક હાજરીમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન**

ભાવનગર, તા.૨૭

ગ્રીનસિટી સંસ્થા છેલ્લા ૧૨ વર્ષોથી ભાવનગર શહેરને હરિયાળુ બનાવવા સતત પ્રયત્નશીલ છે. ગ્રીનસિટી દ્વારા આજ સુધીમાં ૪૭૦૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ થઈ ચૂક્યું છે અને હજુ સંસ્થાના આયોજન મુજબ આગામી પાંચ વર્ષોમાં કુલ ૧ લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ પૂરું કરવામાં આવશે. ગ્રીનસિટીનું આ ભગીરથ કાર્ય તેમના દાતાઓના ઉદાર હાથે દાન આપવાના કારણે જ શક્ય બન્યું છે.

શહેરને હરિયાળું બનાવવામાં ગ્રીનસિટીના તમામ ૨૫૦ જેટલા દાતાઓનો સિંહ ફાળો રહેલો છે. સંસ્થા પ્રત્યેનું દાતાઓનું આ ઋણ ચૂકવવા આવતીકાલે તા.૨૭ને રવિવારે સવારે ૧૦ વાગે વૈધ રસિકભાઈ શેઠ માર્ગ ઉપર તમામ દાતાઓના વરદ હસ્તે ૨૫૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવશે. તમામ દાતાઓને પ્રોત્સાહિત કરવા કમીશ્નર ઉપાધ્યાય ખાસ હાજરી આપશે અને તેમના હસ્તે પણ વૃક્ષારોપણ કરવામાં આવશે. આ ભવ્ય કાર્યક્રમમાં હાજર રહેવા ગ્રીનસિટીના દેવેનભાઈ શેઠએ તમામ દાતાઓને તથા શહેરના શ્રેષ્ઠિઓને અપીલ કરી છે.

# ચિન્મય મિશન ભાવનગર દ્વારા સુંદરકાંડ જ્ઞાનયજ્ઞનુ આયોજન

ભાવનગર, તા.૨૮

ચિન્મય મિશન ભાવનગર દ્વારા સુંદરકાંડ જ્ઞાનયજ્ઞનુ આયોજન કરવામાં આવ્યું છે જેમાં હનુમાનજીનું પાવન ચરિત્ર ધરાવતા સુંદરકાંડના શ્રવણ અને પાઠમા આધ્યાત્મિકતાના રહસ્યને ઓળખવાનો લાભ મળે છે. તુલસીદાસજી રચિત સુંદરકાંડના વેદાંતિક મર્મને સ્વામીની નિર્ગુણાનંદજી દ્વારા સમજવા માટે સુંદરકાંડ જ્ઞાનયજ્ઞમાં જોડાઈએ. આ કાર્યક્રમ તા. ૧થી ૮ મે સમય: સાંજે ૬થી ૭:૩૦ ચિન્મય મિશન ભાવાશ્રમ, અયોધ્યા નગરી, કાળીયાબીડ ભાવનગર ખાતે યોજાશે.પ્રવક્તા સ્વામીની નિર્ગુણાનંદજી, (અમદાવાદ) રહેશે.ભાવનગરની ધર્મપ્રેમી જનતાને પધારવા જણાવાયું છે. કાર્યક્રમની સુચારુ વ્યવસ્થા માટે પોતાનું રજીસ્ટ્રેશન નીચેની લીંક ઉપર કરવા જણાવાયું છે. https://forms.gle/T9P9xfzxtwguJ5do6 વધુ માહિતી માટે સંપર્ક ચિન્મય મિશન ભાવનગર.

# મહુવાના કોટીયાને આઝાદીના ૭ દાયકા બાદ એસટી સુવિધા મળતા ગામ લોકોએ ગોળ-ધાણા વહેંચ્યા

**અનેક રજૂઆતો બાદ બસ શરૂ થતાં ગામમાં ઉત્સવ જેવો માહોલ, તળાજા અને ઠળિયામાં અભ્યાસ માટે અપ-ડાઉન કરતા વિદ્યાર્થીઓ અને રત્નકલાકારો સાથે જ ગ્રામજનોને મળશે સુવિધા**

ભાવનગર, તા.૨૭

મહુવા તાલુકામાં આવેલ અને ભૌગોલિક દ્રષ્ટિએ ચાર તાલુકાના બોર્ડર પર વસેલ કોટીયા ગામને આઝાદીના સાત દાયકા બાદ આખરે એસ.ટી. બસની સુવિધા પ્રાપ્ય થઈ છે. આથી ગ્રામજનોએ એસ.ટી. બસની સુવિધાને આવકારી તેનું સામૈયુ કર્યું હતું અને ગામમાં ગોળ-ધાણા પણ વહેંચ્યા હતાં. ઉલ્લેખનીય છે કે, ખોબા જેવડા નાના ગામમાં ૮૦૦ લોકોની વસ્તી છે.

દેશ આઝાદ થયો તેને સાત દાયકા વિતી ચુક્યા હોવા છતાં હજુ પણ એવા ઘણાં ગામો છે જ્યાં સરકારની ઘણી સુવિધાઓ પહોંચી નથી. હજુ પણ જિલ્લામાં અનેક એવા ગામડાઓ છે જ્યાં સરકારી એસટી બસ પહોંચી નથી. આ સ્થિતિ વચ્ચે મહુવા તાલુકાના કોટિયા ગામે આઝાદીના ૭૭ વર્ષ બાદ પહેલીવાર એસટી બસ આવતા ગામના લોકોએ એસટી બસના સામૈયા કર્યા હતા અને ડ્રાઈવર કંડક્ટરનું સમ્માન કર્યું હતું.

મહુવા, પાલિતાણા, જેસર અને તળાજા એમ ચાર તાલુકાની બોર્ડપ પર આવેલું અને સત્તાવાર રીતે મહુવા તાલુકામાં આવતા કોટિયા ગામમાં આઝાદીના ૭૭ વર્ષ પછી આજે પહેલીવાર એસટી બસ આવતા ગામ લોકોએ એસટી બસનું સ્વાગત કર્યું હતું. જયારે તળાજા-કોટિયા રૂટની એસટી બસ ગામમાં ગામ લોકોએ એસટી બસના સામૈયા કર્યાં. કુંવારિકાઓ દ્વારા બસના સામૈયા કરાવ્યા બાદ બસના ડ્રાઈવર અને કંડક્ટર બંનેનું કંકુ-ચાંલ્લો તથા શાલ ઓઢાડીને સમ્માન કરવામાં આવ્યું તેમજ મોં મીઠું કરાવ્યું હતું. તેમજ ગામમાં ગોળ-ધાણા વેચવામાં આવ્યા હતા.

આ બસ કોટિયા ગામમાં સવારે ૧૦ વાગ્યા આસપાસ અને સાંજે પાંચ વાગ્યા આસપાર નિયમિત આવશે. આ બસ સેવા શરૂ થવાથી કોટિયા ગામથી તળાજા અને ઠળિયા ગામમાં અભ્યાસઅર્થે અપ-ડાઉન કરતા ગામના ૨૦થી ૨૨ વિદ્યાર્થીઓને તથા વ્યવસાયઅર્થે અપ-ડાઉન કરતા ગામના ૧૦થી ૧૨ રત્નકલાકારોને સુવિધાનો લાભ મળશે.

# તળાજા પંથકના ૯ વિદ્યાર્થીઓ ડિસ્ટ્રીક લેવલે ક્રિકેટમાં પ્રતિનિધિત્વ કરશે



તળાજા જેવા નાના સેન્ટર પર શરૂ કરવામાં આવેલી શિવ શક્તિ ક્રિકેટ એકેડમીએ સૌરાષ્ટ્ર ક્રિકેટ દ્વારા યોજવામાં આવેલા **Under-14 under-16 ŒÚkk under- 19** માટેના સિલેક્શનમાં એક જ એકેડમીના નવ જેટલા બાળકો સિલેક્ટ થતા તળાજા તાલુકાના ક્રિકેટ ઈતિહાસમાં સુવાસ ઉમેરાણી છે. **U-14** અને **U-16** માં ડિસ્ટ્રિક્ટ લેવલે આ વિસ્તારના બાળકો ક્રિકેટમાં પ્રતિનિધિત્વ કરશે એવું પ્રથમ વાર છે. તળાજા અને આજુબાજુના ગામડામાંથી મધ્યમ વર્ગના બાળકોની અથાગ મહેનત તથા કોચ ગુણુભાનું સચોટ અને અનુભવયુક્ત માર્ગદર્શન દ્વારા આ બાળકો સિલેક્ટ થયા છે. આ બાળકોમાં સરવૈયા અક્ષરાજ, સરવૈયા જયવીર ,પરમાર મિહિર, ભટ્ટ અર્ચિત, ભાલીયા પ્રકાશ, સરવૈયા પુષ્પરાજ, ઝાલા રુદ્ર, બારૈયા સોહમ, ભાલીયા વિશાલ. આ એકેડમીના બાળકો આગામી સમયમાં જિલ્લાની ટીમોમાં ભાગ લઈ ભાવનગરનું પ્રતિનિધિત્વ કરશે. તળાજા તાલુકાના સીઝન બોલ ક્રિકેટને જીવંત કરી ગુણુભા ગોહિલે રમત ગમત ક્ષેત્રે આ વિસ્તારમાં એક આદર્શ કાર્ય કર્યું છે.

# મોટીવાવડી ગામની આંગણવાડીમાં બાળકોને અપાતા ભોજનમાં ઈયળો નિકળતા ચકચાર

**માસુમ બાળકોના આરોગ્ય સાથે ચેડા**

## તંત્રની બેદરકારી સામે આવી, તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાનુ સીડીપીઓનુ આશ્વાસન

ભાવનગર,તા.૨૭

રાજય સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રો અને પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો માટે પૌષ્ટીક ખોરાક મળી રહે તેવા હેતુસર દરરોજ અલગ અલગ વાનગીઓ બનાવી બાળકોને આપવામાં આવતી હોય છે પરંતુ સ્થાનિક તંત્રાની બેદરકારીના કારણે ભોજનમાં ઈયળ જેવી જીવાતો નિકળતા બાળકોના આરોગ્ય સાથે ચેડા થઈ રહયા હોય જવાબદારો સામે કાર્યવાહી કરવા માંગ ઉઠી છે.

ગારિયાધાર તાલુકના મોટી વાવડી ગામે પ્લોટ વિસ્તારમાં આવેલ આંગણવાડી કેન્દ્ર-૧ માં અપાતા ભોજનમાં જીવાત હોય તેવો વિડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં તંત્રની બેદરકારી સામે આવી છે.

આંગણવાડી કેન્દ્રમાં બાળકોને અપાતા ભોજનમાંથી ઈયળ નીકળતા વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો અને આંગણવાડી કેન્દ્ર ખાતે પહોંચી રોષ વ્યકત કર્યો હતો. બાળકોને આપવા માટે બનાવેલ વઘારેલા ભાતમાં ઈયળો છે ત્યારે સવાલ એ થાય છે કે શું સંચાલકો કે રસોઈ બનાવનારને આ જીવાત નહિ દેખાતી હોય ?

આંગણવાડીમાં બાળકોને અપાતા વઘારેલા ભાતમાથી ઈયળ નીકળતા બાળકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થતા હોવાનું સામે આવતા જવાબદાર તંત્રની કામગીરી સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે.

આ અંગે ગારિયાધાર તાલુકાના સી.ડી.પી.ઓ નો ચાર્જ સંભાળતા ભારતીબેન પટેલે આંગણવાડીમાં જીવાત નિકળી તેની તપાસ કરવામાં આવશે અને જરૂર જણાએ કાયદેસર કાર્યવાહી કરાશે તેમ જણાવ્યું હતું.

# બુધસભા અને અમરેલીના કવિઓનું બાબાપુર ખાતે યોજાશે સંમેલન

ભાવનગર, તા.૨૭

આજે તા.૨૭ને શનિવારેના રોજ સાંજે ૪- વાગ્યે સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર ખાતે શિશુવિહાર બુધસભા ભાવનગર તથા રમેશ પારેખ સાહિત્ય વર્તુળ અમરેલી જિલ્લાના કવિઓના કાવ્યપાઠનો કાર્યક્રમ યોજાશે.

જેમાં અધ્યક્ષ તરીકે મનોહર ત્રિવેદી અતિથિ વિશેષ તરીકે સંજુ વાળા ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંયોજન અને સંકલન હરગોવિંદ પંડ્યા, કાલિન્દીબેન પરીખ, હરેશ વડાવિયા, ગોપાલ ધકાણ તથા ભાવનગરના હીનાબેન ભટ્ટ અને ડૉ.માનસીબેન ત્રિવેદી દ્વારા થઈ રહ્યું છે તેમજ આ સમગ્ર આયોજન કરનાર મંદાકિનીબહેન પુરોહિત સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુર તેમજ શિશુવિહાર સંસ્થાના ટ્રસ્ટી નાનકભાઈ ભટ્ટ, ભાવનગર તથા હરજીવન દાફડા,રમેશ પારેખ સાહિત્ય વર્તુળ, અમરેલી દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રયત્ન થઈ રહ્યા છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભાવનગરના ૧૫ કવિમિત્રો અને અમરેલીના ૨૦ કવિમિત્રોનો આજે બાબાપુર ખાતે કવિ સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

# સામાજીક સેવાઓમાં મોખરે રહેતા ભરત મોણપરાનું સત્કર્મ સન્માન સમિતિ દ્વારા સન્માન




સામાજીક કાર્યકર ભરત એ.મોણપરાનુ તા.૨૦-૦૪-૨૦૨૪ ના રોજ સત્કર્મ સન્માન સમીતી ભાવનગર દ્વારા શીશુવિહાર સંસ્થા ખાતે સન્માન પત્રક અને મોમેન્ટો અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યુ હતું. ભાવનગર શહેર અને જીલ્લામાં વરસોથી સંવાકીય પ્રવૃતિઓ નાતજાતના ભેદભાવ વગર ભરતભાઇ મોણપરા કરે છે. કોરાનાકાળમાં કોરાનાથી અવસાન પામેલઓના મૃતદેહોના અગ્નિ સંસ્કાર તથા બીનવારસી મૃતદેહોના અગ્નિ સંસ્કાર જેવી સેવાકીય પ્રવૃત્તિમાં ભરતભાઇ મોખરે છે. પૂર્વ મેયર બુધાભાઇ પટેલ. ડો નલીનભાઇ પંડીત,બબાભાઇ શાહ, નાનકભાઇ ભટ્ટના સહિતના મહાનુભાવોના વરદ હસ્તે ભરતભાઇ મોણપરાનુ સન્માન કરવામાં આવ્યુ હતું. સત્કર્મ સન્માન સમિતિના પરેશભાઇ ત્રિવેદી, બળદેવસિંહ ગોહીલ, ડો છાયાબેન પારેખ તથા ટીમે કાર્યક્રમનું આયોજન કરેલ.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## સૌરાષ્ટ્ર આસપાસ

### સદીઓ જૂની જૈન હસ્તપ્રતો

ભારતનો જ્ઞાન વારસો વિદેશમાં સચવાયેલો છે આપણા સદીઓ જુના હસ્તલિખિત ગ્રંથો જર્મની બ્રિટન જેવા દેશોની અંદર સચવાયેલા છે તેને સ્વદેશ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે આમાં એક મહત્વની વસ્તુ એ છે કે ૨૦૦૦ કરતા વધારે દુર્લભ જૈન ધર્મની હસ્તપ્રતોને પરત મેળવવા માટે ૨૦ વર્ષથી પ્રયાસો થઈ રહ્યા હતા તેને સફળતા મળી છે અને તેનો યસ ઇન્સ્ટિટયૂટ ઓફ જઈનોલોજીને ફાળે જાય છે. અતિ દુર્લભ ગણાય તેવી જૈન ધર્મની હસ્તપ્રતો બ્રિટનના વેલકમ ટ્રસ્ટ ફાઉન્ડેશન દ્વારા હાલ સાચવવામાં આવી રહી છે તેને પરત લાવવામાં આવશે.

વાઇબ્રન્ટ ગુજરાત માત્ર વેપાર ઉદ્યોગ

માટે જ નહીં પરંતુ ઉદારતા અને માનવતા માટે પણ જાણીતું છે. અહિંસા, માનવતાનું સૌથી મોટું સ્વરૂપ સૌ પ્રથમ જૈન તીર્થંકર દ્વારા અમલમાં લાવવામાં આવ્યું હતું. તેમના અનુયાયીઓની સૌથી વધુ સંખ્યા ગુજરાતમાં જોવા મળે છે. અહિંસાને જીવનશૈલી બનાવનારા લોકોમાં સૌથી મોટું નામ મહાત્મા ગાંધીનું છે. દલાઈ લામાએ પણ આ વાત સ્વીકારી છે. ગુજરાત દેશના મુખ્ય રાજ્યોમાંનું એક છે ગુજરાતમાં પાલીતાણા જૈન ધર્મનું સૌથી મોટું તીર્થ છે આ સિદ્ધ ક્ષેત્ર છે આ સિદ્ધ ક્ષેત્રની નજીક સોનગઢમાં પણ જૈન ધર્મના ખૂબ મોટા પ્રમાણમાં ધાર્મિક કાર્યો થઈ રહ્યા છે આ ઉપરાંત અયોધ્યાપુરમ પણ ભાવનગરની ધાર્મિક ભાવનામાં વધારો કરે છે ભાવનગરના ધાર્મિક દેરાસરોમાં સતત કોઈને કોઈ જૈન ધર્મને લગતા સરસ મજાના કાર્યો થઈ રહ્યા છે દાદા સાહેબ જેવા દેરાસર મોટા દેરાસર સહિતના તીર્થોમાં લોકો ધર્મ પ્રત્યે વધુ વળી રહ્યા છે. જૈન ધર્મના કારણે

શાકાહાર તરફ વળનારા લોકોની સંખ્યા વધુ છે અને આમાં સૌથી મોટો ફાળો જૈન સમુદાયનો રહ્યો છે. તેઓ લોકોને આ દિશામાં આકર્ષી કરી રહ્યા છે. તેમાં બીજી કડી ઉમેરવાનું કામ અમદાવાદના વતની ડો.જસવંત મોદી અને ઇન્સ્ટિટ્યુટ ઓફ જૈનોલોજી દ્વારા કરવામાં આવ્યું છે. ડો.મોદી અને તેમની ટીમે લંડન મ્યુઝિયમમાં રખાયેલી ૧૦૦ વર્ષ જૂની ૨૦૦૦થી વધુ અત્યંત દુર્લભ હસ્તપ્રતોના અધિકારો મેળવ્યા છે. લંડનના વેલકમ ટ્રસ્ટ ફાઉન્ડેશને ભારતના વિવિધ સ્થળોથી આ સ્ક્રિપ્ટો સાચવી રાખી હતી. તેને મેળવવાની પ્રક્રિયા છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહી હતી. આ હસ્તપ્રતો (હેન્ડસ્ક્રિપ્ટ) રાખવા માટે વ્યવસ્થા કર્યા બાદ તેને ભારતમાં લાવી શકાશે. હાલમાં, ઘણા દેશોના વિદ્વાનો આ સ્ક્રિપ્ટ પર સંશોધન કરી રહ્યા છે.

# મહારાજા શ્રીભાવસિંહજી-૨જા(ઇ.સ.૧૮૯૬-૧૯૧૯)

**મહારાજા તખ્તસિંહજીને ભાવસિંહજી ભગવતસિંહજી અને મંગળસિંહજી એમ ત્રણ રાજકુંવરો હતા**

**ભાવસિંહજીને તા. ૧૦-૦૨-૧૮૯૬ના રોજ રાજયાભિષેક કરી રાજયની સંપૂર્ણ સત્તા સોંપવામાં આવી હતી**

**જામનગરના રણજીતસિંહજી, કોટડા સાંગાણીના મૂળવાજી તેમની સાથે અભ્યાસ કરતાં હતા**

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

પ્રજાવત્સલ રાજવી તખ્તસિંહજીએ ઇ.સ. ૧૮૯૬માં માત્ર ૪૮વર્ષની ઉંમરે અચાનક હદય બંધ પડીજવાથી અનંતનીવાટ પકડી. મહારાજા તખ્તસિંહજીને ભાવસિંહજી, ભગવતસિંહજી અને મંગળસિંહજી એમ ત્રણ રાજકુંવરો હતા. ભાવસિંહજીનો જન્મ તા. ૨૫-૦૪-૧૮૭૫ સંવત ૧૯૩૧ ચૈત્ર વદ ૫, ને રવિવારે થયો હતો. તેમનું મોસાળ ગોંડલ હતું. ભગવતસિંહજીનો જન્મ ઓક્ટોબર ૧૮૭૮માં અને મંગળસિંહજીનો જન્મ ૩ જૂન ૧૮૮૧ના રોજ થયો હતો. મહારાજા તખ્તસિંહજીના અવસાન સમયે ભાવનગર રાજયનો વહીવટ કાઉન્સિલ પદ્ધત્તિથી ચાલતો હતો. યુવરાજ ભાવસિંહજીની ઉંમર ૨૧વર્ષની હતી. તેથી ત્યારની પ્રણાલી મુજબ તે પુખ્ત વયના હતા. તેમનો તા. ૧૦-૦૨-૧૮૯૬ના રોજ રાજયાભિષેક કરી રાજયની સંપૂર્ણ સત્તા સોંપવામાં આવી હતી. ઓગણીસમી સદીના અંતિમ વર્ષોમાં ભાવસિંહજી ગાદીએ આવ્યા. તેમના ભાઈ મંગળસિંહજીને મઢડા, કરદેજ અને ઢૂંઢસર ગામ ગરાસમાં અપાયા હતા.

તખ્તસિંહજીએ લોક્કલ્યાણના અનેક કામો કર્યા હોવાથી તેમના અવસાન સમયે રાજય તિજોરીમાં ફક્ત એક્તાલીશ રૂપિયા, મોતીની એક માળા હતી. તથા રાજય ઉપર લાખો રુપિયાનું કરજ હતું. આ રીતે ભાવસિંહજીને વારસામાં રાજયની તિજોરી ખાલી મળી હતી. તેથી તેમની સામે રાજયની આર્થિક સ્થિતિ મજબૂત કરવાની મુખ્ય જવાબદારી હતી. (૧૯૪૮માં ભાવનગર રાજય સૌરાષ્ટ્ર રાજયમાં ભળ્યું ત્યારે અઢાર કરોડ રૂપિયા રોકડા ઉપરાંત જુદાજુદા બીજા ફંડો તથા બીજી ઇસ્ક્યામતો સોપેલી.) તેમના ત્રેવીશ વર્ષના શાસનકાળ દરમિયાન તેમના સમયમાં રાજયની સામાજિક અને આર્થિક પરિસ્થિતિને ખુબજ અસર કરે તેવા મહત્વના પ્રસંગો-ઘટનાઓ બની હતી જેમકે (૧) સં.૧૯૫૬-ઇ.સ.૧૯૦૦ના વર્ષે દુષ્કાળ પડ્યો. જે ઇતિહાસના પાને છપ્પનિયા દુષ્કાળ તરીકે ઓળખાય છે. (૨) ઇ.સ.૧૯૦૩ના વર્ષે પ્લેગનો રોગચાળો અને (૩) ઇ.સ.૧૯૧૪ થી ૧૯૧૮ના વર્ષો દરમિયાનનું પ્રથમ જગતયુદ્ધ. આવા અનેક પડકારોની સામે પોતાના ૨૩વર્ષના શાસન દરમિયાન પોતે કુનેહપૂર્વક રાજય વહીવટ કરીને નામના મેળવી હતી.

ભાવસિંહજીના માતુશ્રી માજીરાજબા ગોંડલના રાજકુંવરી હતા. ભાવસિંહજીના જન્મ પછી તરત માતાનું અવસાન થયું હતું. તેથી તેમના ઉછેરની જવાબદારી તેમની નાનીમાં મોંઘીબાએ સ્વીકારી હતી. જેથી ભાવસિંહજીનો ઉછેર ભાવનગરના બદલે ગોંડલમાં થયો હતો. ભણવાની ઉંમર થતાં તેમને રાજકોટની રાજકુમાર કોલેજમાં પ્રવેશ અપાયો હતો. તેમના કંમ્પેનિયન ટ્યૂટર તરીકે પ્રભાશંકર નોકરીએ રહેલા. પ્રભાશંકરને એ નોકરીએ રાખવાની ભલામણ તે વખતના રાજકુમાર કોલેજના પ્રિન્સિપાલ ચેસ્ટર મોકનોટને કરી હતી. એ પ્રભાશંકરને રાજકોટની કાઠીયાવાડ હાઇસ્કૂલમાં ભણતા તયારથી ઓળખાતા હતા. ભાવસિંહજી સાથે જામનગરના પ્રિન્સ રણજીતસિંહજી (૧૮૭૨-૧૯૩૬) અને કોટડા સાંગાણીના યુવરાજ મૂળવાજી અભ્યાસ કરતાં હતા. ત્રણેક વર્ષ રાજકોટમાં કેળવણી મેળવ્યા પછી તેમણે ધારવાડમાં કોલ્હાપુરના રાજવી સાથે સ્ટુઅર્ટ ફ્રેઝરની ટ્યુટરશીપ અને ગાર્ડિયનશીપ (વાલીપણા) હેઠળ ઓફિસરશ્રી કર્નલ મેરી વેધરની દેખરેખ નીચે અભ્યાસ કર્યો હતો. મેરી વેધર બે વર્ષ પછી જતાં રહ્યા તેથી મહારાજા તખ્તસિંહજીએ યુવરાજ ભાવસિંહજીને રાજય ચલાવવાનો અનુભવ મળી રહે તે હેતુથી રાજયની વહીવટી કાઉન્સિલના કાઉન્સિલરો સાથે સામેલ કરી દીધા. તે સમયે લશ્કરી વિભાગના કાઉન્સિલર તરીકે કર્નલ હેરિસ નિમાયા હતા. એટલે ત્યારથી યુવરાજને મોટે ભાગે તેમની સાથે રાખવામાં આવતા. આમ ૨૧વર્ષની ઉંમર થઈ ત્યા સુધીમાં લગભગ બધા ખાતાની માહિતી અને અનુભવ તેમને મળી ગયો હતો. આમ ગાદીએ આવતા પૂર્વે આ રીતે મળેલો વહીવટી અનુભવ તેમને રાજ્ય સંભાળ્યા પછી ખુબ જ ઉપયોગી બન્યો, જે તેમની સફળ રાજકર્તા તરીકેની કારકિર્દી ઘડતરમાં અત્યંત ઉપયોગી સાબીત થયું.

ભાવસિંહજી બીજાની રાજવી તરીકેની સિદ્ધિઓ. જોઈએતો ભાવસિંહજી બીજા ગાદીનશી થતાં સાથેજ દરેક ક્ષેત્રે સુધારા કરી ભાવનગર રાજયને આધુનિક બનાવવાની ક્રિયાને જડપી બનાવી. રાજયની આર્થિક પ્રગતિને દુષ્કાળ, પ્લેગ, પહેલું જગતયુદ્ધ આવા બનાવો રાજયની પ્રગતિ માટે અવરોધક બન્યા, છતાં તેનો પ્લાનિગ અને ધીરજ પૂર્વક સામનો કરવા માટે રચનાત્મક અનેક પગલાં લઈ લોકોની આર્થિક તેમજ સામાજિક પ્રગતિ, વિકાસ, માનસિક સંતુલન તથા પરીવર્તન માટે રાજવીએ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે જુદા જુદા ક્ષેત્રે કરેલા કાર્યો અને લીધેલા પગલાથી રાજયની પ્રગતિ જાણી શકાય.

મહારાજા ભાવસિંહજી ચતુર રાજવી હતા. રાજયને પ્રગતિના માર્ગે લઈ જવા માટે રાજકીય બાબતોમાં પ્રથમ ધ્યાન આપવું જોઈએ તે પોતે જાણતા હતા. તેથી તેમણે સૌથી પ્રથમ વહીવટીતંત્રમાં પરીવર્તન કર્યું.: તે ગાદી સંભાળ્યા પહેલા વહીવટી કાઉન્સિલમાં સામેલ થયા હતા તેથી તેમને વહીવટમાં ક્યાં સુધારા કરવાની જરૂર છે તે ખ્યાલમાં આવ્યું હતું. તેથી તેમણે શરૂઆતમા જ વહીવટીતંત્રમાં સુધારા કરવાની પ્રક્રિયા હાથધરી. ઇ.સ. ૧૯૦૦ (સં.૧૯૫૬)માં અતિભયંકર દુષ્કાળ પડ્યો જેથી તેમની સુધારાની પ્રક્રિયાને થંભાવી દેવી પડી. અત્યાર સુધી ભાવનગર રાજયમાં કાઉન્સિલ પદ્ધતીથી વહીવટી માળખું ગોઠવાયેલું હતું. પરંતુ સદીની શરૂઆતમાં જ દુષ્કાળની ખરાબ અસરને લીધે કરકસરનાં ભાગરૂપે તેમની ઇચ્છા ન હોવા છતાં કાઉન્સિલ પદ્ધતિની જગ્યાએ પાછી દિવાની પદ્ધતિ દાખલ કરવી પડી. તે સમયના વાઈસરોય લોર્ડ કર્ઝન અને સૌરાષ્ટ્રના પોલિટિકલ એજન્ટ કર્નલ હંટર તેમના આ પગલાં સાથે સંમત હતા. આમ વહીવટી તંત્રમાં ફેરફાર કરી તખ્તસિંહજીના સમયના પ્રખ્યાત દીવાન ગૌરીશંકર ઓઝાના મોટા પુત્ર વિજયશંકરને (ઠરાવ નંબર ૭ તા. ૧૬-૦૧-૧૯૦૦ થી) કામચલાવ મુખ્ય દીવાનપદે નીમવામાં આવ્યા અને તેમની પાસેથી રૂ.૩૦ લાખની લોન રેલ્વેની આવકમાંથી ભરપાઈ કરી દેવાની શરતે લેવામાં આવી હતી. નાયબ દીવાન તરીકે રાજકોટના મુખ્ય વકીલ અને પોલિટિકલ ખાતાના સારા અભ્યાસી અને અનુભવી શ્રી હરિલાલ સવાઇલાલને નીમવામાં આવ્યા. દીવાનના ન્યાયકીય મદદનીશ તરીકે તે સમયના સર ન્યાયાધીશ ઘેલાભાઈ જગજીવંરામને નીમવામાં આવ્યા. મહારાજા ભાવસિંહજીના હજુર સેક્રેટરી રતિલાલ છોટાલાલે નિવૃત્તિ લીધા પછી શ્રી પ્રભાશંકર પટ્ટણી જે પ્રાઈવેટ સેક્રેટરી હતા તેમને હજુર સેક્રેટરી તરીકે નીમવામાં આવ્યા.

રાજયના દરેક ખાતાનોનું ખર્ચ બની શકે તેટલું ઓછું કરવા માટે ત્રણ અધિકારીઓની એક સમિતિ નીમવામાં આવી હતી. તે સમિતિના અધ્યક્ષ તરીકે ઇંગ્લેન્ડથી ખાસ બોલાવવામાં આવેલા ભાવનગર રાજયના જૂના વહીવટદાર અને શુભેચ્છક એવા મિ.પર્સિવલને નીમવામાં આવ્યા હતાં તેમને ઘણો આગ્રહ કરવામાં આવ્યો હોવા છતાં તેમણે કાંઇપણ પગાર લીધાવીના આ કાર્યમાં મદદરૂપ થવાનું સ્વીકાર્યું હતું. મિ.પ્રોક્ટર સિમ્સ અને શ્રી પ્રભાશંકર પટ્ટણી તે સમિતિના બીજા બે સભ્યો હતાં. આ સમિતિની તપાસના પરિણામે રાજયનું બિનજરૂરી ખર્ચ ઓછું થઈ શક્યું હતું. આમ ૨૦મી સદીના પ્રારંભે ભાવનગર રાજયના વહીવટીતંત્રે આધુનિક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આંકડાકીય માહિતી વૈજ્ઞાનિક ઢબે એકત્રિત કરવાની તથા સર્વેક્ષણ કાર્ય કરવાની શરૂઆત થઈ ગઈ હતી. શિક્ષણ, આરોગ્ય, જાહેર બાંધકામ જેવા પ્રજાકલ્યાણલક્ષી વિભાગો સારી રીતે કામ કરતાં હતાં અને તેના કર્મચારીઓ પણ કાર્યદક્ષ હતાં. દીવાનની મદદમાં નાયબ દીવાન અને ન્યાયકીય મદદનીશ નીમવામાં આવ્યા હતાં. કારોબારી તથા ન્યાયતંત્રને જુદા રાખવાની પધ્ધતિ આ સમયમાં પણ ભાવનગર રાજયે ચાલુ રાખી હતી. ન્યાયતંત્રની ટોચે હજુર કોર્ટ હતી અને તેના વડા રાજવી પોતે હતાં. મોટાં શહેરોની સ્થાનિક સ્વશાસનની વ્યવસ્થા માટે સરકારી અને બિનસરકારી સભ્યોની દેખરેખ હેઠળ ચાલતી સુધારાઈઓ પણ હતી. મુંબઈ પ્રાંતનું અનુકરણ કરીને ભાવનગર રાજયે પણ વીસમી સદીના પ્રારંભથી રાજયનો વાર્ષિક એડમિનીસ્ટ્રેશન રિપોર્ટ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું હતું.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** આ અઠવાડિયે, તમારી અતિશય આહાર અને વારંવાર ખાવાની ટેવ તમને થોડી સમસ્યાઓ આપી શકે છે. તેથી, તમારા માટે આ આદતને વહેલી તકે સુધારવી અને તેને યોગ્ય રીતે લાવવી વધુ સારું રહેશે. ઉપરાંત, સ્વસ્થ રહેવા માટે, તમે નિયમિત કસરત પણ કરી શકો છો. જો તમે સટ્ટાબાજી અથવા શેર બજારમાં તમારા નાણાંનું રોકાણ કર્યું હોત, તો આ અઠવાડિયામાં તમને ખૂબ મોટી ખોટ થવાની સંભાવના છે. ઉપરાંત, એવી શક્યતા છે કે તે પૈસા પાછા મેળવવા માટે તમે તમારા વધુ પૈસા ખોટા કામમાં લગાવી શકો. તેથી, શક્ય તેટલું સટ્ટો લગાવવા જેવી ખોટી આદતોથી પોતાને દૂર રાખવા માટે, આ અઠવાડિયું તમારા માટે વધુ સારું રહેશે. આ અઠવાડિયે, પરિવારના સભ્યો સાથે બહાર જમવા અથવા મૂવી જોવાથી તમને આરામ મળશે અને તમને ખુશ રાખશે. ઉપરાંત, આ અઠવાડિયું તમને જોઈતા લોકો સાથે ભેટો વહેવારવા માટે વિશેષ સારું બનશે. આ અઠવાડિયા દરમ્યાન તમારી લવ લાઇફ ખૂબ સારી રહેશે, જેના કારણે તમે સમય સમય પર તમારા પ્યારુંને સારી ભેટ આપશો. તમારા દ્વારા કરવામાં આવેલા આ પ્રયત્નો તમારા પ્રેમી પર અસર કરશે અને તેમનું વલણ તમારા તરફ આગળ વધશે.

**વૃષભ - (બ, વ, ઉ)** આ અઠવાડિયે, તમારે દરરોજ વર્કઆઉટ, યોગ અથવા કસરતથી પ્રારંભ કરવો પડશે. આ સમય દરમિયાન, જો તમે તમારા પરિવારના સભ્યોને પણ પ્રોત્સાહિત કરો છો, તો પછી તમે તમારી જાતને અને તેમને સ્વસ્થ રહેવામાં સફળ થઈ શકો છો. કારણ કે સવાર એ સમય છે જ્યારે તમે પોતાને વિશે સારું લાગવાનું શરૂ કરીને, દિવસભર પોતાને સકારાત્મક રાખી શકો. તેથી તેને તમારી રૂટિનમાં શામેલ કરો અને નિયમિતપણે કરવાનો પ્રયાસ કરતા રહો. અઠવાડિયું તમારા માટે ખૂબ ફાયદાકારક નથી, તેથી તમારા ખિસ્સા પર નજર રાખો અને અતિશય ખર્ચ કરવાનું ટાળો. નહિંતર, નાણાકીય સંકટને લીધે, તમારે પરિવારના અન્ય સભ્યોમાં શરમ અનુભવી શકે છે. આ અઠવાડિયે, તમારા માતાપિતા અથવા તમારા અંગત જીવનમાં ભાઇ-બહેનો દ્વારા વધુ પડતી દખલ તમને તાણ આપી શકે છે. આ સમય દરમ્યાન તમારું વલણ તેમના પ્રત્યે ખૂબ ખરાબ રહેશે, જેના કારણે ઘરે તમારું સન્માન પણ ઘટશે. આ સમય લવ લાઇફનો સમય એકબીજા પરના તમારા વિશ્વાસને મજબૂત કરવા માટે આવશે. કારણ કે આ સમય દરમ્યાન તમારા જીવનસાથીને તમારી સામે પોતાનું મન બોલવામાં કોઈ તકલીફ થશે નહીં, જે તમને તેમના જીવન સાથે જોડાયેલા ઘણા રહસ્યો જાણવાની તક આપી શકે છે.

**મિથુન - (ક, છ, ઘ) :-** તમને ખ્યાલ આવશે કે જો તમારું સ્વાસ્થ્ય સારું છે, તો તમે જીવનના દરેક પાસાઓનો આનંદ લઈ શકો છો. આ સમયગાળા દરમિયાન, આ રાશિના મોટાભાગના લોકો, આ મુદ્દાને અનુસરે છે, તેમની ખરાબ ટેવો સુધારવા માટે પ્રયત્ન કરશે. આગામી સપ્તાહ રોકાણની દ્રષ્ટિએ ખૂબ સારો રહેશે. કારણ કે આ સમય દરમ્યાન તમે કરો છો તે દરેક રોકાણો તમને પછીથી પૂરતો નફો આપે તેવી સંભાવના છે. આ બનશે કારણ કે આ સમયે, તમારી સંપત્તિ અને નાણાંના માસ્ટર સકારાત્મક સ્થિતિમાં હશે. આ અઠવાડિયે, તમારા રમુજી સ્વભાવને લીધે, તમે તમારા ઘર-પરિવારના વાતાવરણને સામાન્ય કરતા વધુ ખુશ બનાવશો. ઉપરાંત, આ સમયે એક અદ્દભુત સાંજ માટે, તમારા કેટલાક સંબંધીઓ અથવા મિત્રો પણ તમારા ઘરે આવી શકે છે. આ અઠવાડિયે, જાહેર સ્થળોએ કોઈની છેડતી કરવાનું ટાળો, નહીં તો તમે ઝઘડો કરી શકો છો. પરિણામે, તમારી છબી ફક્ત ખરાબ જ નહીં, પણ તમે તમારી જાતને એક મોટા કાનૂની વિવાદમાં ફસાઈ જશો. તમારી રાશિના નિશાનીમાં મહત્તમ ગ્રહોની સ્થિતિ સૂચવે છે કે તમારામાંથી કેટલાકને આ સમયગાળામાં તમારી નોકરીમાં સ્થાનાંતરણ અથવા સારા ફેરફારની સંભાવના છે. જો કે, શરૂઆતથી, તમારે તમારા ઉપરી અધિકારીઓ સાથેનો સંબંધ સુધારવો પડશે.

**કર્ક - (ડ, હ) :-** તમારે આ અઠવાડિયામાં ખાસ કરીને આલ્કોહોલ અથવા અન્ય દવાઓનું સેવન કરવાનું ટાળવું જોઈએ. કારણ કે યોગ બની રહ્યા છે કે તેનાથી ફક્ત તમારા સ્વાસ્થ્યને જ નુકસાન થશે નહીં, પરંતુ તમારો તાણ પણ વધશે. આ અઠવાડિયે તમારે એવા મિત્રો અથવા સંબંધીઓથી દૂર રહેવાની જરૂર છે કે જે તમારો લાભ ઉઠાવતા, તમારો પૈસા બધા સમય ખર્ચ કરવાનો પ્રયાસ કરે. વળી, આ રાશિનો ધંધો કરનારા લોકોને પણ અઠવાડિયાના શરૂઆતના દિવસોમાં કોઈ પણ પ્રકારનું રોકાણ કરવાનું ટાળવું પડશે. એકંદરે, પૈસાના મામલા માટે સમય સારો છે, પરંતુ તમારી જાતને જાગૃત રાખતી વખતે તમારે થોડી વધુ કાળજી લેવાની જરૂર રહેશે. સંભવ છે કે ફોન અથવા સોશિયલ મીડિયા દ્વારા તમને કોઈ દૂરના સંબંધી તરફથી કોઈ દુખદ સમાચાર મળશે. આને લીધે તમારા માતાપિતા તેમજ તમને થોડી ગભરામણનો અનુભવ થઈ શકે છે. આવી સ્થિતિમાં, શરૂઆતથી જ દરેક પરિસ્થિતિ માટે તમારી જાતને તૈયાર કરો.

**સિંહ - (મ, ટ) :-** આ અઠવાડિયે, તમારા સ્વાસ્થ્ય પર વધારે પડતું નિર્ભર ન થાઓ અને તમારા સ્વાસ્થ્યને સુધારવાનો પ્રયાસ કરો. કારણ કે તમે પણ આ વાતને ખૂબ સારી રીતે સમજો છો કે નસીબ પોતે ખૂબ જ આળસુ છે. તેથી, સારા સ્વાસ્થ્ય તરફ પણ તમારા પ્રયત્નો રાખો. આ અઠવાડિયે તમને નવી નવી તકો અને રોકાણની ઘણી તકો મળશે. પરંતુ તમારે ધ્યાનમાં રાખવું પડશે કે પ્રત્યેક રોકાણો તમારી તરફ આવે છે, બેસો, તેમને વિગતવાર ધ્યાનમાં લો અને તે પછી જ તમે તે યોજનાઓનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી જ તમારા નાણાંનું રોકાણ કરો. આની મદદથી, તમે તમારી જાતને વિવિધ જોખમોથી સુરક્ષિત કરી શકશો. આ અઠવાડિયે શક્ય છે કે તમે પારિવારિક જીવનમાં સામાન્ય ફળ મેળવશો. કારણ કે આ સમયે પરિવારના નાના સભ્યો માટે, તમે ઘરે જતા સમયે ભાટ અથવા ખાવા માટે જઈ શકો છો. જેના દ્વારા તેઓ ખુશ થશે, સાથે સાથે પરિવારના અન્ય સભ્યો પણ આ કારણથી ખુશ જણાશે. મનમાં કામના દબાણ હોવા છતાં, આ અઠવાડિયે તમારી પ્રેમિકા તમને આનંદની ક્ષણો લાવશે. જેથી તે તમારી સાથે બહાર જવાની ઇચ્છા પણ વ્યક્ત કરી શકે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** આ અઠવાડિયામાં બધી સગર્ભા સ્ત્રીઓએ દૈનિક પ્રવૃત્તિઓ કરતી વખતે સાવધ રહેવાની જરૂર રહેશે. કારણ કે શક્ય છે કે જો તમે તમારી બેદરકારી તમને મુશ્કેલી આપવા માંગતા ન હો, તો જેના કારણે તમારો માનસિક તાણ પણ વધે છે, તમારે બે-ચાર રહેવું જોઈએ. આ અઠવાડિયે કોઈ નજીકના સંબંધીઓના ઘરે જવું તમારી આર્થિક સ્થિતિને બગાડે છે. કારણ કે શક્ય છે કે તેઓ તમારી પાસેથી કોઈ પ્રકારની આર્થિક સહાયની અપેક્ષા રાખે. આ અઠવાડિયે એવી આશંકા છે કે ભૂતકાળમાં પરિવાર સાથે કોઈ પ્રવાસ પર જવાનો કાર્યક્રમ ઘરના સભ્યની નબળી તબિયતના કારણે થોડા સમય માટે સ્થગિત થઈ શકે છે. આને લીધે તમે અને ઘરના બાળકો કંઈક નખુશ દેખાશે. ઘણી વાર આપણે આપણા જીવનસાથી સાથે ઘણી વાતો કરી શકતા નથી, તે વિચારીને કે તેમને સાંભળ્યા પછી તેને કેવું લાગે છે. પરંતુ આ સમયે આપણે સમજવાની જરૂર છે કે પ્રેમીએ આ પહેલાં કોઈ ત્રીજી વ્યક્તિ પાસેથી આ વસ્તુ જાણવી જોઈએ.

**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે તમે તમારી જાતને બીમારીનો અનુભવ કરી શકો છો. કારણ કે ક્ષેત્રમાં વધતા કામનું દબાણ અને બોજારૂપ કાર્ય તમને છેલ્લા કેટલાક અઠવાડિયાથી કંટાળી જશે, જેના કારણે હવે તમને મુશ્કેલી થશે. શક્ય છે કે તમે આ અઠવાડિયામાં એટીએમમાંથી પૈસા ઉપાડી શકો, પરંતુ કેટલાક કારણોસર પૈસા અથવા તમારું વોલેટ ખોવાઈ શકે છે. તેથી, આવી દરેક મુશ્કેલીઓ ટાળવા માટે, તમારે તમારી જાત સાથે સાવચેત રહેવાની જરૂર રહેશે. નહીં તો આ બાબતોમાં તમારી સાવચેતીનો અભાવ તમને મોટું નુકસાન પહોંચાડી શકે છે. તમે ઘણી વાર ઘરેલુ જવાબદારીઓથી ભાગતા જોવામાં આવશો, પરંતુ આ અઠવાડિયામાં આવું કરવું તમારા માટે ખૂબ મુશ્કેલ હોઈ શકે છે. કારણ કે કોઈપણ કિંમતે, આ સમય દરમિયાન, તમે ઘરને કારણે તમારી જવાબદારીઓથી છૂટકારો મેળવી શકશો નહીં, જેના કારણે તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. આ અઠવાડિયે તમે ઇચ્છો તો પણ તમારા પ્રેમીને મળવા માટે અસમર્થ હશો, જે તમારા બંનેના પ્રેમ અને રોમાંસને અવરોધે છે. આ પાછળનું કારણ તમારા બંનેના પરિવારની દખલ હોઈ શકે છે. જે લોકો તમારી રાશિની વિદેશી કંપનીમાં પહેલેથી જ કાર્યરત છે.

**વૃશ્ચિક - (ન, ય) :-** આ અઠવાડિયે તમે માનસિક શાંતિનો અભાવ અનુભવશો, જેનાથી તમારામાં કંઇક ખલેલ આવશે. આ કિસ્સામાં, પોતાને વધુ વિક્ષેપિત કરવાને બદલે, માનસિક શાંતિ મેળવવા માટે, ધર્મ અને ધર્મની પ્રવૃત્તિઓમાં, શક્ય તેટલું ભાગ લઈ, શક્ય તેટલું દાન અને સખાવતનાં કાર્યમાં ભાગ લેવો. કારણ કે આનાથી સમાજમાં તમારી સ્થિતિમાં વધારો થશે, પરંતુ તમે તમારી જાતને માનસિક તણાવથી પણ ઘણી હદ સુધી દૂર રાખી શકશો. આ અઠવાડિયે તે તમારા માટે ખૂબ મહત્વનું રહેશે, કે તમારી નજીકના લોકો પર, ભાવનાઓને લીધે તમારે એટલો ખર્ચ કરવો નહીં પડે, જેના કારણે તમારે પછીથી બે થી ચાર સમસ્યાઓનો સામનો કરવો પડશે. તેથી, તમારા માટે તમારા નાના ખર્ચો આ અઠવાડિયે ફક્ત અને માત્ર સાચા બજેટથી ખર્ચ કરવો વધુ સારું રહેશે. કારણ કે ફક્ત આ દ્વારા, તમે તમારા નાણાંની હદ સુધી બચાવી શકશો. આ અઠવાડિયે, તમે આધ્યાત્મિકતાનો સહારો લઈને તમારા પારિવારિક જીવનમાં ઘણી સમસ્યાઓ દૂર કરતા જોશો.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** તમારી રાશિના સ્વાસ્થ્યના દૃષ્ટિકોણથી, આ અઠવાડિયું સંપૂર્ણ રહેશે. કારણ કે આ સમય દરમિયાન તમારે કોઈ મોટી સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. આવી સ્થિતિમાં, આ સકારાત્મક સમયનો લાભ લઈને તમારા નજીકના લોકો સાથે તાજી હવાનો આનંદ લો. જો તમે સરકારી ક્ષેત્રે કામ કરી રહ્યા છો, તો પછી આ અઠવાડિયા તમારા માટે મહત્વપૂર્ણ અને સારા બનશે. કારણ કે આ સમયગાળા દરમિયાન તમને સરકાર તરફથી ફાયદા અને ઇનામ મળવાની સંભાવના રહેશે, જે તમને સારા સ્તરે નફો આપશે. આ અઠવાડિયે, કુટુંબના સભ્યની નોકરીને કારણે પરિવારની આવકમાં વધારો થવાના યોગ છે. જેનું મકાનનું નવીનીકરણ અથવા તેના નિર્ણયનો નિર્ણય, જે અગાઉ અટવાઇ ગયો હતો તે પૂર્ણ થઈ શકે તેવું ગણી શકાય. આ અઠવાડિયે, તમારા પ્રેમ સંબંધોને સુધારવા માટે, તમારે તે બધી ઇચ્છાઓને દૂર રાખવી પડશે, જેના કારણે તમને લાગે છે કે તમારો પ્રેમી તમારાથી દૂર થઈ શકે છે.

**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયે તમને મેદસ્વીપણા અથવા વજન વધવાની સમસ્યા થઈ શકે છે. આવી સ્થિતિમાં, નિયમિત કસરત અને યોગ દ્વારા, તમારે તમારું વજન જાળવી રાખવાની જરૂર છે. આ માટે તળેલી વસ્તુઓથી દૂર રહેવું. આ અઠવાડિયે તમારે બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખવાની જરૂર રહેશે. અન્યથા જરૂરિયાત સમયે તમારી પાસે પૈસાની અછત હોઈ શકે છે, જેના કારણે તમે ઉધાર પર પૈસા લઈને તમારી જાત પર વધારાના તાણનો ભાર વધારી શકો છો. આ અઠવાડિયે તમારે વાસ્તવિક વલણ અપનાવવાની જરૂર રહેશે. આ માટે, જો તમે મુશ્કેલીમાં છો, તો જ્યારે તમે કોઈની મદદનો હાથ લખો ત્યારે તમારે તેમની પાસેથી કોઈ ચમત્કારની અપેક્ષા કરવાનું ટાળવું પડશે. કારણ કે તમારે સમજવું પડશે કે અન્ય લોકો તમારી સાથે ઊભા છે, એવું નથી કે તમે તેમના કારણે મુશ્કેલીમાં છો. જો તમે તમારી લાગણીઓને પોતાના સુધી મર્યાદિત રાખશો, તો તે પ્રેમના સંબંધોમાં મુશ્કેલી .ભી કરી શકે છે. જો કે, તમે તમારી લાગણીઓને વ્યક્ત કરીને સંજીને ખુશ કરી શકો છો. જો જીવનસાથી ગુસ્સે છે તો સામાન્ય મિત્રની મદદથી તમે તેમને મનાવી શકો છો અને તમારા પ્રેમ જીવનમાં સકારાત્મકતા લાવી શકો

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** આપણું આરોગ્ય જીવનની વાસ્તવિક મૂડી છે, આ વસ્તુને આ અઠવાડિયામાં તમારા જીવનમાં અપનાવી લો, તમે તેને અમલમાં મૂકશો. જેના કારણે તમે ઘરે અને તમારા કાર્યસ્થળમાં વધુ સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા માટે, દરેક માનસિક તાણને બાયપાસ કરીને, લોકો સાથે ખુલ્લેઆમ મજાક કરશો. જેઓ હજી સુધી વિચાર કર્યા વિના પૈસા ઉડાવી રહ્યા હતા, તેઓને આ અઠવાડિયામાં ઘણા પૈસાની જરૂર પડી શકે છે. જેથી આ સમય દરમિયાન તમે સમજી શકો કે જીવનમાં પૈસાનું શું મહત્વ છે. તેથી તમારા ખર્ચ અંગેની તપાસ રાખીને જવાબદાર વ્યક્તિની જેમ વર્તે છે. પારિવારિક જીવન વિશે આ અઠવાડિયે, તમે ખુશ રહી શકો છો. કારણ કે યોગ કરવામાં આવી રહ્યા છે કે પરિવારમાં નવા વાહનની ખરીદી ઘરના વાતાવરણમાં સુસંગતતા લાવશે. આ ઉપરાંત, જો કોઈ સભ્ય ઘરે લગ્ન માટે પાત્ર છે, તો તેમના લગ્નની પુષ્ટિ મેળવીને, તમને સારી વાનગીઓ ખાવાની તક પણ મળશે. જો કે, આ સમયે તમે ઘરેલું પ્રવૃત્તિઓમાં ભાગ લેશો, જે તમને ઘરના અન્ય સભ્યો અને સંબંધીઓમાં માન આપશે.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** સારા સ્વાસ્થ્ય માટે તમે છેલ્લા અઠવાડિયામાં જે સખત મહેનત કરી હતી, આ અઠવાડિયામાં તેના કરતા ઓછા પ્રયત્નો કર્યા પછી જ તમને સ્વસ્થ જીવન મળશે. કારણ કે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સમયમાં, તમને ખૂબ નસીબ મળશે. આ અઠવાડિયે ડ્રાઇવિંગ કરતી વખતે વાહન ચલાવતા વાહનોએ વધુ કાળજી લેવાની જરૂર રહેશે. કારણ કે શક્ય છે કે તમે ટ્રાફિકના નિયમો જેમ કે ફોન ટોક, ઝડપી ગતિ વગેરેનું ઉલ્લંઘન કરશો, જેના માટે તમારે ભારે દંડ ભરવો પડશે. આ સિવાય નાણાંની ખોટની સાથે તમારે તમારો સમય બગાડવો પડી શકે છે. આ અઠવાડિયે, તમારે પારિવારિક બાળકો અથવા ઓછા અનુભવી લોકો સાથે વાતચીત દરમિયાન ધીરજ રાખવાની જરૂર છે. કારણ કે તેમની સાથે તમારા અભિપ્રાયના મતભેદો ઊભા થઈ શકે છે, જેના કારણે તમે અનિશ્ચિત ભાષા પણ વાપરી શકો છો, તમારો ધીરજ ગુમાવી શકો છો. આવી સ્થિતિમાં, પરિવારમાં તમારી છબીને નુકસાન થવાની સંભાવના રહેશે. તો હવે આવું કંઈ કરવાનું ટાળો. પ્રેમ સંબંધોમાં તમારા અસ્થિર સ્વભાવને લીધે, તમારે ન માંગતા હોવ તો પણ આ અઠવાડિયામાં તમારી પ્રેમિકા સાથે મતભેદ થઈ શકે છે. જેની સીધી અસર તમારા જીવનના જુદા જુદા ક્ષેત્રો પર જોવા મળશે અને તમે કોઈ પણ કામમાં તમારું મન મૂકી શકશો નહીં. આ અઠવાડિયે તમારી રચનાત્મક ક્ષમતામાં મોટો ઘટાડો જોવા મળશે, જેથી તમે મેઇલ, ઇન્ટરનેટ વગેરેના માધ્યમનો ઉપયોગ ન કરીને તમારા ઉપરી અધિકારીઓને ખુશ કરવામાં નિષ્ફળ થશો. આ ફક્ત તમારા પ્રમોશનને અસર કરશે નહીં.

## પાકિસ્તાન ભારત સામે ઘૂંટણિયે પડવા તૈયાર છે


# વેપારીઓએ વડા પ્રધાનને ભારત સાથે વેપાર વધારવા માટે વાતચીત શરૂ કરવા વિનંતી કરી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના વેપારી લોકોએ વડા પ્રધાન શહેબાઝ શરીફને ભારત સાથે વેપાર વધારવા માટે વાતચીત શરૂ કરવા વિનંતી કરી છે. તેમણે શરીફ સાથે સંવાદ સત્રમાં આ વિનંતી કરી હતી. વેપારીઓએ કહ્યું કે વેપાર શરૂ થયા બાદ રોકડની તંગીથી પીડિત પાકિસ્તાનની અર્થવ્યવસ્થાને ઘણો ફાયદો થશે. બુધવારે સિંધના સીએમ હાઉસમાં એક કલાક ચાલેલી બેઠક દરમિયાન ઘણા મોટા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. કરાચીના વેપારી સમુદાયે આર્થિક મુદ્દાઓને ઉકેલવા માટે વડાપ્રધાનના નિર્ધારની પ્રશંસા કરી પણ તેમને અર્થતંત્રની સુધારણા માટે રાજકીય સ્થિરતા લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ પણ આપી.

ડૉન અખબારે અહેવાલ આપ્યો છે કે, વડા પ્રધાને નિકાસ દ્વારા અર્થતંત્રને વેગ આપવાના માર્ગો શોધવા માટે વેપારી સમુદાય સાથે બેઠક યોજી હતી. જો કે, તેના નિર્ણયને ઉદ્યોગના લોકો તરફથી આશંકાઓનો સામનો કરવો પડ્યો. ઉદ્યોગના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે વર્તમાન સંજોગોમાં, ખાસ કરીને વધતા ઉર્જા ખર્ચ અને અસંગત સરકારી નીતિઓ સાથે વ્યવસાય કરવો "લગભગ અશક્ય" છે.

પીએમ શહેબાઝ શરીફ સાથેની



# મારુ ધ્યાન આઈપીએલ પર, પણ ટી૨૦ વર્લ્ડ કપમાં રમવા આતુર: ગિલ

મુંબઇ

બીસીસીઆઇ ટૂંક સમયમાં આઈપીએલ ૨૦૨૪ દરમિયાન ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી શકે છે. આવી સ્થિતિમાં દરેક ખેલાડી ટી-૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયામાં પસંદ થવા ઈચ્છે છે. જો કે આ વખતે જે ખેલાડીઓ આઈપીએલમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે, બીસીસીઆઈના પસંદગીકારો તેમને ટીમ ઈન્ડિયામાં તક આપી શકે છે. હવે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલે ટી૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયામાં પસંદગીને લઈને મોટી વાત કહી છે.

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં રમવા અંગે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલે કહ્યું કે મારું ધ્યાન આઈપીએલ પર છે, હું મારી ટીમ માટે સારું પ્રદર્શન કરવા ઈચ્છું છું. હું વિચારું છું કે મારી ટીમ માટે કેવી રીતે સારું કરવું, જેથી ટીમના બાકીના ખેલાડીઓ પણ મદદ કરી શકે. જો મારી ટી-૨૦ વર્લ્ડ કપ માટે પસંદગી કરવી હશે તો હું ચોક્કસપણે પસંદ કરીશ. એક ખેલાડી તરીકે દરેક વ્યક્તિ વર્લ્ડ કપમાં રમવા માંગે છે અને હું પણ મારા દેશ માટે આ કરવા માંગુ છું. હું ગયા વર્ષે વર્લ્ડ કપ રમ્યો હતો, મને પણ થોડો અનુભવ છે. તેમ છતાં, હું આટલું આગળ વિચારી રહ્યો નથી.

આઈપીએલ ૨૦૨૪માં ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન શુભમન ગિલ સારા ફોર્મમાં જોવા મળી રહ્યો છે. ગિલે અત્યાર સુધી ૯ મેચમાં ૧૪૬ના સ્ટ્રાઈક રેટથી ૩૦૪ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ૨૭ ફોર અને ૯ સિક્સર ફટકારી છે.

# આમિર ખાન એવોર્ડ ફંક્શનમાં કેમ નથી જતો?

## મારા બાળકો મારી વાત સાંભળતા નથી : આમિર

મુંબઈ,

બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાનની ફની સ્ટાઈલ હવે 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'માં જોવા મળશે. લાંબી રાહ જોયા બાદ આખરે આમિર ખાન કોમેડી શોમાં ગેસ્ટ તરીકે આવી રહ્યો છે. 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'નો નવો પ્રોમો સામે આવ્યો છે, જેમાં આમિર ખાન તેના બાળકો, એવોર્ડ શો, ફિલ્મો અને લગ્ન વિશે વાત કરતો જોવા મળી રહ્યો છે.

'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના પ્રોમોમાં આમિર ખાન કપિલ શર્મા અને તેની ટીમ સાથે ખૂબ જ મસ્તી કરતો જોવા મળી રહ્યો છે. ત્યારબાદ સવાલ-જવાબ દરમિયાન અર્ચના પુરણ સિંહ આમિરને પૂછે છે કે, આના પર આમિર ખાન કહે છે- 'સમય ખૂબ કિંમતી છે, તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.' આમિર પ્રોમોમાં કહેતો જોવા મળે છે કે, તેના બાળકો તેની વાત સાંભળતા નથી. આમિર કહે છે- 'આ આજે હું જે પહેરીને આવ્યો છું તેના વિશે એટલી લાંબી ચર્ચા થઈ હતી.' આમિરની વાત પર અર્ચના કહે છે - યાર, તમે વેલ ડ્રેસ્ડ છો. પછી આમિર કહે છે- જોકે, હું શોટ્ર્સમાં આવવાનો હતો પરંતુ તેમણે જીન્સ કહ્યું. કપિલે આમિરને પૂછ્યું- 'તમે એક ફિલ્મ બનાવી, અને તે એટલી સારી ન ચાલી.' આના પર આમિર કહે છે- 'તાજેતરમાં મારી છેલ્લી બે ફિલ્મો સારી નહોતી ચાલી.' આના પર કપિલ મજાકિયા અંદાજમાં કહે છે.

# T-20 ઈતિહાસમાં વર્લ્ડ રેકોર્ડ રન ચેઝ : પંજાબ કિંગ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને હરાવીને કર્યો ચમત્કાર

## અગાઉ ગયા વર્ષે દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડિઝ સામે ૨૫૯ રનના લક્ષ્યાંકને ચેઝ કર્યો હતો

મુંબઈ,

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં શુક્રવારની રાત રેકોર્ડબ્રેક રહી હતી. હોમ ગ્રાઉન્ડ પર પ્રથમ બેટિંગ કરતા કોલકાતાએ ૨૦ ઓવરમાં ૨૬૧ રન બનાવ્યા હતા. ટૂર્નામેન્ટની ૧૭મી સિઝનમાં ૭મી વખત ૨૫૦થી વધુ રનનો સ્કોર પાર કર્યો હતો. એટલું જ ઓછું નહોતું કે પંજાબે માત્ર ૧૮.૪ ઓવરમાં આ રેકોર્ડ સ્કોરને ચેઝ કર્યો હતો. જે્-૨૦ ઈતિહાસમાં સૌથી સફળ ચેઝ છે. આ મેચમાં કુલ ૪૨ સિક્સર ફટકારવામાં આવી હતી, જે T20 મેચમાં પ્રથમ વખત બની હતી. PBKS vs KKR મેચના ટોચના રેકોર્ડ્સ : પંજાબ કિંગ્સે જોની બેયરસ્ટોની સદી અને શશાંક સિંહની ફિફ્ટીની મદદથી ૧૮.૪ ઓવરમાં ૨૬૨ રનના સ્કોરને ચેઝ કર્યો હતો. કોઈપણ્ ૨૦ મેચમાં આ સૌથી મોટો રન ચેઝ છે. અગાઉ ગયા વર્ષે દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડિઝ સામે ૨૫૯ રનના લક્ષ્યાંકને ચેઝ કર્યો હતો. ત્યારે દક્ષિણ આફ્રિકાએ પણ ૧૯મી ઓવરમાં જ ટાર્ગેટ પુરો કરી લીધો હતો.



# વિકી કૌશલ કપાળમાં તિલક લગાવી અલગ જ અંદાજમાં જોવા મળ્યો

## 'છાવા'ના સેટ પરથી ફોટા વાયરલ થયા

મુંબઇ,

બોલિવૂડ એક્ટર વિકી કૌશલે તેની પ્રતિભા અને અદભુત એક્ટિંગ સ્કિલ્સને કારણે ખૂબ જ ઓછા સમયમાં ઈન્ડસ્ટ્રીમાં મજબૂત ઓળખ બનાવી છે. વિકી કૌશલ અત્યારે તેની આગામી ફિલ્મ છાવા માટે ખૂબ જ ચર્ચામાં છે. હવે 'છાવા'ના સેટ પરથી વિકી કૌશલના ડેશિંગ લુકની તસવીરો વાયરલ થઈ છે, વાયરલ ફોટામાં વિકી કૌશલ મોટી દાઢી અને લાંબા વાળ તેમજ ધોતી-કુર્તામાં અદભુત અવતારમાં જોવા મળી રહ્ય છે.

'છાવા'ના સેટ પરથી સામે આવેલી તસવીરોમાં વિકી કૌશલનો અવતાર જોવા જેવો છે. એક્ટર મોટી દાઢી, લાંબા વાળ, ગળામાં માળા અને ધોતી-કુર્તા પહેરીને જંગલમાં ફરતો જોવા મળે છે. વિકી કૌશલની તસવીરો 'છાવા'ના સેટ પરથી હોવાના કારણે ઈન્ટરનેટ પર હલચલ મચી ગઈ છે. દરેક વ્યક્તિ એક્ટરની અપકમિંગ ફિલ્મ અને તેના લુક વિશે વાત કરી રહ્યા છે.

અહેવાલો અનુસાર, વિકી કૌશલ ફિલ્મ 'છાવા'માં છત્રપતિ શિવાજી મહારાજના મોટા પુત્ર છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકા ભજવતો જોવા મળશે. જોકે, 'છાવા'ના પાત્ર અને સ્ટોરીને લઈને વિકી કૌશલ અથવા મેકર્સ તરફથી કોઈ પુષ્ટિ મળી નથી. વિકી કૌશલના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, એક્ટર છેલ્લે ફિલ્મ 'સામ બહાદુર'માં સિલ્વર સ્ક્રીન પર જોવા મળ્યો હતો.





# અમે ધનિક લોકો, ગરીબ દેશોની લીગમાં રમવા નથી જતા : વીરેન્દ્ર સહેવાગ

મુંબઇ,

એક જમાનામાં વિસ્ફોટક બેટિંગ માટે જાણીતો ભારતીય ઓપનર સેહવાગ નિવૃત્તિ બાદ તેની રસપ્રદ અને ચતુરાઈભરી બોલ્ડ કોમેન્ટ્સ માટે ભારે લોકપ્રિય બન્યો છે. શું આગામી દિવસોમાં ભારતીય ખેલાડીઓ વિદેશની લીગમાં રમતાં જોવા મળશે? તેવા ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વિકેટકિપર ગીલક્રિસ્ટના જવાબમાં સેહવાગે તીખો કટાક્ષ કરતાં કહ્યું હતુ કે, ના. અમારે તેની જરુર જ પડતી નથી. અમે તો ધનિક લોકો છીએ એટલે અમારે ગરીબ



દેશોની લીગમાં ભાગ લેવા માટે જવું પડતું નથી.

એક પોડકાસ્ટમાં ગિલક્રિસ્ટ અને સેહવાગ વચ્ચે વાતચીત થઈ હતી. સેહવાગે બિગ બેશ લીગમાં તેને થયેલી સાવ સાધારણ રકમ અંગેનો ઉલ્લેખ પણ કર્યો હતો. સેહવાગે કહ્યું કે, હું ત્યારે ભારતીય ટીમમાંથી પડતો મૂકાયો હતો અને આમ છતાં આઈપીએલમાં રમતો હતો.

આ તબક્કે બિગ બેશ લીગમાં રમવા માટે ઓફર મળી હતી. તેમણે ત્યારે મારી સમક્ષ એક લાખ ડોલરની ઓફર મુકી હતી. ૪૫ વર્ષના સેહવાગે હળવી શૈલીમાં જણાવ્યું કે, ત્યારે મેં તેમને કહ્યું કે, આટલી રકમ તો મારા એક વેકેશનની પાછળ ખર્ચી શકું તેમ છું.



# કરીના કપૂર દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા પહોંચી

## બિગ બી પણ અભિષેક સાથે જોવા મળ્યા

મુંબઈ,

કરીના કપૂર ખાન દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા બુધવારે સાંજે મુંબઈના ખાર વિસ્તારમાં ખાર જિમખાના પહોંચી હતી. ત્યાં દિવ્યાંગો માટે વ્હીલ ચેર દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કરીના કપૂર ત્યાં પહોંચી અને વિજેતાને એવોર્ડ પણ આપ્યો. આ પ્રસંગે તેમની સાથે સામાજિક કાર્યકર નિખિલ રૂપારેલ પણ હાજર રહ્યા હતા. આ સિવાય અમિતાભ બચ્ચન પુત્ર અભિષેક બચ્ચન સાથે શહેરમાં જોવા મળ્યા હતા. રશ્મિકા મુંબઈ એરપોર્ટ પર જોવા મળી હતી.

કરીના કપૂર કેઝ્યુઅલ આઉટફિટમાં ખાર જિમખાના પહોંચી હતી. તેમણે વિકલાંગોને પ્રોત્સાહિત કર્યા અને તેમની સાથે લાંબા સમય સુધી વાત પણ કરી. હાલના કામ વિશે વાત કરીએ તો, તેની તાજેતરની ફિલ્મ 'ક્રૂ'એ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી છે. આ ફિલ્મમાં તેની સાથે ક્રિતી સેનન અને તબ્બુ પણ જોવા મળી હતી.

અમિતાભ બચ્ચન પણ પુત્ર અભિષેક બચ્ચન સાથે શહેરમાં જોવા મળ્યા હતા. હંમેશની જેમ સફેદ કુર્તા સાથે સાલ રાખી હતી.રશ્મિકા પણ મુંબઈ એરપોર્ટ પર શાનદાર અને આરામદાયક અંદાજમાં જોવા મળી હતી. તે ટૂંક સમયમાં અલ્લુ અર્જુન સાથે 'પુષ્પા-૨'માં જોવા મળશે.

# ૩૦૦ રૂપિયાની ચોરી કરતા કેદીને ૫ મહિનાની સજા

## જેનો જેલમાં ખાવા પાછળ થનાર ખર્ચ રૂપિયા ૧ લાખ ૨૦ હજાર

નવીદિલ્હી,

તિહાડ જેલના મહાનિદેશક સંજય બેનીવાલે કહ્યું કે, લગભગ ૭૦૦ કેદીઓને હોટલ ઉદ્યોગમાં નોકરી મળી છે અને ૧૨૦૦થી વધારે બંદી જેલમાંથી બહાર આવ્યા બાદ વિવિધ ક્ષેત્રોમાં કામ કરવા માટે ટ્રેનિંગ પ્રાપ્ત કરી રહ્યા છે. પીટીઆઈ મુખ્યાલયમાં એજન્સીના સંપાદકો સાથે વાતચીતમાં ૧૯૮૯ બૈચના ભારતીય પોલીસ સેવાના અધિકારી બેનીવાલે કહ્યું કે, તેઓ એવા કેદીઓની દેખરેખથી ખુશ થાય છે, જેમને જેલની સજા કાપ્યા બાદ નોકરી મળે છે. ચંડીગઢના પોલીસ મહાનિદેશક રહી ચુકેલા બેનીવાલ નવેમ્બર ૨૦૨૨થી તિહાડ જેલમાં મહાનિદેશક તરીકે તૈનાત છે. તિહાડમાં પોતાના કાર્યકાળમાં જેલ સુધાર પર એક સવાલનો જવાબ આપતા બેનીવાલે કહ્યું કે, અમને જેલની અંદર શહેરી વિકાસ મંત્રાલયની મદદથી કૌશલ વિકાસ કાર્યક્રમ શરુ કર્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત લગભગ ૭૦૦ કેદીઓને હોટલ ઉદ્યોગમાં નોકરી મળી છે અને ૧૨૦૦ કેદી હોસ્પિટલમાં નોકરી માટે ટ્રેનિંગ લઈ રહ્યા છે. તિહાડ જેલમાં ક્ષમતાથી વધારે કેદીઓ હોવા સંબંધિત સવાલના જવાબમાં બેનીવાલે કહ્યું કે, વધારે જેલ બનાવવાનું કોઈ સમાધાન નથી. તિહાડમાં ૧૦,૦૦૦ની સ્વીકૃત ક્ષમતાની તુલનામાં ૨૦,૦૦૦ કેદી છે. દિલ્હીમાં ત્રણ જેલ પરિસર-તિહાડ, રોહિણી અને મંડોલી છે. તથા આ તમામમાં કેન્દ્રીય જેલ છે. તેમણે કહ્યું કે અન્ય વિકલ્પો અથવા દંડીત કરવાની વધુ સારી રીતે શોધી શકાય છે. બેનીવાલે એક ઉદાહરણ આપતા કહ્યું કે, હાલમાં એક યુવકને ખિસ્સાકાતરુના કેસમાં ૩૦૦ રૂપિયા ચોરવાના કેસમાં પકડ્યો, તેને તિહાડમાં લાવવામાં આવ્યો, જામીન મળ્યા ત્યાં સુધીમાં તે પાંચ મહિના સુધી જેલમાં રહ્યો. તેમણે કહ્યું કે, હું દરરોજ દરેક કેદી પર દરરોજ ૮૦૦ રૂપિયાનો ખર્ચ કરી રહ્યો છું. જેની કિંમત અમને દર મહિને લગભગ ૨૪,૦૦૦ રૂપિયા આવે છે. આ ૩૦૦ રૂપિયાની ચોરીની સજા માટે મેં તમારા પૈસા ખર્ચ કર્યા.

# ૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયામાં વિકેટકીપર બેટ્સમેન તરીકે ધોની ટીમ ઈન્ડિયામાં વાપસી કરશે એવી ચર્ચા

મુંબઇ,

આઈપીએલ ૨૦૨૪ ચાલી રહી છે અને ટૂર્નામેન્ટની અડધાથી વધુ મેચો રમાઈ ચૂકી છે. આ સિઝન દરમિયાન સૌથી વધુ ચર્ચા એ થઈ રહી છે કે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માટે ટીમ ઈન્ડિયામાં કોને સ્થાન મળશે ? ટૂર્નામેન્ટના શરૂઆતના કેટલાક દિવસો સુધી વિરાટ કોહલી ચર્ચાના કેન્દ્રમાં રહ્યો પરંતુ ધીમે-ધીમે વિકેટકીપરનો મુદ્દો ગરમાયો, જેના માટે ઘણા દાવેદારો હતા. હવે તેમાંથી કોને તક મળવી જોઈએ તે અંગે દરેકના અલગ-અલગ અભિપ્રાય છે. આ બધાની વચ્ચે અચાનક એમએસ ધોનીની ટીમ ઈન્ડિયામાં વાપસીનો મુદ્દો ઉભો થયો છે, જેણે એક નવી ચર્ચાને જન્મ આપ્યો છે. તો શું ચીફ સિલેક્ટર અજીત અગરકર ખરેખર કંઈક ચોંકાવનારું કામ કરવા જઈ રહ્યા છે?

ટીમ ઈન્ડિયા અને ચેન્નાઈ સુપર કિંગ્સના પૂર્વ કેપ્ટન ધોની આ દિવસોમાં આઈપીએલ ૨૦૨૪માં પોતાની પ્રતિભા બતાવી રહ્યો છે. ઘૂંટણની ઈજાની સમસ્યા હોવા છતાં, ધોની દરેક મેચમાં સંપૂર્ણ ૨૦ ઓવર માટે વિકેટકીપિંગ કરી રહ્યો છે, પરંતુ જ્યારે બેટિંગની વાત આવે છે, ત્યારે તે માત્ર છેલ્લી ૨-૩ ઓવરમાં જ આવે છે અને તેમાં પણ કમાલ બેટિંગ કરી રહ્યો છે, જેના કારણે હવે ટી ૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયામાં તેને સ્થાન આપવાની ચર્ચા શરૂ થઈ ગઈ છે. પરંતુ શું આ ખરેખર થશે? આ ચર્ચા કોણ કરે છે અને શા માટે?

ધોનીએ ૨૦૨૦માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તેણે છેલ્લે ૨૦૧૯ વર્લ્ડ કપની સેમી ફાઈનલમાં ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ત્યારથી, તે ફક્ત આઈપીએલમાં જ જોવા મળે છે, પરંતુ છેલ્લી સિઝનમાં અને ખાસ કરીને આ સિઝનમાં તેના પ્રદર્શને ચાહકોને ખુશ કરી દીધા છે. આવી સ્થિતિમાં, વિકેટકીપરને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે, શું ધોની નિવૃત્તિ છોડીને ટીમ ઈન્ડિયામાં વાપસી કરી શકશે? આ ચર્ચા ચર્ચાએ જોર પકડયું છે.



# કરોડોની રુપિયાની માલિક પ્રિયંકા ચોપરાનો પરિવાર પુણેમાં ભાડે રહેશે

પુણે,

પ્રિયંકા ચોપરાનો પરિવાર પુણેમાં એક ઘર ભાડે લીધું છે. જેના માટે દર મહિને લાખો રુપિયાનું ભાડું ચુકવશે. ચોપરા પરિવારે એક બંગલો ભાડે લીધો છે. અભિનેત્રીની માતા મધુ ચોપરા અને ભાઈ સિદ્ધાર્થ ચોપરાએ કંપની સાથે ડીલ પણ કરી લીધી છે.

આ સિવાય રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, દસ્તાવેજ અનુસાર બંગલાનું ભાડું ૨ લાખ રુપિયા દર મહિનાનું છે. રિપોર્ટ અનુસાર મધુ અને સિદ્ધાર્થએ ૨૧ માર્ચના રોજ પ્રોપર્ટી માટે રજીસ્ટ્રેશન કર્યું છે. તેમજ પુણેના આ બંગલા માટે ૬ લાખ રુપિયાની ડિપોઝીટ પણ જમા કરી દીધી છે. ચોપરા પરિવાર આ બંગલા માટે દરમહિને ૨.૦૬ લાખ રુપિયાનું ભાડું આપશે, આ બંગલો પુણેના કોરેગાવ પાર્કમાં આવેલો છે. બોલિવુડ અભિનેત્રી પાસે પુણેમાં ૨ પેન્ટ હાઉસ હતા. જેમને વેચી નાંખ્યા છે.

બોલિવુડમાં સફળ હોવાની સાથે હોલિવુડમાં પણ



પ્રિયંકા ચોપરાનું મોટું નામ છે. તમને જણાવી દઈએ કે, પ્રિયંકા ચોપરા એક સફળ બિઝનેસવુમન પણ છે. પ્રિયંકા ચોપરાની શેમ્પુથી લઈ કંડીશનર સુધી પ્રોડક્ટમાં લાબું લિસ્ટ છે. બોલિવુડમાં સફળ હોવાની સાથે હોલિવુડમાં પણ પ્રિયંકા ચોપરાનું મોટું નામ છે. તમને જણાવી દઈએ કે, પ્રિયંકા ચોપરા એક સફળ બિઝનેસવુમન પણ છે. પ્રિયંકા ચોપરાની શેમ્પુથી લઈ કંડીશનર સુધી પ્રોડક્ટમાં લાબું લિસ્ટ છે.

# ભાવનગરમાં તા.૫મી મેએ ૫૮૩૨ વિદ્યાર્થીઓ આપશે નીટની પરીક્ષા

**ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે ૧૬ કેન્દ્રો પર નીટની ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સહિતની ૧૩ ભાષાઓમાં કસોટી લેવાશે**

ભાવનગર, તા.૨૭
અંડર ગ્રેજ્યુએટ્સ માટે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET-UG) એ સમગ્ર ભારતમાં વિવિધ અંડર ગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટેનું એક પ્રવેશદ્વાર છે. નીટનું આયોજન ૫ મે, ૨૦૨૪ના રોજ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા કરવામાં આવશે. નીટ, ૨૦૨૪ની આ પરીક્ષા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા સહિતની કુલ ૧૩ ભાષાઓમાં લેવામાં આવશે. ભાવનગર શહેરમાં આ વર્ષે ૫ મેને રવિવારે નીટની કસોટી યોજાશે. ભાવનગરમાં કુલ ૫૮૩૫ વિદ્યાર્થીઓ શહેરના ૧૬ સેન્ટર ખાતે આ પરીક્ષા આપવાના છે. . ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મરાઠી, પંજાબી, તામીલ, તેલગુ, ઉર્દુ સહિત જુદી જુદી કુલ ૧૩ ભાષામાં પરીક્ષા લેવાશે.

ભાવનગર શહેર સહિત સમગ્ર દેશમાં આ પરીક્ષા લેવાશે. ૫ મેને રવિવારે બપોરના ૨થી સાંજના ૫.૨૦ કલાક સુધી આ કસોટી લેવાશે. આ માટે વિદ્યાર્થીઓને સવારના ૧૧થી બપોરના ૧.૩૦ સુધી સેન્ટરમાં પ્રવેશ આપવામાં આવશે.

ભાવનગરમાં આ પરીક્ષા સિલ્વર બેલ્સ પબ્લિક સ્કૂલ, અમરજ્યોતિ ઈન્ટરનેરશનલ સ્કૂલ, સારથિ વિદ્યાસંકુલ, ફાતિમા કોન્વેન્ટ પબ્લિક સ્કૂલ, વિશુદ્ધાનંદ વિદ્યામંદિર, પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, અમરજ્યોતિ સરસ્વતિ વિદ્યાલય, જ્ઞાનમંજરી ઈન્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, અમરજ્યોતિ ઈન્ટરનેશલન સ્કૂલ, જ્ઞાનમંજરી વિદ્યાપીઠ, સેન્ટ ઝેવિયર્સ પબ્લિક સ્કૂલ, સેન્ટ મેરિસ અંગ્રેજી સ્કૂલ, જ્ઞાનમંજરી સેકેન્ડરી હાયર સેકેન્ડરી સ્કૂલ, વિદ્યાધીશ સેકેન્ડરી હાયર સેકેન્ડરી સ્કૂલ, કેપીઈએસ સ્કૂલ તથા સહજાનંદ ઈન્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (અકવાડા)માં આ પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષાનું પરિણામ તા.૧૪ જૂનના રોજ જાહેર કરવામાં આવશે.ઓર્ગેનિક કેમેસ્ટ્રી, ઈન ઓર્ગેનિક કેમેસ્ટ્રી અને ફિજીકલ કેમેસ્ટ્રીનું વેઈટેજ લગભગ સમાન હોય છે. છેલ્લા બે-ત્રણ વર્ષથી નીટના વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. ધો.૧૨ સાયન્સના જે વિદ્યાર્થીઓ મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા હોય તેમના દ્વારા નીટની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# અકસ્માત કેસમાં અદાલતે ૧૮ લાખનો જપ્તી હુકમ કરતા શખ્સે ફોન પર આપી ધમકી

ભાવનગર, તા.૨૭
ત્રણ વર્ષ અગાઉ થયેલા અકસ્માતના કેસમાં અદાલતે રૂા.૧૮ લાખનો જપ્તી હુકમ કરતાં ઉશ્કેરાઇ ગયેલા શખ્સે ફોન કરીને ફરિયાદીને તને અકસ્માતમાં એક રૂપિયો આપવાનો નથી અને જો જપ્તી માટે મારા ઘરે આવ્યાં તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાતા બોરતળાવ પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના કુંભારવાડા, ગીરનાર સોસાયટીમાં રહેતા રણછોડભાઇ રૂપસંગભાઇ ચૌહાણે રામદેવસિંહ પ્રીવણસિંહ ગોહીલ સામે ફરિયાદ નોંધાવેલ કે વર્ષ ૨૦૨૧માં અકસ્માત થતાં ફરિયાદીએ પોલીસ કેસ કર્યો હતો અને તે કેસ અદાલતમાં ચાલી જતાં ન્યાયાધીશે ૧૮ લાખ ચૂકવવાનો આદેશ કર્યો હતો. આમ, જપ્તી હુકમ થતાં આરોપી ઉશ્કેરાઇ ગયો હતો અને તેણે તા.૧૫ અપ્રિલના રોજ ફરિયાદીને ફોન કર્યો હતો. ફોન કરનારા શખ્સે તેનું નામ રામદેવસિંહ ગોહીલ હોવાનું જણાવ્યું હતું અને ફોન પર જ ધમકી આપતાં કહ્યું હતું કે, મારા ઘરે જપ્તી માટે આવતા નહી. એક્સીડેન્ટમાં તમને એક રૂપિયો આપવાનો નથી.

જો તમે ઘરે આવશો તે જાનથી મારી નાંખીશ અને ત્યાર બાદ આરોપીએ ગાળો આપી હતી. આરોપીએ ફોન પર જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ગભરાઇ ગયેલા ફરિયાદીએ ફોન કાપી નાંખ્યો હતો. ફરિયાદીએ આ બાબતની જાણ તેમણે તેના પરિવારજનોને કરતા અને તમામે હિંમત આપતાં આખરે ફરિયાદીએ બોરતળાવ પોલીસમાં આરોપી સામે ફરિયાદ કરતાં પોલીસે આરોપી સામે ફોન પર જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનો ગુનો દાખલ કર્યો હતો.

# સિહોરમાં રહેણાંકીય વિસ્તારોની સ્ટ્રીટલાઈટ બંધ રહેતા અંધારપટ્ટ

**તંત્રની નિષ્ક્રિયતા સામે લોકો પરેશાન, ચોરી થવાનો પણ નાગરિકોને ડર**

સિહોર,તા.૨૭
સિહોર નગરપાલિકામાં વહિવટદારનું શાસન આવતા જનતાને અનેક પાયાના પ્રશ્નોની હાડમારી વેઠવી પડે છે. અનેક વિસ્તારમાં સ્ટ્રીટલાઇટો બંધ રહેતા શહેરમાં રાત પડતા કેટલાક વિસ્તારોમાં તો રીતસરના અંધારાના ઓળા ઉતરી આવતા હોય અંધારપટ્ટના કારણે સ્થાનિક રહિશોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો વખત આવ્યો છે.

સિહોર શહેરની જનતા પ્રાથમિક સુવિધાઓથી વંચિત જણાતા સ્થાનિક રહીશો જ નહિ પરંતુ બહારગામથી આવતા દર્શનાર્થીઓ, યાત્રિકો તેમજ પરપ્રાંતિય લોકોમાં નગરપાલિકાની કામગીરી સામે પ્રબળ કચવાટ વ્યાપેલ છે. જુના સિહોર શહેરના કેટલાક ગીચ રહેણાંકીય વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો ઘણા સમયથી બંધ થઈ જવા પામેલ છે. જે અંગે નગરપાલિકામાં રહિશો જયારે ફરીયાદ કરવા જાય છે ત્યારે સિહોર નગરપાલિકામાંથી એવો જવાબ આપવામાં આવે છે કે, સ્ટ્રીટલાઈટનો માલ સામાન હાજર સ્ટોકમાં નથી. જેથી સ્ટ્રીટલાઈટો બંધ રહે છે. આવા જવાબો મળતા હોય રહિશોમાં તંત્રની કાર્યપધ્ધતિ સામે રોષ વ્યાપેલ છે. એક બાજુ કાળઝાળ ઉનાળાની સીઝન શરૂ હોય દિવસ દરમિયાન ખુબ જ ધોમધખતી ગરમી પડતી હોય સરીસૃપ અને જીવજંતુઓ બહાર નિકળતા હોય ડંખ મારવાની ભીતિ સેવાઈ રહી છે. અનેક વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટ બંધ રહેતી હોય જેના કારણે ઉનાળાના દિવસોમાં રાત્રીના અને વહેલી સવારના વોકીંગ કરવા નિકળતા લોકોને તેમજ ખાસ કરીને વાહનચાલકોને અંધારપટ્ટના કારણે પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે.એટલુ જ નહિ અંધારપટ્ટના કારણે તસ્કરોને મોકળુ મેદાન મળી રહેલ છે. સિહોર નગરપાલિકાનું વહિવટીતંત્ર વહેલી તકે સ્ટ્રીટલાઈટનો માલસામાનનો જરૂરી સ્ટોક વસાવી શહેરમાં પુનઃ અજવાળુ કરે તેવી શહેરીજનોમાં પ્રબળ માંગ ઉઠવા પામેલ છે.

# પદ્મશ્રી જગદીશ ત્રિવેદીનાં "સન્માન બદલે સેવા" સુત્રને ચરીતાર્થ કરતો સર્વરોગ નિદાન કેમ્પ

**જગદીશ ત્રિવેદીને પદ્મશ્રી નિમિત્તે તેમના ચાહકો દ્વારા ૧૧ ગામમાં ૧૧ સર્વરોગ નિદાન કેમ્પ કરીને અનોખું સન્માન કરવાનો મનોરથ**

ભાવનગર, તા.૨૭
જાણીતા હાસ્યકલાકાર, લેખક અને સમાજસેવક ડો. જગદીશ ત્રિવેદીને પદ્મ પુરસ્કાર જાહેર થયા બાદ એમણે જાહેરાત કરી હતી કે તેઓ આજીવન ફૂલહાર, પુષ્પગુચ્છ, શાલ, મોમેન્ટો કે સન્માનપત્ર સ્વીકારશે નહીં પણ એમનું સન્માન કરવું હોય તો "સન્માન બદલે સેવા" કરો.

જગદીશ ત્રિવેદીના મૌલિક અને સમાજોપયોગી વિચારને એમના ચાહકો અને મિત્રોએ વધાવી લીધો હતો અને પદ્મશ્રી નિમિતે ગુજરાતના કુલ ૧૧ શહેરમાં ૧૧ સર્વરોગ નિદાન કેમ્પ કરવા અને એમાં દવા પણ તદ્દન મફત આપવી એવી જાહેરાત કરી હતી.

આ શૃંખલા અંતર્ગત પહેલો કેમ્પ દર્શન વિદ્યાલય- રતનપર, બીજો કેમ્પ સ્વામીનારાયણ વિદ્યાર્થીભૂવન-સુરેન્દ્રનગર, ત્રીજો કેમ્પ બ્રહ્મસમાજ બોટાદ તરફથી સંપન્ન થયા બાદ ચોથો કેમ્પ તા.૨૬/૪/૨૪ના રોજ પ્રથુગઢ ગામની સરકારી પ્રાથમિક શાળામાં થયો હતો. પાંચમો કેમ્પ વસાડવા ગામમાં ૨૯/૪ના રોજ થનાર છે. છઠ્ઠો કેમ્પ મે માસમાં મહુવા બ્રહ્મસમાજ દ્વારા થશે, સાતમો કેમ્પ રાજકોટ સર્જન ડોક્ટર્સ એશોશિએશન કરશે અને આઠમો કેમ્પ અણીન્દ્રા ગામમાં યોજાનાર છે. તા.૧૨/૧૦/૨૦૨૪ના રોજ જગદીશ ત્રિવેદીના જન્મદિવસે એમની રકતતુલા કરી ભવ્ય રક્તદાન કેમ્પ દ્વારા આ ૧૧ કેમ્પના અભિયાનની પૂર્ણાહૂતિ થશે.

પ્રર્થુગઢ ગામની સરકારી પ્રાથમિક શાળા સુરેન્દ્રનગર જીલ્લાની આદર્શ પ્રાથમિક શાળા છે. આ શાળાના આચાર્ય ચેતનભાઈ કાનાણી પહેલા મિલટ્રીમાં હતા એટલે એમનામાં સૈનિક જેવી શિસ્ત અને શિક્ષક જેવી નિષ્ઠા છે. એમણે



ચોથા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કર્યુ હતું.જેમાં દવા પણ નિશૂલ્ક આપવામાં આવી હતી. ડો. શ્યામ શાહના માર્ગદર્શન નીચે આઠ યુવાન ડોક્ટર્સની ટીમ સેવારત હતી.

આ પ્રસંગે સ્વામીનારાયણ વિદ્યાર્થીભૂવનના પૂજય મહાત્માસ્વામી, સુરેન્દ્રનગર-વઢવાણ સંયુક્ત નગરપાલિકાના ભૂતપૂર્વ પ્રમુખ વિરેન્દ્રભાઈ આચાર્ય, જાણીતા શિક્ષણવિદ ડો. એમ.યુ. ટમાલીયા, ઓશો ધ્યાનકેન્દ્રનાં સંચાલક જશવંત મહેતા તથા શહેરની સુપ્રસિદ્ધ દર્શન વિધાલયનાં સેવાભાવી સંચાલક મહેશભાઈ કાનાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં ભોજનની સેવા ગુરુકુળનાં સત્સંગીબંધુ ધીરૂભાઈ અને રાજુભાઈ તરફથી હતી.

# રાજકોટથી બે કલાકમાં અમદાવાદ પહોંચી જશો: રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ

**અમદાવાદની બદલે સાણંદ પાસેથી જ બાયપાસ ટ્રેક બનાવવાની કામગીરી ચાલી રહી છે, જે અંતર્ગત ભૂમિ અધિગ્રહણ બાબતે પણ કામકાજ ચાલી રહ્યું છે**



રાજકોટઃ કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ શુક્રવારના રોજ રાજકોટની એક દિવસીય મુલાકાતે છે. ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત સંવાદ વિકસિત ભારત @૨૦૪૭ કાર્યક્રમમાં અશ્વિની વૈષ્ણવે હાજરી આપી હતી. ત્યારે રાજકોટના ઉદ્યોગપતિઓ તેમજ પ્રબુદ્ધ નાગરિકો અને વિદ્યાર્થીઓ સાથે તેમણે વાતચીત કરી હતી. વાતચીત દરમિયાન તેમણે વિકસિત ભારત ૨૦૪૭ ના રોડ મેપને લઈને પણ સરકારની કામગીરી અંગે માહિતી આપી હતી. તો સાથે જ આગામી સમયમાં વંદે ભારત બાદ વંદે સ્લીપર અને વંદે મેટ્રો ટ્રેનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હોવાની વાત પણ જણાવી હતી. કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સંબોધનમાં આગામી સમયમાં રાજકોટથી વડોદરા જવા માટે અમદાવાદ નહી જવું પડે તે પ્રકારની માહિતી પણ તેમણે આપી હતી. આ અંગે વાતચીત કરતા અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, રાજકોટથી વડોદરા જવા માટે અમદાવાદની બદલે સાણંદ પાસેથી જ બાયપાસ ટ્રેક બનાવવાની કામગીરી ચાલી રહી છે. જે અંતર્ગત ભૂમિ અધિગ્રહણ બાબતે પણ કામકાજ ચાલી રહ્યું છે. આગામી સમયમાં ટ્રેનની સ્પીડ પણ વધારવા કામગીરી હાથ ધરવામાં આવનાર છે. રાજકોટથી અમદાવાદ સુધીની યાત્રા માત્ર બેથી સવા બે કલાકમાં પૂર્ણ થાય તે બાબતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સૂચના આપવામાં આવી છે.

## બાળકોના કપાયેલાં હોઠ, તાળવામાં કાણાંના ઓપરેશનનો નિઃશુલ્ક કેમ્પ

ભાવનગર,તા.૨૭
ભાવનગરની PNR સોસાયટી અને ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે.ના આર્થિક સહયોગથી તા.૧-૫-૨૪ બુધવારથી તા. ૩-૫-૨૪ શુક્રવાર સુધી ૧૫૫મા જન્મજાત ખામીની તપાસ-સારવાર-ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મુંબઈનાં જાણિતા પ્લાસ્ટિક સર્જન ડો. નરેશભાઇ વાઘવા બાળકોના કપાયેલાં હોઠ, તાળવામાં કાણાં, મૂત્રનલિકાને લગતી જન્મજાત ક્ષતિનાં ઓપરેશન કરશે. જરૂરતમંદ લાભાર્થી આ નિઃશુલ્ક ઓપરેશન માટે પી.એન.આર. હોસ્પિટલ, અંધઉદ્યોગ શાળા કેમ્પસ, વિદ્યાનગર, ભાવનગર ખાતે સવારે ૯ થી ૬ કલાકે દરમિયાન રૂબરૂ અથવા મોબાઈલ નં. ૮૮૬૬૨૨૯૯૨૧ ઉપર નોંધાવી શકાશે.

# શિશુવિહારમાં યોજાયેલ નેત્રયજ્ઞમાં ૭૩ દર્દીઓની વિનામૂલ્યે સારવાર



ભાવનગર, તા.૨૭
શિશુવિહાર સંસ્થામાં વડીલોની સ્મૃતિમાં ૪૮૪મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ ભાવનાબહેન જાગ્રતભાઈ ભટ્ટના સૌજન્યથી યોજાય ગયો. તેમજ સ્વ. ચંદ્રશંકરભાઈ મોરારજીભાઈ મહેતાના સ્મરણાર્થે ૪૮૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તા.૨૬ એપ્રિલનાં રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો હતો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૭૩ દર્દીઓની આંખ તપાસ ડૉ હિરવા બહેન પટેલની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાત મંદ ૨૩ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે તેમજ દર્દીઓના ૧૬ સહાયકોને ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા. દર્દી દેવોભવની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

# બે યુવાનની હત્યાના પ્રકરણમાં સીટ પાસે તપાસ કરાવવા માગણી


રાજકોટ,તા.૨૭
રાજકોટના માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં બે યુવાનના કસ્ટોડિયલ ડેથ પ્રકરણમાં મૃતકોના પરિવારોને ન્યાય અપાવવા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી સીટ પાસે તપાસ કરાવવાની માગણી સાથે મૃતકના પરિવારજનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.આવેદનમાં એવી રજૂઆત કરી હતી કે, માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં આરોપી ન હોવા છતાં દલિત સમાજના યુવાન હમીરભાઇ દેવાભાઇ રાઠોડને પોલીસ દ્વારા માર મરાતા તેમનું મોત નીપજ્યું હતું. રાજકોટ પોલીસ દ્વારા ૨૪ કલાકમાં આરોપીની ધરપકડની બાંહેધરી અપાયા બાદ સાતમા દિવસે આરોપી અશ્વિન કાનગડ પોલીસમાં હાજર થયાના સમાચાર મળે છે. ત્યારબાદ રાજુભાઇ સોલંકીએ પણ હોસ્પિટલમાં સારવાર દરમિયાન જીવ ગુમાવતા દલિત સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.આપ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છો તેથી દલિતોની હત્યા થાય તો પણ આપને મળવાનો સમય હોતો નથી.

## ભાવનગરમાં બે સદગતના પાર્થિવ દેહનું કરાયું દેહદાન

ભાવનગર,તા.૨૭
ભાવનગર નિવાસી જાનાબેન માવજીભાઈ ગોહિલ (ઉં.વ.૬૮)નું તા.૨૩ના રોજ અવસાન થતા સદગતની ઈચ્છા અનુસાર તેમના કુટુંબીજનોએ દેહદાનનું પુણ્ય કાર્ય કર્યું હતું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ચક્ષુદાન દેહદાન વિભાગ દ્વારા અનમોલ દેહદાનનો સ્વીકાર કરી તેમના પાર્થિવ દેહને પારૂલ યુનિવર્સિટી, વડોદરા વાઘોડિયા ખાતે તબીબ વિજ્ઞાન ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મહાવરા તથા સંશોધન લાભાર્થે પહોંચાડવામાં આવેલ. જ્યારે ભાવનગર ગૌસ્વામી મહેશગીરી રમણગીરી (ઉં.વ.૭૬)નું તા.૨૬ના રોજ અવસાન થતા સદગતની ઈચ્છા અનુસાર તેમના કુટુંબીજનોએ દેહદાનનું પુણ્ય કાર્ય કર્યું હતું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ચક્ષુદાન દેહદાન વિભાગ દ્વારા અનમોલ દેહદાન નો સ્વીકાર કરવામાં આવ્યો તેમજ આ પાર્થિવ દેહને ડૉ. વિરેન્દ્ર.એચ. દવે હોમિયોપેથી મેડિકલ કોલેજ ખાતે તબીબ વિજ્ઞાન ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મહાવરા તથા સંશોધન લાભાર્થે પહોંચાડવામાં આવેલ. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા રેડ ક્રોસ ભવન દિવાનપરા રોડ. ભાવનગર ખાતે ૨૪ કલાક દરમિયાન ચક્ષુદાન દેહદાનની સેવાઓ આપવામાં આવે છે. જેના ફોન નંબર (૦૨૭૮) ૨૪૨૪૭૬૧/ ૨૪૩૦૭૦૦. તેમજ મો - ૯૪૨૯૪૦૬૨૦૨ ઉપર સંપર્ક કરી શકાય છે.

# સસ્તા અનાજના દુકાનદારોનું આંદોલનનું રણશીંગુ: રાજ્યની ૧૭ હજાર દુકાનોમાં જથ્થો અપૂરતો-અનિયમિત પહોંચે છે

રાજકોટ,તા.૨૭
રાજકોટમાં ૭૫૦ સહિત રાજ્યભરમાં ૧૭,૦૦૦ સસ્તા અનાજના દુકાનદારો છે. જ્યાં સસ્તા અનાજનો અધૂરો અને અનિયમિત જથ્થો પહોચાડવામાં આવતા સસ્તા અનાજના દુકાનદારોએ રાજ્યના પુરવઠા મંત્રીને રજૂઆત કરી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, એડવાન્સ જથ્થાની પરમિટ સમયસર જનરેટ થતી નથી. નાગરિક પુરવઠા નિગમમાં એમડી કાયમીને બદલે ચાર્જમાં છે. એક જિલ્લામાં ફૂડ સેફટીની તપાસણીમાં ફેઇલ થયેલો જથ્થો અન્ય જિલ્લામાં પાસ કરાવી વિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત ઘઉં-ચોખામાં નિયત વજન મળતું નથી. તહેવારો તેમજ લોકસભાની ચૂંટણી વખતે જ પુરવઠાનો પૂરતો જથ્થો ન ફાળવવામાં આવતા સરકાર સામેનો રોસ વધી જાય છે. ત્યારે જો ઉપરોક્ત તમામ મુદ્દાઓનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો ચૂંટણી બાદ સરકાર સામે આશ્ચર્યજનક આંદોલન કરવામાં આવશે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હાલમાં ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસોસિએશન પૂરવઠા નિયામકને રજૂઆત કરવા માટે ગાંધીનગર વડી કચેરીએ ગયા છે.ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસોસિએશન દ્વારા અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાને લેખિત રજૂઆત કરતા જણાવ્યુ હતું કે, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થો આપવાનું કાર્ય ગુજરાતના લગભગ ૧૭,૦૦૦ સસ્તા અનાજના દુકાનદારો બેખૂબીથી નિભાવી રહ્યા છે. આ દુકાનદારોને દુકાન ચલાવતા પડતી વિવિધ મુશ્કેલીઓ અને તેમના વ્યાજબી પ્રશ્નો અને માગણીઓને સરકારમાં વાચા આપવા માટેનું કાર્ય ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસિએશન (કે



જે ટ્રેડ યુનિયન એક્ટ ૧૯૨૬ તારીખ ૧૨-૧૦-૨૦૧૯ના રોજ રજીસ્ટ્રેશન નંબર જી ૬૬૫૨થી નોંધાયેલ છે) કરી રહ્યું છે. પરંતુ અનેક રજૂઆતો છતાં દુકાનદારોની સ્થિતિ આજે પણ દયનીય છે.રજૂઆતમાં જણાવ્યું હતું કે, પૂરવઠા નિગમ છેલ્લા ૪ વર્ષથી તેની નૈતિક અને કાયદાકીય જવાબદારી નિભાવમાં સંપૂર્ણ નિષ્ફળ ગયેલ છે. ગુજરાતનો દુકાનદાર આજની તારીખે પુરવઠા નિગમના પાપે ઘણી બધી યાતનાઓ ભોગવી રહ્યો છે. ૨૦૧૮થી આધાર આધારિત વિતરણનો નિયમ અમલમાં લાવતા દુકાનદારોને મળતા જથ્થાની સાયકલ ૪૫ દિવસની કરવામાં આવી હતી અને એ મુજબ આ કામગીરી સરળતાથી ચાલતી હતી. પરંતુ નાગરિક પુરવઠા નિગમમાં એમડી તરીકે કાયમી અધિકારીના બદલે લાંબા સમયથી ચાર્જમાં નિમણૂક આપીને નિગમનો વહીવટ ચલાવવામાં આવતો હોવાથી નિગમ તેની જવાબદારી સમયસર પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું છે. એક બાજુ લાંબા સમયથી એસોસિએશન જથ્થાની ૩૦ દિવસની સાઈકલ માટે સતત રજૂઆત કરી રહ્યું છે.

# આજથી બે દિવસ નાઈટ ટ્રેકિંગનો આનંદ માણશે સ્કાઉટ ગાઈડ બાળકો

**મોડી રાત્રે કુડાથી કોળીયાક દરિયા કિનારે બે દિવસ બાળકો ટ્રેકિંગ કરશે**

ભાવનગર,તા.૨૭
ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા પ્રતિવર્ષ બાળકોમાં સાહસવૃત્તિ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતતા આવે તેવા આશયથી નાઈટસી ટ્રેકિંગનું આયોજન કરવામાં આવે છે જેના ભાગરૂપે તારીખ ૨૭ અને ૨૮ શનિ-રવિ કુડા થી કોળીયાક નાઈટ ટ્રેકિંગનું આયોજન સ્કાઉટ ગાઈડ અને રોવર રેંજર માટે કરવામાં આવેલ છે બસ દ્વારા કુડા લઈ જઈ જ્યાં મંદિર પરિસરની સફાઈ, બીચ પરની સફાઈ, મેદાની રમતો, ગીતો, હર્ષનાદનો સ્કાઉટ ગાઈડ આનંદ મળશે ત્યારબાદ રાત્રે સમૂહ ભોજન અને કેમ ફાયર કરશે ભાવનગર લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા તારા દર્શન કરાવવામાં આવશે અને મોડી રાત્રે કુડાથી કોળીયાક દરિયા કિનારે ટ્રેક કરી અને સ્કાઉટ ગાઈડ પહોંચશે જ્યાં રાત્રિ આરામ કરી વહેલી સવારે સૂર્ય નમસ્કાર યોગાસન અને હળવી કસરતો કરી સૂર્યોદયનો આનંદ માણસે બીચની સફાઈ કરશે અને બસ દ્વારા ભાવનગર પરત આવશે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા મંત્રી અજયભાઈ ભટ્ટના માર્ગદર્શનમાં સિનિયર સ્કાઉટ ગાઈડ રોવર રેંજર ઉઠાવી રહ્યા છે.

# પશ્ચિમ બંગાળના મંત્રીઓ કેન્દ્રના પૈસા ખાય છે: મોદીએ માલદામાં કરી ગર્જના

## ટીએમસી અને કોંગ્રેસ તુષ્ટિકરણની રાજનીતિ કરી રહ્યા છે



કોલકતા,

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા (લોકસભા ચૂંટણી ૨૦૨૪) માટે ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના માલદામાં ચૂંટણી રેલી યોજી હતી. આ દરમિયાન તેમણે પશ્ચિમ બંગાળ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કેન્દ્રના પૈસા રાજ્ય સરકારના મંત્રીઓ જ ખાય છે. ઝછછછ એ નાગરિકતા છીનવવાનો કાયદો નથી પરંતુ નાગરિકતા આપવાનો કાયદો છે. પરંતુ તેમ છતાં ટીએમસી જાણીજોઈને અફવાઓ ફેલાવી રહી છે. આ છે ભારત ગઠબંધનનો અસલી ચહેરો.

પીએમ મોદીએ કહ્યું, ચાલો હું તમને આ ગઠબંધન વિશે એક અન્ય સત્ય જણાવું. આ ગઠબંધનના લોકો મહિલાઓ, આદિવાસીઓ અને ગરીબો વિરુદ્ધ ખતરનાક કાયદો બનાવવા માંગે છે. આ કાયદા હેઠળ દરેકની સંપત્તિની તપાસ કરવાની જાહેરાત કરવામાં આવી છે. કોંગ્રેસ તેના કબજામાં જે પણ પૈસા, સોનું અને ચાંદી છે તે કબજે કરવા માંગે છે. અને તેનો એક ભાગ વહેંચવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યું કે આ જાહેરાત કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે પરંતુ જુઆ TMCના લોકો એક શબ્દ પણ બોલતા નથી.

# વડાપ્રધાન એટલા નર્વસ થઈ ગયા છે કે થોડા જ દિવસોમાં તેઓ સ્ટેજ પર જ રડી પડ્યા : રાહુલ

બીજાપુર,

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કર્ણાટકના બીજાપુરમાં એક રેલીમાં ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે આજકાલ નરેન્દ્ર મોદી તેમના ભાષણ દરમિયાન ખૂબ જ નર્વસ રહે છે. કદાચ થોડા દિવસોમાં તે સ્ટેજ પર આંસુ વહાવી શકે. નરેન્દ્ર મોદીએ છેલ્લા ૧૦ વર્ષમાં ૨૦-૨૫ લોકોને અબજોપતિ બનાવ્યા છે. તેમણે એરપોર્ટ-બંદર, વીજળી, ખાણો, સૌર-પવન ઊર્જા, સંરક્ષણ ક્ષેત્ર બધું અદાણી અને તેમના જેવા અબજોપતિઓને સોંપી દીધું છે, પણ ગરીબોને કશું આપ્યું નથી. નરેન્દ્ર મોદીએ અબજોપતિઓને જેટલી રકમ આપી છે તેટલી જ રકમ અમે ભારતના ગરીબોને આપીશું.

તેમણે કહ્યું કે કર્ણાટકમાં કોંગ્રેસ પાર્ટીએ જે પણ ગેરંટી આપી હતી, તે પૂરી થઈ ગઈ છે. તમારી અભિવાદન આનો પુરાવો છે. ભારતના લોકોને તેમના અધિકારો, અવાજ અને અનામત બંધારણમાંથી મળ્યા છે, પરંતુ દેશમાં પહેલીવાર કોઈ પક્ષ અને વ્યક્તિ ભારતના બંધારણ અને લોકશાહીને ખતમ કરવા માંગે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે એક તરફ સંવિધાનને નષ્ટ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે તો બીજી તરફ ભારત ગઠબંધન બંધારણને બચાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે દેશના ૨૨ લોકોને એટલા પૈસા આપ્યા, જેટલા દેશના ૭૦ કરોડ લોકો પાસે છે.

# બ્રિટનમાં પ્રથમ શીખ કોર્ટ શરૂ : ઘરેલુ હિંસા સહિતના કેસોની સુનાવણી કરવામાં આવશે

## શીખ સમુદાયના લોકો નવી અદાલતને વિવાદ નિવારણ મંચ તરીકે સ્થાપિત કરવા માટે એક થયા

લંડન

બ્રિટનમાં પારિવારિક અને નાગરિક વિવાદમાં ફસાયેલા શીખ સમુદાયના લોકો માટે એક સારા સમાચાર છે. લંડનમાં બ્રિટિશ શીખ વકીલો દ્વારા નવી કોર્ટ શરૂ કરવામાં આવી છે. શીખ સમુદાયના લોકો નવી અદાલતને વિવાદ નિવારણ મંચ તરીકે સ્થાપિત કરવા માટે એક થયા.એક સમાચાર અહેવાલમાં જણાવાયું છે કે લંડનના લિંકન્સ ઈનના ઓલ્ડ હોલમાં એક સમારોહમાં ધાર્મિક મંત્રોચ્ચાર સાથે શીખ કોર્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. કોર્ટના સ્થાપકોમાંના એક એડવોકેટ બલદીપ સિંહ કહે છે કે તેનો ઉદ્દેશ્ય તકરાર અને વિવાદોનો સામનો કરતી વખતે શીખ પરિવારોને જરૂરિયાતના સમયે મદદ કરવાનો છે. અહેવાલ છે કે નવી કોર્ટ વ્યક્તિગત રીતે ચલાવવામાં આવશે, અને તેમાં લગભગ ૩૦ મેજિસ્ટ્રેટ અને ૧૫ ન્યાયાધીશો હશે. ખાસ વાત એ છે કે આમાં મોટાભાગની મહિલાઓ હશે. કોર્ટમાં મેજિસ્ટ્રેટનું કામ પક્ષકારો વચ્ચે સમજૂતી કરવા માટે મધ્યસ્થી કરવાનું રહેશે. શીખ સંગઠનો સાથે ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો છે કે કોર્ટ ઘરેલુ હિંસા, જુગાર અને માદક દ્રવ્યોના દુરુપયોગ જેવા મામલાઓ પર કાર્યવાહી કરશે. જો આ કેસોમાં મધ્યસ્થી નિષ્ફળ જાય, તો કેસ કોર્ટના જજ સમક્ષ લાવવામાં આવી શકે છે. આ પછી આર્બિટ્રેશન એક્ટ હેઠળ કાયદાકીય રીતે નિર્ણય લેવામાં આવશે. બલદીપ સિંહે કહ્યું કે અમે જે મુદ્દાઓ સાથે વ્યવહાર કરી શકતા નથી તેને યોગ્ય જગ્યાએ નિર્દેશિત કરવામાં આવશે.

# રાંચીમાં બર્ડ ફ્લૂની અસર: ૨ હજાર મરઘીઓનો નિકાલ અને ખરીદી તથા વેચાણ પર પ્રતિબંધ

રાંચી,

ઝારખંડની રાજધાની રાંચીમાં બર્ડ ફ્લૂએ દસ્તક આપી છે. રાંચીના હોટવાર સ્થિત પ્રાદેશિક પોલ્ટ્રી ફાર્મમાંથી ચિકનનાં નમૂનાઓ ભોપાલ મોકલવામાં આવ્યા હતા, જ્યાં ભારતીય કૃષિ સંશોધન પરિષદે આ મરઘાંમાં એપએન૧ એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા (બર્ડ ફ્લૂ)ની પુષ્ટિ કર્યા બાદ વહીવટી વિભાગમાં હોબાળો મચાવ્યો હતો. ગયો છે. બર્ડ ફ્લૂની પુષ્ટિ થયા બાદ આ વિસ્તારમાં સાવચેતી રાખવામાં આવી રહી છે.

બર્ડ ફ્લૂની પુષ્ટિ થયા પછી, જિલ્લા પ્રશાસને આગામી આદેશો સુધી રાજધાની રાંચીના



હોટવાર વિસ્તારની આસપાસ એક કિલોમીટરની ત્રિજ્યામાં ચિકન અને ઇંડાની ખરીદી અને વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. આ સાથે સમગ્ર વિસ્તારને સર્વેલન્સ પર મૂકવામાં આવ્યો છે. પશુપાલન વિભાગની ટીમ સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે. દરરોજનો રિપોર્ટ ભારત સરકારને મોકલવામાં આવશે. નેગેટિવ રિપોર્ટ આવ્યા બાદ જ વિસ્તારને બર્ડ ફ્લૂ મુક્ત જાહેર કરવામાં આવશે.

રાજધાની રાંચીના અન્ય વિસ્તારોમાં બર્ડ ફ્લૂનો ચેપ ન ફેલાય અને લોકો તેનાથી પ્રભાવિત ન થાય તે માટે વહીવટીતંત્રે એક એક્શન પ્લાન પણ તૈયાર કર્યો છે. રાંચીના ડેપ્યુટી કમિશનર ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ રાહુલ કુમાર સિંહના આદેશ પર રેપિડ રિસ્પોન્સ ટીમની રચના કરવામાં આવી છે. વેટરનરી ઓફિસરને રેપિડ રિસ્પોન્સ ટીમમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

# પતિ જેલમાં હોવાથી કલ્પના ગાંડેય સીટ પરથી ચૂંટણી લડશે



રાંચી,

ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેનની પત્ની કલ્પના સોરેન ચૂંટણીના રાજકીય મેદાનમાં ઉતરી ગયા છે. ગાંડેય વિધાનસભા સીટથી થનારી પેટાચૂંટણીમાં ઝારખંડ મક્તિ મોર્ચાએ તેમને ઉમેદવાર જાહેર કર્યા છે. આમ તો ચૂંટણી રેલીમાં જોવા મળતા જ હતા, પણ તેઓ ખુદ ચૂંટણીમાં ઊભા રહેશે કે નહીં, તેને લઈને ચર્ચાઓ થઈ રહી હતી. હવે ઉમેદવાર તરીકે તેમના નામની જાહેરાત થઈ ગઈ છે. આ સીટ પર ૨૦ મેના રોજ મતદાન થશે. જેએમએમે કહ્યું કે, લોકસભા ચૂંટણી ૨૦૨૪ અને ગાંડેય વિધાનસભા પેટાચૂંટણી ૨૦૨૪માં ઝારખંડ મુક્તિ મોર્ચાના ઉમેદવારની છેલ્લી યાદી જાહેર કરવામાં આવે છે. જમશેદપુર લોકસભા વિસ્તારથી સમીર મોહન્તી ચૂંટણી લડશે. તો વળી ગાંડેય વિધાનસભા સીટથી કલ્પના સોરેનને ઉમેદવાર બનાવામાં આવે છે. નામની જાહેરાત પહેલાથી જ કલ્પના સોરેને ગાંડેય સીટ પર પોતાની તૈયારી શરુ કરી દીધી હતી. આ સીટ ઝારખંડ ગિરિડીહ જિલ્લામાં આવે છે.

# ઈડીએ ૭૩ કરોડની સંપત્તિ જપ્ત કરી, અત્યાર સુધીમાં રૂપિયા ૧૧૬.૨૭ કરોડની સ્થાવર મિલકતો જપ્ત

## પ્રવીણ રાઉત અને સંજય રાઉતની ૧૧.૧૫ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે

મુંબઈ

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ પીએમએલએ જોગવાઈઓ હેઠળ પાત્રા ચાલ કેસમાં રૂ. ૭૩.૬૨ કરોડની સ્થાવર મિલકતો અસ્થાયી રૂપે જપ્ત કરી છે. આ કેસ મુંબઈના ગોરેગાંવમાં મેસર્સ ગુરુ આશિષ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સંચાલિત પાત્રા ચાલ પ્રોજેક્ટના પુનઃવિકાસમાં થયેલી અનિયમિતતાઓને




લગતો છે. અટેચ કરવામાં આવેલી મિલકતોમાં આરોપી પ્રવીણ રાઉત અને તેના નજીકના સહયોગીઓની પાલઘર, દાપોલી, રાયગઢ અને થાણેમાં અને તેની આસપાસના અનેક જમીનના પાર્સલનો સમાવેશ થાય છે.

ઈડીએ મેસર્સ જીએસીપીએલ,રાકેશ કુમાર વાધવાન, સારંગ કુમાર વાધવાન અને અન્યો વિરુદ્ધ એક્ઝિક્યુટિવ એન્જિનિયર,એમએચએડીએ, મુંબઈ દ્વારા નોંધાવેલી ફરિયાદના આધારે આઈપીસી ૧૮૬૦ની વિવિધ કલમો હેઠળ એફઆઈઆર નોંધી છે અને ૧૧ તારીખે ચાર્જશીટના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. ડિસેમ્બર ૨૦૨૦.

ઈડી તપાસમાં બહાર આવ્યું છે કે મેસર્સ જીએસીપીએલ જેને ૬૭૨ ભાડૂતોના પુનર્વસન માટે પાત્રા ચાલ પ્રોજેક્ટના પુનર્વિકાસની જવાબદારી સોંપવામાં આવી હતી, તે નોંધપાત્ર નાણાકીય ગેરરીતિઓમાં સામેલ હતી.

# રશિયામાં 'નગ્ન' પાર્ટીનું આયોજન કરનાર અભિનેત્રીની મુશ્કેલી વધી, કોર્ટે ફટકાર્યો 'દંડ'

મોસ્કો,તા.૨૬

રશિયાની એક અદાલતે ટીવી પ્રસ્તુતકર્તા અને અભિનેત્રી અનાસ્તાસિયા ઈવલીવા પર ૫૦,૦૦૦ રુબેલ્સ (૫૬૦ યુએસ ડોલર)નો દંડ ફટકાર્યો છે, જે 'નગ્ન' પાર્ટીનું આયોજન કરીને ચર્ચામાં આવી હતી. અભિનેત્રીને તેની સોશિયલ મીડિયા પોસ્ટમાં યુક્રેન સાથે શાંતિની હાકલ કરીને સેનાને બદનામ કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. ડિસેમ્બરમાં તેને એક પાર્ટીનું આયોજન કર્યું હતું જેમાં મહેમાનોને લગભગ નગ્ન થવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તે પછી ઈવલીવા સામે લોકોમાં ગુસ્સો હતો.

યુક્રેન પર રશિયાના આક્રમણના શરૂઆતના દિવસોમાં શાંતિ અને સંવાદની હાકલ કરતી બે સોશિયલ મીડિયા પોસ્ટ માટે તેને દંડ ફટકારવામાં આવ્યો છે. અદાલતે તેને સૈન્યને બદનામ કરતી ટિપ્પણીઓ અંગે કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ દોષિત ઠેરવ્યો હતો, જો કે આ પોસ્ટના ઘણા દિવસો પછી કાયદો પસાર કરવામાં આવ્યો હતો.

ઈવલીવા મોસ્કોના નાઈટક્લબમાં પાર્ટી યોજીને ચર્ચામાં આવી હતી. તેમને મોકલેલા આમંત્રણ પત્રમાં મહેમાનોને 'ડ્રેસ કોડ' તરીકે લગભગ નગ્ન અવસ્થામાં આવવાનું કહેવામાં આવ્યું હતું. એક જાણીતા રેપર પણ ખૂબ ઓછા કપડામાં જોવા મળ્યા હતા. પાર્ટીની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ હતી.

# ભારતે માનવાધિકારના ઉલ્લંઘન અંગેના અમેરિકાના રિપોર્ટને વિરોધ સાથે ફગાવ્યો

નવીદિલ્હી,તા.૨૬

ભારતે માનવાધિકાર ઉલ્લંઘન અંગે અમેરિકા દ્વારા જારી કરાયેલા અહેવાલને સંપૂર્ણપણે ફગાવી દીધો છે. જેમાં અમેરિકાએ મણિપુરમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કર્યો હતો અને દાવો કર્યો હતો કે ત્યાં માનવ અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. ભારતે ૮૦ પાનાના આ રિપોર્ટને ખોટો અને ભેદભાવપૂર્ણ ગણાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે રિપોર્ટ દર્શાવે છે કે ભારતને લઈને અમેરિકાની સમજ યોગ્ય નથી.

સાપ્તાહિક બ્રીફિંગમાં યુએસ રિપોર્ટ પર પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "અમે આ રિપોર્ટને કોઈ મહત્વ આપતા નથી અને તમારે પણ તે જ કરવું જોઈએ. અમેરિકાએ રિપોર્ટમાં ભારતના ઘણા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે. આ રિપોર્ટમાં ચીન, બ્રાઝિલ, બેલારુસ, મ્યાનમારની સાથે ભારતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અમેરિકાએ ભારત પરના રિપોર્ટને ૬ ભાગમાં વંહેચયો છે.જેમાં ભારતે દાવો કર્યો હતો કે મણિપુરમાં મીતાઈ અને કુકી સમુદાયોમાં જાતિય હિંસા ફેલાયા બાદ માનવ અધિકારોનું ઉલ્લંઘન થયું છે. ૩ મે અને ૧૫ નવેમ્બરની વચ્ચે ઓછામાં ઓછા ૧૭૫ લોકો માર્યા ગયા અને ૬૦,૦૦૦ થી વધુ લોકો વિસ્થાપિત થયા. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે ભારતમાં સરમુખત્યારશાહી વધી છે.

અમેરિકાના માનવાધિકાર રિપોર્ટમાં ભારતમાં રહેતા મુસ્લિમોને લઈને પણ ઘણા દાવા કરવામાં આવ્યા છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ભારતની ભાજપ સરકાર ભારતમાં મુસ્લિમો સાથે ભેદભાવ કરી રહી છે. ભારતમાં પણ લઘુમતીઓ પર હુમલા વધ્યા છે. રિપોર્ટમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે મોદી સરકાર પત્રકારોને ચૂપ કરવાનો અને તેમને જેલમાં મોકલવાનો પ્રયાસ કરી રહી છે. આ સિવાય જમ્મુ-કાશ્મીરના લોકોની અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હોવાનું પણ કહેવામાં આવ્યું છે.

# દૌસામાં ઝૂંપડપટ્ટીમાં સૂતેલા લોકોને કારે કચડી નાખ્યા : ૩ના મોત

દૌસા,

રાજસ્થાનના દૌસામાં શુક્રવારે એક મોટી દુર્ઘટના બની હતી. ઝૂંપડપટ્ટીમાં સૂતેલા લોકો વધુ ઝડપે કચડાઈ ગયા હતા. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે અને ૮ લોકો ઘાયલ પણ થયા છે. ઘાયલોને મહુઆ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર હોવાથી તેમને જયપુર રિફર કરવામાં આવ્યા હતા.

પોલીસે કાર કબજે કરી ડ્રાઈવરની શોધખોળ હાથ ધરી છે. આ અકસ્માત મહુઆની ટીકારામ પાલીવાલ સ્કૂલ પાસે થયો હતો. આ અકસ્માતમાં એક મહિલાએ પણ જીવ ગુમાવ્યો છે. હાલ પોલીસ આરોપી કાર ચાલકને શોધી રહી છે.

# બિહાર સરકારના ઉદાસીન વલણ સામે પટણા હાઈકોર્ટે સખત વાંધો વ્યક્ત કર્યો

પટણા,

તેમની આંખો ખુલે છે જ્યારે કોર્ટ આ શબ્દો સાથે પટના હાઈકોર્ટે ફરી એકવાર બિહાર સરકારને ફટકાર લગાવી છે અને ન્યાયિક આદેશો પ્રત્યે સરકારના ઉદાસીન વલણ સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે. પટના હાઈકોર્ટે નીતિશ સરકારને ફટકાર લગાવતા કહ્યું કે કેટલાક આળસુ અધિકારીઓના કારણે ન્યાયતંત્રની ગરિમા સુરક્ષિત નથી થઈ રહી. આ કડક ટીપ્પણી કરતાં કોર્ટે કહ્યું કે, હવે હાઈકોર્ટને આપવામાં આવેલ મનની પવિત્ર શક્તિ હવે ન્યાયાધીશને સજા આપવાનું માત્ર સાધન બની ગઈ છે.

હાઈકોર્ટે તે અધિકારીઓને પણ સમન્સ પાઠવ્યા છે જેમના આદેશ પર ભાગલપુર યુનિવર્સિટીનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવ્યું છે. વાસ્તવમાં, આ મામલો શિક્ષણ વિભાગ અને ભાગલપુર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૬માં પસાર કરવામાં આવેલા હાઈકોર્ટના આદેશનું પાલન ન કરવાનો છે. આમાં ડિવિઝન બેન્ચે તિલકા માંઝી ભાગલપુર યુનિવર્સિટીના રજિસ્ટ્રારના પગારની ચૂકવણી પર આગામી આદેશ સુધી રોક લગાવી દીધી છે.

આ જ કેસમાં નવ વર્ષ પહેલા હાઈકોર્ટે યુનિવર્સિટી પ્રશાસનને અરજદારને પેન્ડિંગ પેમેન્ટ ચૂકવવાનો આદેશ આપ્યો હતો, પરંતુ આજ સુધી કોર્ટના આદેશનું પાલન થયું નથી. હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે કેટલાક આળસુ અધિકારીઓના કારણે ન્યાયતંત્રની ગરિમા બચાવવા હાઈકોર્ટને અપાયેલી તિરસ્કારના આદેશની પવિત્ર સત્તા હવે માત્ર ન્યાયિક આદેશનું પાલન કરવાનું સાધન બની ગઈ છે.

# યુએસમાં ભારતીય મૂળની વિદ્યાર્થિનીની ધરપકડ થઈ, કોલેજ કેમ્પસમાં પ્રવેશ પર બેન

વોશિંગ્ટન

અમેરિકાથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક ભારતીય મૂળની વિદ્યાર્થિનીની ધરપકડ કરી લેવામાં આવી છે. આ સાથે તેના પર કોલેજના કેમ્પસમાં પ્રવેશવા સામે પણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. પ્રિન્સટન યુનિવર્સિટી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.



માહિતી અનુસાર ઈઝરાયલ વિરોધી દેખાવોમાં સામેલ થવા બદલ આ વિદ્યાર્થિની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીની ઓળખ અચિંત્યા શિવલિંગન તરીકે થઈ હતી.

હાલમાં અમેરિકામાં પેલેસ્ટાઈનના સમર્થનમાં તથાં ઈઝરાયલના વિરોધમાં યુનિવર્સિટી અને કોલેજોમાં દેખાવોની ઘટના વધી ગઈ છે. ગઈકાલે જ મોટી સંખ્યામાં દેખાવકાર વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી હતી જેમાં એક ભારતીય મૂળની વિદ્યાર્થિની અચિંત્યા પણ સામેલ હોવાનો ખુલાસો થયો છે. તેની સાથે અન્ય એક વિદ્યાર્થી સામે પણ કેમ્પસમાં પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

# ભારે વરસાદના કારણે જેલની દીવાલ તૂટી ગઈ : મોકો જોઈને ૧૧૮ કેદીઓ ભાગી ગયા

સુલેજા,

નાઈઝીરિયાના સુલેજા શહેરમાં બુધવારે રાતે ભારે વરસાદ અને તોફાનના કારણે જુના સુલેજા જેલની દીવાલ તૂટી ગઈ હતી. જે બાદ મોટી સંખ્યામાં કેદીઓ ભાગી ગયા હતા. સ્થાનિક સમયાનુસાર રાતના ૯ વાગ્યાની આસપાસ તોફાન અને ભારે વરસાદના કારણે ઈમારતનો અમુક ભાગ તૂટી ગયો હતો. જેમાંથી એક જેલની દીવાલ પર તૂટી ગઈ અને ૧૧૮ કેદીઓ મોકો જોઈને ભાગી ગયા હતા.

સુલેજા શહેરના એક રહેવાસીએ આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું કે, આ ઘટના સાચી છે, અમને બે કેદીઓ પકડવામાં મદદ મળી છે અને તેમને જેલના અધિકારીઓને સોંપી દેવામાં આવ્યા છે. આ જાણકારી અનુસાર, ભાગેલા કેદીઓને પકવા માટે સુરક્ષા દળોની એક ટીમ સુલેજા શહેરના મુખ્ય ઠેકાણા અને સંદીગ્ધ વિસ્તારમાં શોધવા માટે મોકલ્યા છે. સુરક્ષાકર્મી ભાગતા કેદીઓને ડરાવવા માટે હવાઈ ફાયરિંગ પણ કર્યા હતા.

સૂત્રો પાસેથી મળતી જાણકારી અનુસાર, સુરક્ષાકર્મીઓને ખો આપીને અલગ અલગ દિશાઓમાં કેદીઓ ભાગી ગયા હતા. સુરક્ષાદળના જવાનો તેમને શોધવામાં કામે લાગી ગયા છે.આ દરમ્યાન મિન્ના-સુલેજા અને સુલેજા કદુના રસ્તા પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. જેમાં મદલ્લા અક્ષથી લઈને અબૂજા રોડ પર પણ સુરક્ષા વધારી દીધી છે.




LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8

તા.૨૭-૦૪-૨૦૨૪, શનિવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




**ગઈકાલ બપોરથી વન વિભાગની કચેરીમાં એસીબીના ધામા : ખરેખર લાંચ સ્વિકારી કે દંડની રકમ? એસીબી પણ ગોથે ચડી**

# કાચબાના શિકારમાં પકડાયેલા આરોપીઓએ દંડની રકમની ભરપાઈમાં પાઉડર છાંટેલી નોટો વન અધિકારીને પકડાવી અને એસીબી પ્રગટી !

ભાવનગર, તા.૨૭

બગદાણા પંથકમાં ત્રણેક દિવસ પૂર્વે વન વિભાગે એક ગુનામાં કથીત આરોપીઓને રૂા.૧ લાખનો દંડ ફટકાર્યો હતો દરમિયાનમાં આરોપીઓએ તંત્રની કાર્યવાહી સામે શંકા જતાવી એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરિયાદ કરી હતી આથી ગઈકાલ સાંજથી એસીબીની ત્રણ ટીમ દ્વારા તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. જેમાં વન વિભાગ દ્વારા સત્તાવાર રીતે ગુનો બનતો હોય અને પહોંચ ફાડીને દંડ વસુલવાની કાર્યવાહી થયાનું જણાવવામાં આવ્યું છે. જ્યારે ફરિયાદીના આક્ષેપ મુજબ મોબાઈલ પર વારંવાર ફોન કરી ગાળો આપી, ધમકાવી લાખ રૂપિયા આપી જવા કહેવામાં આવતું હતું. હાલાકી એસીબી દ્વારા આ મામલે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરાઈ છે. જ્યારે મોબાઈલ ફોનમાં થયેલ કોલ રેકોર્ડીંગ આ પ્રકરણમાં મોટો પુરાવો હોવાનું જાણવા મળ્યું છે.

સમગ્ર પ્રકરણ અંગે ઉપલબ્ધ પ્રાથમિક વિગતો મુજબ બગદાણા પાસેના રતનપરના તળાવમાં માછીમારી કરતા એક શખ્સને બે-ત્રણ દિવસ પૂર્વે વન વિભાગના ફોરેસ્ટર અને અન્ય બે કર્મચારીઓએ મળી વન્ય ધારા કલમનો ભંગ કરી ગુનો કર્યાનું કહી દંડ ભરવા જણાવ્યું હતું. કથીત આરોપીએ ભાવનગર એન્ટી કરપ્શન બ્યુરોમાં વન વિભાગ દ્વારા ખોટી રીતે કનડગત કરી અને પૈસાની માંગણી થઈ રહ્યાની ફરિયાદ આપી હતી. તેમજ મોબાઈલ કોલના રેકોર્ડીંગ પણ પુરાવા રૂપે રજૂ કર્યા હતાં. આથી ભાવનગર, બોટાદ અને અમરેલી એસીબી કચેરીના કર્મચારીઓએ ગઈકાલથી બગદાણા પંથકમાં પડાવ નાખ્યો છે અને આ પ્રકરણમાં તપાસ હાથ ધરી છે. સુત્રોથી પ્રાપ્ત વિગતો મુજબ એસીબીમાં ફરિયાદ કરનાર સ્થાનિક માછીમાર છે અને લાયસન્સ ધરાવે છે. તેમની ફરિયાદ મુજબ કાયદેસરની પ્રવૃત્તિ હોવા છતાં તેની સામે કાર્યવાહી કરવાનું કહી વન વિભાગ દ્વારા પૈસા આપવા ધમકાવવામાં આવી રહ્યા છે. આથી એસીબીએ પાઉડર છાંટેલી નોટો ફરિયાદીને આપી અને છટકુ ગોઠવ્યું હતું જેમાં રૂા.૧ લાખની રકમ વન અધિકારીએ સ્વિકારી હતી આથી તુરંત જ એસીબીની ટીમ પ્રગટ થઈ હતી અને વન અધિકારીને અટકમાં લઈ મોબાઈલ સહિતની સામગ્રી જપ્ત કરી લીધી હતી. બીજી બાજુ વન અધિકારીઓએ રૂા.૧ લાખની જે રકમ સ્વિકારી છે તે દંડની હોવાનુ અને રકમ સ્વિકારતા પહેલા કાયદેસરની પહોંચ ફાડીને આરોપીની તેમાં સહી પણ લીધી હોવાનો પુરાવો હોવાનું જણાવી આ મામલો લાંચનો નથી જ. એસીબીને ખોટી ફરિયાદ કરી તપાસ અવળા માર્ગે ચડાવવાનો પ્રયાસ થયાનું જણાવવામાં આવી રહ્યું છે. જો કે, એસીબીના અધિકારી સુત્રોએ પણ લાંચની ટ્રેપ સફળ નહી થયાનું જણાવ્યું છે. ઉપરાંત આ મામલે ઉંડાણપૂર્વકની તપાસ પણ ચાલી રહી છે તેમ ઉમેર્યું હતું.

સમગ્ર પ્રકરણમાં શેત્રુંજય વન્ય જીવ વિભાગના એક અધિકારીએ ઓફ ધ રેકોર્ડ જણાવ્યું હતું કે, આવી કોઈ બાબત નથી. વન વિભાગના અધિકારીઓને કાર્યવાહી કરતા રોકવા માટે આ પ્રયાસ થઈ રહ્યો છે. લાંચ માંગ્યાનો કોઈ વિષય જ નથી. જો કે, સમગ્ર બનાવ અંગે સત્તાવાર વિગતો તેમણે આપવાની ના કહી હતી. જ્યારે બીજી બાજુ એસીબીના અધિકારી સુત્રોએ જણાવ્યા મુજબ રૂા.૧ લાખની માંગણી કરવામાં આવી રહી છે તે સંદર્ભે ફરિયાદ મળી હતી આથી પાઉડર છાંટેલી નોટો ફરિયાદીને આપવામાં આવી હતી જે નોટો વન અધિકારીએ સ્વિકારી છે પરંતુ સાથે પહોંચ પણ આપ્યાનું જણાવવામાં આવી રહ્યું છે આથી હાલ જીણવટપૂર્વક તપાસ ચાલી રહી છે અને સાંજ સુધીમાં પરિણામલક્ષી કામગીરી થવા સંભવ છે.

### મામલો લાંચનો નથી, એસીબીને ખોટી ફરિયાદ આપી ટ્રેપ કરાવાઈ : વન તંત્ર

સમગ્ર મામલે વન વિભાગના અધકારી સુત્રોએ જણાવ્યું હતું કે ત્રણ દિવસ પૂર્વે રતનપુરના તળાવ પાસેથી સવજીભાઈ, દિનેશભાઈ અને મહેશભાઈ નામના ત્રણ શખ્સોએ બે કાચબાનો શિકાર કર્યો હતો. કાચબા શિડ્યુલ-૨ તળે આવે છે આથી તેના શિકાર અંગે દંડ અને સજાની જોગવાઈ છે. ઉક્ત ત્રણેય શખ્સોને કાચબાના શિકાર સંદર્ભે માંડવાળ પેટે રૂા.૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ગઈકાલે આરોપી રૂા.૧ લાખની રકમ જમા કરાવવા આવ્યા ત્યારે તેને સરકારી પાવતી આપી અને રકમ વસુલાઈ હતી પરંતુ એસીબીના અધિકારીઓ અચાનક પ્રગટ થઈ લાંચનો મામલો હોવાનું જણાવી અને અમારા અધિકારીના મોબાઈલ તથા અન્ય સાહિત્ય જપ્ત લીધું છે. આ મામલો લાંચનો નથી તે સાબીતી અમારી પાસે પુરતા પ્રમાણમાં છે અને તે પુરવાર કરવા પ્રયાસો ચાલુ છે.

**બગદાણાના રતનપરના તળાવમાં માછીમારીનો વ્યવસાય કરતા શખ્સે એસીબીને ફરિયાદ આપી વન અધિકારી રૂા.૧ લાખની માંગણી કરતા હોવાનું જણાવ્યું, આનુસાંગિક કોલ રેકોર્ડીંગ પણ આપ્યા : પાઉડરવાળી નોટો સાથે એસીબીએ ઓપરેશન પાર પાડ્યું પરંતુ વન અધિકારીએ રકમ સ્વિકારતા પૂર્વે પહોંચ પણ આપી હોય મામલો ગોથે ચડ્યો : હાલાકી કોલ રેકોર્ડીંગના આધારે ખુલ્લી તપાસ થવા સંભવ**

# અવસર લોકશાહીનો : વરિષ્ઠ અને દિવ્યાંગોએ ઘરે બેઠા પોસ્ટલ બેલેટથી કર્યુ મતદાન

**૮૫ વર્ષથી વધુની વયના વરિષ્ઠ અને દિવ્યાંગ મતદારો ૨૭મી એપ્રિલ સુધી ઘરે બેઠા મતદાન કરી શકશે**

ભાવનગર,તા.૨૭

લોકસભાની સામાન્ય ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો મતદાન કરે તે માટે ભાવનગર જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા અનેકવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ૮૫ વર્ષથી વધુની વયના વરિષ્ઠ અને દિવ્યાંગ મતદારોને મતદાન કરવામાં સુગમતા રહે તે માટે ૨૪થી ૨૭ મી એપ્રિલ સુધી તેઓ ઘરે બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કરીને લોકશાહીના મહાપર્વમા સહભાગી બનશે. જેના ભાગરૂપે ભાવનગર સંસદીય મત વિસ્તારના વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ મતદારોએ ઘરે બેઠા મતદાન કરી અન્ય મતદારોને પણ અચૂક મતદાન કરવાની અપીલ કરી હતી. અત્રે નોંધનીય છે કે, ભારતીય ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર આર.કે.મહેતાના માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આર. એન. ચૌધરીની દેખરેખ હેઠળ આ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં સંપૂર્ણ ગુપ્તતા જળવાય તેની પણ ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.



**કાળઝાળ ગરમી વચ્ચે પાણી વિતરણમાં અનિયમિતતા અને લો પ્રેસરની વધી ફરિયાદ**

# પાણી અંગે ફરિયાદો વધતા હવે ટીમ દોડાવીને કોર્પોરેશન કરશે ખરાઈ

**વોર્ડ વાઈઝ ના.કા.ઈ. અને તેની હેઠળ ૪ કર્મીની ટીમ : જો કે માત્ર ત્રણ વોર્ડ માટે તપાસ સોંપાઈ, અન્ય વોર્ડનો સમાવેશ નહીં થતા આશ્ચર્ય**

ભાવનગર, તા.૨૭

ભાવનગરમાં કાળઝાળ ગરમી સાથે પીવાના પાણીની સમસ્યા અને ફરિયાદો વધી છે. કોર્પોરેશનમાં દરરોજ નવા-નવા વિસ્તારોની પાણીની સમસ્યાની ફરિયાદો આવી રહી છે ત્યારે ફરિયાદોનું તથ્ય તપાસવા અને યોગ્ય નિરાકરણ લાવવા કોર્પોરેશન દ્વારા એક ટીમની રચના કરાઈ છે જે સ્થળ તપાસ કરીને આગળની કાર્યવાહી કરશે.

શહેરમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની અનિયમિતતા તેમજ દૂષિત પાણી વિતરણ થતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. જેથી શહેરના ચાર વોર્ડ ઘોઘા સર્કલ, ઉત્તર સરદાર નગર, દક્ષિણ સરદાર નગર અને કાળીયાબીડ વોર્ડમાં વોર્ડ દીઠ એક નાયબ કાર્યપાલક ઈજનેર અને તેની હેઠળ ચાર ચાર કર્મચારીઓની ટીમ બનાવી આગામી તારીખ ૨૭ થી ૨૯ એપ્રિલ દરમિયાન ત્રણ દિવસ રૂબરૂ સ્થળ પર તપાસ કરવા હુકમ કરવામાં આવ્યો છે. જે ટીમ દ્વારા તેઓને સોપાયેલા વોર્ડમાં જ્યાં અનિયમીત પાણીની કે પાણી વિતરણમાં ક્ષતિની ફરિયાદ હોય ત્યાં તપાસ કરી તાત્કાલિક સીટી એન્જિનિયર અને કમિશનરનું ધ્યાન દોરવા હુકમ કરવામાં આવ્યો છે.

ઘોઘા સર્કલ ઉત્તર અને દક્ષિણ સરદારનગર તેમજ કાળીયાબીડ વોર્ડમાં પાણી વિતરણની કામગીરીની તપાસ માટે હુકમ કરાયો છે પરંતુ કુંભારવાડા, પીરછલ્લા, ઉત્તર કૃષ્ણનગર અને ચિત્રા ફુલસર સહિતના વિસ્તારોમાં પણ પાણીની મુશ્કેલી હોવા છતાં આ વોર્ડને બાકાત રાખવામાં આવતા સવાલો સર્જાયા છે..

### બાલા હનુમાન પાર્કમાં લો પ્રેસરની સમસ્યા અંગે ઉગ્ર રજૂઆત



તસવીર : મૌલીક સોની

શહેરમાં ભળેલા રૂવાના બાલા હનુમાન પાર્કમાં લો પ્રેસરની સમસ્યાથી સ્થાનિકોએ કોર્પોરેશને આવી વોટર વર્કસ વિભાગના ઈજનેર સમક્ષ ધગધગતી રજૂઆત કરી હતી. રજૂઆતમાં જણાવ્યા અનુસાર આ સોસાયટીમાં ૯૫ કુટુંબોનો વસવાટ છે. હાલ ઉનાળામાં પાણી ઓછા પ્રેસરથી આવે છે. આ અંગે ફરિયાદ કરવા છતાં ઉકેલ નહી આવતા સ્થાનિકોએ ઉગ્ર રજૂઆત કરી હતી.

# ભાવનગરમાં લગ્નપ્રસંગે આવેલા યુવાન ઉપર ત્રણ શખ્સનો હુમલો

### સવાઈનગરના ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો

ભાવનગર તા.૨૭

ભાલના સવાઈનગર ગામમાં રહેતો યુવાન ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં લગ્ન પ્રસંગે આવ્યો હતો ત્યારે ત્રણ શખ્સોએ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવાને બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાલના સવાઈનગર ગામમાં રહેતા નીતિનભાઈ ઉર્ફે લબક નટુભાઈ મકવાણા ગઈકાલે તેમના ધર્મના માનેલા બહેન અલ્પાબહેન પ્રવીણભાઈના લગ્નમાં ભાવનગરના કુંભારવાડા, બાનુબેનની વાડી, શેરી નં.૦૪ માં આવ્યા હતા અને કાળુભાઈના ઘર પાસેથી પસાર થતા હતા ત્યારે આ વિસ્તારમાં રહેતા બુધા રાઠોડ, વિજય ઉર્ફે કાળુ ચંદુભાઈ જાદવ અને રાહુલ બુધાભાઈએ નીતિનભાઈ ને અટકાવી બે વર્ષ પહેલા સાહિલ ઉર્ફે ઉઘરોને માર માર્યાનું કહીને નીતિનભાઈને પાઈપ,ધારીયું અને છરી ધારણ કરી માર મારી માથાના ભાગે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા.

આ બનાવમાં જાગ્રસ્ત નીતિનભાઈ મકવાણાને સારવાર માટે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવતા તેમણે હુમલો કરનાર ત્રણ શખ્સ વિરુદ્ધ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લોકસભા ચુંટણી પચારમાં ગરમાવો લાવતા અમિત શાહ: જામ કંડોરણામાં ગૃહમંત્રીએ જાહેર સભા ગજવી





આજે ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના પ્રવાસે છે સવારે પોરબંદરના જામ કંડોરણા ખાતે જાહેરસભા યોજી હતી આ સભામાં તેમણે યુવાનોને હાંકલ કરતા જણાવ્યું હતું કે બંન્ને ચરણમાં રાહુલ બાબાના સુપડા સાફ થઈ ગયા છે. ત્રીજા તબક્કામાં આપણે ગુજરાતમાંથી ૨૬ કમળ મોકલવાના છે. તેમણે કહ્યું કે પોરબંદરમાં હું આ પહેલી સભા કરૂ છુ ત્યારે ગુજરાતને અપીલ કરૂ છું કે ગાંધી-સરદારના ગુજરાતને મોદી સાહેબે દુનિયામાં વૈશ્વિક ઓળખ આપી છે. સમગ્ર સૌરાષ્ટ્રને ધમધમતુ કરવાનું કામ વડાપ્રધાને કર્યું છે કોંગ્રેસના પ્રમુખ કહે છે કે રાજસ્થાન અને ગુજરાતને કાશ્મિર સાથે શું લેવા દેવા ? પરંતુ કોંગ્રેસને ખબર નથી મારો જામ કંડોરણાનો કાશ્મિર માટે જીવ દેવા તૈયાર થઈ જાય. આ આજની સભામાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ સભાને અર્જુન મોઢવાડિયાએ પણ સંબોધી હતી.

### મોટરસાઈકલ સ્લીપ થઈ જતા નાના ખૂટવડાના યુવાનનું મોત

ભાવનગર તા.૨૭

મહુવા તાલુકાના નાના ખુટવડા ગામમાં રહેતા યુવકનું વીજપડી કુંડલા રોડ પર બાઈક સ્લીપ થઈ જતા ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યું છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ મહુવા તાલુકાના નાના ખુટવડા ગામમાં રહેતા દિપેશભાઈ દાનુભાઈ ગોહિલ ( ઉ.વ. ૨૩ ) ગઈ કાલે મોડી રાત્રીના સમયે વીજપડી સાવરકુંડલા રોડ પર તેમનું મોટરસાઈકલ લઈને જતા હતા ત્યારે પુલ પર તેમનું મોટરસાઈકલ સ્લીપ થઈ જતા દીપેશભાઈને ગંભીર ઈજા સાથે સારવાર અર્થે પ્રથમ હનુમંત હોસ્પિટલ મહુવા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે તેમને તપાસી મરણ પામેલ જાહેર કરેલ છે. અકસ્માતની આ ઘટના અંગે હોસ્પિટલ પોલીસે કેસ કાગળ તૈયાર કરી વધુ તપાસ અર્થે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ છે.